દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 108 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 May 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૮ મે ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બંગાળ વિધાનસભાનું વિસર્જનઃ મમતા હવે સીએમ નહીં

**રાજીનામું તો નહીં જ આપું એવું રટણ વારંવાર મમતા કરી રહ્યાં હતાં પણ હવે એની જરૂર નહીં રહેઃ નવી સરકારનો માર્ગ મોકળો**

કોલકાતાઃ તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) સરકારની મુદત પૂરી થઈ ગઈ હોવાનું કારણ ટાંકીને ગવર્નર આર. એન. રવીએ સાતમી મેએ પશ્ચિમ બંગાળ વિધાનસભાનું વિસર્જન કર્યું હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું હતું.

બંધારણીય સત્તાનો ઉપયોગ કરી ગવર્નરે આ નિર્ણય લીધો હતો. બંધારણની કલમ ૧૭૪ (૨) (બી)ની જોગવાઈ અનુસાર આ આદેશ અમલી બન્યો હતો.

વિધાનસભાની ચૂંટણીમાં નાલાશીજનક પરાજય મળ્યા બાદ મમતા બેનરજીએ હોદ્દા પરથી રાજીનામું આપવાનું નકારી કાઢ્યું હતું.

બુધવારે બંધબારણે યોજાયેલી બેઠકમાં મમતાએ ભારપૂર્વક કહ્યું હતું કે એ લોકો ઈચ્છતા હોય તો રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાદે, પરંતુ હું રાજીનામું નહીં આપું.

મમતાએ કહ્યું હતું કે જનાદેશને કારણે નહીં, પરંતુ કાવતરાંને કારણે પક્ષનો પરાજય થયો હતો.

જોકે ગવર્નરના આ પગલાં સાથે જ ટીએમસીનાં વડાં અને મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ રાજીનામું આપવાનું નકારી કાઢ્યું હોવા છતાં હવે તેઓ રાજ્યના મુખ્ય પ્રધાન નથી રહ્યાં. સંસદીય બાબતોના વિભાગ દ્વારા આ અંગેનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું.

લોકભવન દ્વારા બહાર સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર ટીએમસી સત્તા પર હતી તે વિધાનસભાની મુદત સાતમી મેએ પૂરી થતાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મમતા બેનરજીની આગેવાનીમાં ટીએમસી સતત ત્રીજી મુદત માટે સત્તામાં આવ્યા બાદ મે ૨૦૨૧માં વર્તમાન વિધાનસભાની રચના કરવામાં આવી હતી. તાજેતરમાં જ પૂરી થયેલી બે તબક્કાની રાજ્ય રાજ્ય વિધાનસભાની ચૂંટણી બાદ વિદાય રહેલી સરકારની મુદત પૂરી થતાં જ વિધાનસભા ભંગ કરવાનો ઔપચારિક નિર્ણય લેવામાં આવ્યો હતો.

ચૂંટણી પંચે સોમવારે જાહેરાત કરી હતી કે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૨૦૭ બેઠક પર વિજયી બની બહુમતી મેળવી હતી. ભાજપનો આ વિજય ટીએમસી માટે મોટી પીછેહઠ બન્યો હતો અને ટીએમસી માત્ર ૮૦ બેઠક જ મેળવી શકી હતી.

(એજન્સી) ■

## દસમાનું પરિણામ આજે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર એસએસસી બોર્ડનું ધોરણ ૧૦નું પરિણામ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શુક્રવારે આઠમી મે, બપોરે ૧ વાગ્યે એસએસસી એટલે કે ધોરણ ૧૦નું ૨૦૨૬નું પરિણામ જાહેર કરશે. જાહેરાત થયા પછી, વિદ્યાર્થીઓ mahahsscboard.in પર સત્તાવાર વેબસાઇટ્સ દ્વારા તેમના પરિણામો ચકાસી અને ડાઉનલોડ કરી શકશે.

છેલ્લા અનેક વર્ષોમાં પહેલી વખત આટલું વહેલું એસએસસીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

મહારાષ્ટ્ર SSCનું પરિણામ ૨૦૨૬ જોવા માટે, વિદ્યાર્થીઓએ તેમના માતાના પહેલાના નામ સાથે તેમનો રોલ નંબર અથવા સીટ નંબર દાખલ કરવો પડશે.

સત્તાવાર વેબસાઇટ્સ ઉપરાંત, વિદ્યાર્થીઓ ડિજિટલોકર અને SMS સેવાઓ દ્વારા તેમની ડિજિટલ માર્કશીટ પણ ઍક્સેસ કરી શકશે. ■



## મારી સાથે હતો એટલે જ એનો જીવ લેવાયોઃ શુભેન્દુ અધિકારી

**ભાજપી નેતાના અંગત સહાયક ચંદ્રનાથ રથની હત્યાની તપાસ એસઆઈટીને સોંપાઈ**

કોલકાતાઃ મારા અંગત સહાયક ચંદ્રનાથ રથની હત્યા પૂર્વનિયોજિત હોવાનો આક્ષેપ ભાજપના નેતા સુભેન્દુ અધિકારીએ ગુરુવારે કર્યો હતો. ઉત્તર ૨૪ પરગણાના મધ્યમગ્રામ ખાતે બુધવારે રાત્રે ચંદ્રનાથની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ચંદ્રનાથ મારી સાથે રાજકીય રીતે સંકળાયેલો હોવાને કારણે તેની હત્યા કરવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું. ભારતીય હવાઈદળનો ભૂતપૂર્વ સર્વિસમેન ચંદ્રનાથ ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે રહીને કામ કરતો હતો અને એ જ તેનો વાંક હોવાથી તેને નિશાન બનાવવામાં આવ્યો હોવાનો તેમણે દાવો કર્યો હતો.

આપણે ભલે ગમે તે રીતે આ હત્યાને વખોડી કાઢીએ, પરંતુ તે પૂરતું નથી, એમ તેમણે કહ્યું હતું.

ચંદ્રનાથ મારો સહાયક હતો અને મેં ભવાનીપુરમાં મમતા બેનરજીને હરાવી હોવાને કારણે તેની હત્યા કરવામાં આવી હતી. હત્યાનું આ જ કારણ હોઈ શકે, એમ તેમણે કહ્યું હતું.

હું ચંદ્રનાથના પરિવારની સાથે જ છું અને પરિવારના લોકોની માગણી છે કે દોષીઓને સજા થાય. પૉસ્ટમોર્ટમના રિપોર્ટ મુજબ આ હત્યા પૂર્વનિયોજિત હતી અને ચંદ્રનાથ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ચંદ્રનાથ મૃત્યુ પામે તેની ખાતરી કરવા તેનાં પર પાંચ ગોળી છોડવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું.

હત્યા માટે વપરાયેલી મોટરબાઈક ઘટનાસ્થળથી ચાર કિ.મીના અંતરેથી કબજે કરવામાં આવી હોવાનું

(જુઓ પાનું ૨) ▸▸

**પાયધુનીમાં પરિવારના ચારનાં મૃત્યુનો કેસ**

## મોતનું કારણ કલિંગર



**પરિવારના સભ્યોના વિસેરા અને કલિંગરના નમૂનામાં ઉંદર મારવાનું ઝેર ઝિંક ફોસ્ફાઇડ મળ્યું**

મુંબઈઃ દક્ષિણ મુંબઈના પાયધુની વિસ્તારમાં ખોરાકી ઝેરની અસરથી એક જ પરિવારના ચાર સભ્યના થયેલા મૃત્યુને મામલે ચોંકાવનારી માહિતી સામે આવી છે. ચારેયનાં મૃત્યુ ઉંદર મારવાના ઝેરથી થયા હોવાની ખાતરી ફોરેન્સિકના રિપોર્ટમાં થઇ છે, જેને પગલે હત્યા અને આત્મહત્યાની થિયરીને વેગ મળ્યો છે.

ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ના રિપોર્ટમાં એ વસ્તુને સમર્થન મળ્યું હતું કે ડોકાડિયા પરિવારના ચારેય સભ્યના વિસેરામાં (લીવર, કિડની, સ્પ્લીન), આંતરડામાં અને પેટની ચરબીના નમૂનામાં ઝિંક ફોસ્ફાઇડ હતું, એમ ઝોન-૧ના ડેપ્યુટી પોલીસ કમિશનર પ્રવીણ મુંઢેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## ઈસ્લામિક સ્ટેટ જૂથની મહિલાઓ-બાળકોને લઈને વિમાન ઓસ્ટ્રેલિયામાં

મેલબોર્નઃ સિરીયાની રણમાંની શિબિરોમાં વર્ષોથી રહેતી ઇસ્લામિક સ્ટેટ(આઇએસ) જૂથ સાથે કથિત સંબંધ ધરાવતી ઓસ્ટ્રેલિયન મહિલાઓ અને બાળકોને લઇને વિમાન ગુરુવારે ઓસ્ટ્રેલિયા પહોંચ્યા હતા.

અહેવાલો અનુસાર ત્રણ ઓસ્ટ્રેલિયન મહિલાઓ અને આઠ બાળકોને લઇને એક વિમાન મેલબર્ન પહોંચ્યું હતું. જ્યારે એક મહિલા અને તેના પુત્રને લઇને બીજું વિમાન થોડા સમય પછી સિડની પહોંચ્યું હતું. ઓસ્ટ્રેલિયાની સરકારે બુધવારે જાહેરાત કરી હતી કે સીરિયાની રણ શિબિરમાં વર્ષોથી રહેતા ૧૩ લોકો ઓસ્ટ્રેલિયા પરત ફરવાના છે.

પોલીસે જણાવ્યું કે આ મહિલાઓ પર ઇસ્લામિક સ્ટેટ જૂથના કહેવાતા ખિલાફત શાસન દરમિયાન સિરીયા અને ઇરાકમાં વિતાવેલા સમયને લઇને ફોજદારી આરોપો મૂકવામાં આવી શકે છે. કતર એરવેઝની બંને ફ્લાઇટ્સ દોહાથી કેટલીક મિનિટોના અંતરે ઓસ્ટ્રેલિયાના બે સૌથી મોટા શહેરો માટે રવાના થઇ હતી. મેલબોર્નમાં પહેલા ઉતરનારી ફ્લાઇટ ક્યૂઆર૯૦૪ હતી અને ત્યારબાદ ફ્લાઇટ ક્યૂઆર૯૦૮ સિડનીમાં ઉતરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયન સરકારે સિરીયા જઇને ઇસ્લામિક સ્ટેટના આતંકવાદીઓને ટેકો આપવા બદલ આ મહિલાઓની નિંદા કરી હતી. તેમજ તેને પરત લાવવા માટે મદદ કરવાનો ઇનકાર કરી દીધો હતો.

પોલીસ એક દાયકા કરતાં વધુ સમયથી સીરિયામાં આતંકવાદ સંબંધિત અપરાધો અને માનવતા વિરુદ્ધના અપરાધ જેવા અત્યાચારોમાં ઓસ્ટ્રેલિયન નાગરિકોની કેટલી ભૂમિકા રહી છે તેની તપાસ કરી રહી છે. ■

## સરકાર રચવા પૂરતું સંખ્યાબળ નથીઃ વિજયને ફરી રાજ્યપાલે જણાવ્યું

**આ સાથે તમિળનાડુમાં સોદાબાજીની બજાર જોરમાંઃ અન્ના દ્રમુકમાં ભંગાણની શક્યતા, અનેક વિધાનસભ્યોને એક સાથે રિસોર્ટમાં રખાયા**

ચેન્નઇ : તમિળગા વેટ્રી કળગમ (ટીવીકે)ના સ્થાપક વિજય ગુરુવારે ૨૪ કલાકમાં બીજી વખત તમિળનાડુના રાજ્યપાલને મળવા માટે લોકભવન ગયા હતા. તેઓ રાજ્યપાલને મળીને કોંગ્રેસ પાર્ટીના સમર્થનથી સરકાર બનાવવા માટે આમંત્રણ આપવાની વિનંતી કરવા ગયા હતા. બીજી તરફ ભાજપે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર આ બાબતે નિયમોનું પાલન કરશે. તમિળનાડુ લોકભવને ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે ટીવીકેના વડા વિજયને સમજાવ્યું હતું કે તેમની પાર્ટી પાસે સરકાર બનાવવા માટે જરૂરી સમર્થન નથી. લોકભવને જણાવ્યું હતું કે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે ગુરુવારે ટીવીકેના પ્રમુખ સી. જોસેફ વિજયને

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાની શાંતિ દરખાસ્ત પર વિચારણા કરી રહ્યું છે ઈરાન

દુબઇઃ હોર્મુઝની ખાડીને આંતરરાષ્ટ્રીય શિપિંગ માટે ઉઘાડવા સહિતના મામલે સમજૂતી નહીં સધાય તો ફરી ઇરાન પર મોટા પાયે બોમ્બમારો કરવાની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ધમકી પછી ઇરાને કહ્યું હતું કે, યુદ્ધનો અંત લાવવા માટેની અમેરિકાની દરખાસ્ત પર વિચારણા ચાલી રહી છે.

ઇરાને જણાવ્યું હતું કે સંઘર્ષને સમાપ્ત કરવા માટે વોશિંગ્ટને પ્રસ્તાવિત કરેલા ૧૪-મુદ્દાના પ્રસ્તાવ પર તેની નેતાગીરી વિચારણા કરી રહી છે.

૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકાએ ઇરાન પર હુમલો શરૂ કર્યો ત્યાર બાદથી જ ઇરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર નાકાબંધી કરી હતી, જેના કારણે દુનિયાભરમાં ઇંધણનો પુરવઠો ખોરવાઈ ગયો ગયો હતો. અમેરિકાની ચેતવણી છતાં ઇરાને નાકાબંધી હટાવી ન હતી, ત્યાર બાદ યુએસ નેવીએ પણ નાકાબંધી કરી ઇરાનનાં જહાજોને રોકી દીધાં હતાં. હવે બંને દેશો નાકાબંધી હળવી કરવા અને હોર્મુઝ સ્ટ્રેટને ધીમે ધીમે ફરીથી ખોલવા તૈયાર થયા છે. ■

## નીતીશ-પુત્ર નિશાંત સહિત ૩૨ પ્રધાન બિહારની કેબિનેટમાં

પટણાઃ બિહારમાં ભાજપના વડપણ હેઠળની પ્રથમ સરકારના પ્રધાનમંડળના વિસ્તરણના ભાગરૂપ જનતા દળ (યુ)ના સુપ્રીમો નીતીશકુમારના પુત્ર નિશાંત અને અન્ય ૩૧ જણે ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની ઉપસ્થિતિમાં શપથગ્રહણ કર્યા હતા.

રાજ્યમાં પાંચ ઘટક પક્ષના બનેલા એનડીએના તમામ મતદારક્ષેત્રમાંથી કુલ ૩૨ નેતાઓને ગવર્નર લે. જન. (નિવૃત્ત) સૈયદ અટા હુસૈને શપથગ્રહણ કરાવ્યા હતા.

આ શપથગ્રહણ સમારોહમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહ, કેન્દ્રના આરોગ્ય ખાતાના પ્રધાન જે.પી. નડ્ડા ને ભાજપના પ્રમુખ નીતિન નબિને પણ હાજરી આપી હતી.

પ્રધાન તરીકે શપથગ્રહણ કરનાર મહત્ત્વના નેતાઓમાં ગયા મહિને

(જુઓ પાનું ૨) ▸▸

## હાર પછી ટીએમસીમાં ભંગાણ? મમતાની બેઠકમાંથી દસ નવા વિધાનસભ્ય ગાયબ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬માં ભાજપ સામે મળેલી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો હોય તેમ જણાય છે. પક્ષનાં વડા મમતા બેનરજી દ્વારા બોલાવવામાં આવેલી મહત્ત્વની વ્યૂહરચના બેઠકમાં અંદાજે નવથી દસ નવનિર્વાચિત ધારાસભ્યો ગેરહાજર રહેતા પક્ષમાં મોટા ભંગાણની અટકળો તેજ બની છે. એકબાજુ મમતાને મોટી હારનો સામનો કરવો પડ્યો છે અને તેવામાં હવે દસ ધારાસભ્યો ગાયબ થઈ જતા મામલો વધારે ચર્ચાસ્પદ બન્યો છે. સંકેતો એવા છે કે, હવે ટીએમસીમાં ભંગાણ થઈ રહ્યું છે.

મીડિયા અહેવાલ પ્રમાણે, મમતા બેનરજીના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં પક્ષના ૮૦માંથી માત્ર ૭૦ ધારાસભ્યો જ હાજર રહ્યા હતા. આ બેઠક ભવિષ્યની રણનીતિ અને વિપક્ષના નેતાની પસંદગી માટે બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં જે સભ્યો ગેરહાજર રહ્યા તેનો જવાબ આપતા ટીએમસીએ મામલો કંટ્રોલમાં હોવાનો દાવો કર્યો છે. ટીએમસીએ સ્પષ્ટતા કરી છે કે ગેરહાજર રહેલા ધારાસભ્યોએ અગાઉથી જાણ કરી હતી અથવા તેમને અન્ય કામગીરી માટે સૂચના આપવામાં આવી હતી.

હારના ૪૮ કલાકમાં જ પક્ષના વરિષ્ઠ નેતાઓએ જાહેરમાં બળાપો કાઢવાનું શરૂ કર્યું છે, જે ટીએમસી માટે માથા સમાચાર સાબિત થઈ શકે છે. આ મામલે મનોજ તિવારીએ અરૂપ વિશ્વાસ પર આકરા પ્રહારો કરતા સરકારને 'ભ્રષ્ટ' ગણાવી હતી.

તેમણે આરોપ લગાવ્યો કે તેમના રમતગમતના પ્રોજેક્ટ્સને જાણીજોઈને અટકાવવામાં આવ્યા હતા.

આ સાથે પ્રવક્તા રિજુ દત્તે સોશ્યલ મીડિયા પર દાવો કર્યો કે જ્યારે તેમના પરિવાર પર હુમલો થયો ત્યારે પક્ષના નેતાઓએ ફોન ઉપાડ્યા નહોતા અને તેમને ભાજપના નેતાઓએ મદદ કરી હતી. એટલે કે ટીએમસીના નેતાઓ ખુદ અત્યારે પાર્ટીથી કંટાળી ગયા છે અને પાર્ટી સાથ નથી આપતી તેવા આરોપ પણ લગાવ્યાં છે. બની શકે કે, આ કારણે જ ટીએમસીની બંગાળમાં હાર થઈ હોય!

મહત્ત્વની વાત છે કે, મમતાના ભત્રિજા અભિષેક બેનરજી પર નિશાન સાધવામાં આવી રહ્યું છે. કૃષ્ણેન્દુ નારાયણ ચૌધરી અને અતિન ઘોષ જેવા નેતાઓએ હાર માટે અભિષેકની કાર્યશૈલીને જવાબદાર ગણાવી છે. સ્વાભાવિક છે કે, ચૂંટણી પ્રચાર દરમિયાન મતદારોને વોટ આપવા માટે ધમકીઓ પણ આપવામાં આવી તેના વીડિયો વાયરલ થયાં હતા. ■

## મોદીના ડીપીમાં 'ઓપરેશન સિંદૂર'

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે એક વર્ષ પહેલા આજથી શરૂ થયેલા ઓપરેશન સિંદૂરના પ્રથમ વર્ષ નિમિત્તે તેમના સોશ્યલ મીડિયા હેન્ડલ્સ પરના ડિસ્પ્લે પિક્ચર્સ બદલ્યા હતા, અને સશસ્ત્ર દળો અને તેમની સફળતા પ્રત્યે આદર દર્શાવવા માટે દરેકને આવું કરવા કહ્યું હતું.

એક્સ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પરના તેમના હેન્ડલ્સ પર મોદીના પ્રોફાઇલ પિક્ચરને કાળા બેકગ્રાઉન્ડ પર 'ઓપરેશન સિંદૂર' લખાણવાળી છબીમાં બદલી દેવામાં આવ્યું છે. આ તસવીરમાં ત્રિરંગો છે, જેમાં 'સિંદૂર'ના ઓમાંથી એક સિંદૂરથી ભરેલું છે - જે પરિણીત હિન્દુ મહિલાઓનું પ્રતીક છે.

એક્સ પરની એક પોસ્ટમાં, એમણે કહ્યું હતું કે, એક વર્ષ પહેલા ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારતીય સશસ્ત્ર દળોએ તેમની બહાદુરીનું પ્રદર્શન કર્યું હતું અને આપણા લોકો

(જુઓ પાનું ૨) ▸▸

## સરહદ પર આતંકવાદીઓનાં આશ્રયસ્થાન સુરક્ષિત નથીઃ ભારતની પાકને ચેતવણી

જયપુરઃ ઑપરેશન સિંદૂરની વરસી નિમિત્તે ભારતીય સેનાએ પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપતાં ગુરુવારે કહ્યું હતું કે સરહદી વિસ્તાર આવેલું આતંકવાદીઓનું કોઈ પણ આશ્રયસ્થાન સુરક્ષિત નથી.

પહલગામ આતંકવાદી હુમલા બાદ અમલી બનેલા નવા નિયમ અંતર્ગત ભારત આતંકવાદીઓના આશ્રયસ્થાનનો નાશ કરવાનું સતત ચાલુ રાખશે.

પાંચ દાયકાના સમયગાળાનું ભારતનું સૌથી મહત્ત્વનાં લેખાતાં ઑપરેશન સિંદૂરની આગેવાની લેનાર ડિરેક્ટર જનરલ ઑફ મીલિટરી ઑપરેશન્સ ઑફ ધ ઈન્ડિયન આર્મી લે. જનરલ ઘાઈએ આ મિશનને ભારતીય સેનાની ત્રણે પાંખની વ્યૂહાત્મક સફળતા લેખાવી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે આતંકવાદીઓ વિરુદ્ધની કાર્યવાહી બંધ કરી દેવામાં નથી આવી.

ઑપરેશન સિંદૂરમાં ઘાઈએ ભારતીય હવાઈ દળ અને નૌકાદળ સાથે મળીને ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. સરહદી

(જુઓ પાનું ૨) ▸▸

## સંજય કપૂરની 30,000 કરોડની સંપત્તિનો મામલો ભૂતપૂર્વ ચીફ જસ્ટિસને સોંપાયો

**સાસુ-વહુ વચ્ચેના ઝઘડામાં મધ્યસ્થી કરશે ડી. વાય. ચંદ્રચૂડ : સુપ્રીમ કોર્ટનો નિર્ણય**

નવી દિલ્હીઃ કરિશ્મા કપૂરના ભૂતપૂર્વ પતિ અને ઉદ્યોગપતિ સંજય કપૂરના મૃત્યુના લગભગ એક વર્ષ પછી તેમની પત્ની પ્રિયા સચદેવ કપૂર અને માતા રાની કપૂર વચ્ચે ચાલી રહેલા આરકે ફેમિલી ટ્રસ્ટ વિવાદને પરસ્પર સહમતિથી ઉકેલવા માટે તૈયાર થઈ ગયા છે. ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડને ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિના આ હાઇ-પ્રોફાઇલ કૌટુંબિક વિવાદને ઉકેલવા માટે બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવવાની જવાબદારી સોંપવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે ગુરુવારે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ

(જુઓ પાનું ૨) ▸▸

## યુપીમાં યમુના નદીમાં હોડી પલટી, ચાર બાળક સહ પાંચ ડૂબ્યાં

હમીરપુરઃ ઉત્તર પ્રદેશના હમીરપુરમાં યમુના નદીમાં હોડી પલટી જતાં મોટી દુર્ઘટના બની હતી. જેમાં ચાર બાળકો સહિત પાંચ લોકોના ડૂબી જવાથી મોત નીપજ્યા હતાં. જ્યારે હજુ પણ એક ગુમ હોવાના અહેવાલ છે. આ જાણકારી પોલીસે ગુરુવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના બુધવારે સાંજે કુરારા પોલીસ સ્ટેશન વિસ્તારના ભૌલી ગ્રામ પંચાયત હેઠળના કુતુબપુર પટિયા ગામમાં બની હતી. આ ઘટના સમયે હોડીમાં નાવિક સહિત સવાર દસ લોકો નદીના એક ટાપુ પરથી પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે નદીની મધ્યમાં હોડીએ સંતુલન ગુમાવ્યું હતું અને સાંજે ૭ વાગ્યાની આસપાસ હોડી પલટી ગઇ હતી. હોડીનો નાવિક વિષ્ણુ, રિંકુ અને પારૂલ- ત્રણ લોકોને બચાવવામાં સફળ રહ્યો હતો. જ્યારે પાંચ બાળકો અને એક મહિલા સહિત બાકીના છ લોકો ગુમ થયા હતા. જેમની ઓળખ આકાંક્ષા (૯), રાની (૯), બ્રિજરાની (૨૫), લાભ્યાંશ (૫), મહેશ (૬) અને આદિત્ય(૧૧) તરીકે થઇ છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નિશાંતની રાજકારણમાં એન્ટ્રીઃ જેડીયુનો વંશવાદ ચાલે ?

**બિહારમાં** આખરે ભાજપના સમ્રાટ ચૌધરી મંત્રીમંડળનું વિસ્તરણ થઈ ગયું અને તેમાં ઊડીને આંખે વળગે એવી વાત નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમારની કેબિનેટ મિનિસ્ટર તરીકે શપથવિધિ છે. સમ્રાટ ચૌધરી મુખ્યમંત્રી બન્યા તેના ૨૨ દિવસ પછી થયેલા કેબિનેટના વિસ્તરણમાં નિશાંત કુમાર સહિત ૩૨ મંત્રીઓએ શપથ લીધા તેમાં ભાજપના ૧૫ જ્યારે જેડીયુના ૧૩ મંત્રી છે. આ સિવાય ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના ૨, જીતનરામ માંઝીની હિંદુસ્તાન અવામ મોરચા (HAM) અને ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોક મોરચા (RLM) ના એક-એક મંત્રી છે.

સમ્રાટ ચૌધરીની સાથે જેડીયુના વિજય કુમાર ચૌધરી અને વિજેન્દ્ર યાદવની પણ નાયબ મુખ્યમંત્રીપદે તાજપોશી થઈ હતી એ જોતાં હવે સમ્રાટ ચૌધરીને ના ગણીએ તો મંત્રીમંડળમાં ભાજપ અને જેડીયુ બંનેના ૧૫-૧૫ મંત્રી છે. મુખ્યમંત્રી ભાજપના છે તેથી ભાજપનો હાથ ઉપર છે તેથી ભાજપ અને જેડીયુ બરોબરિયાં તો ના કહેવાય પણ વિધાનસભામાં ભાજપની તાકાત વધારે છે એ જોતાં ભાજપ અને જેડીયુને ધારાસભ્યોની તાકાત પ્રમાણે સરખું મહત્ત્વ મળ્યું છે એવું કહી શકાય. માંઝી પાસે ૫ ધારાસભ્યો છે જ્યારે કુશવાહા પાસે ૪ ધારાસભ્યો છે એ જોતાં તેમને એક-એક મંત્રીપદ મળ્યું એ બરાબર છે પણ ચિરાગ પાસવાન પાસે ૧૯ ધારાસભ્યો હોવા છતાં તેમને બે મંત્રીપદ જ અપાયાં છે એ સૂચક છે. જેડીયુ પાસેથી એક મંત્રીપદ લઈને પાસવાનની પાર્ટીને આપી શકાયું હોત પણ એવું કરવાના બદલે જેડીયુને ભાજપ જેટલાં જ મંત્રીપદ અપાયાં તેના પરથી સ્પષ્ટ છે કે, ભાજપ નીતીશ કુમારને સાચવવા માગે છે ને કોઈ રીતે નારાજ કરવા માગતો નથી. પાસવાન નારાજ થઈ જાય તો ચાલશે પણ નીતીશ રિસામણે ના જવા જોઈએ.

નીતીશને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે માન-પાન આપ્યાં તેના પરથી પણ ભાજપ નીતીશ સાથે સારાસારી રાખવા માગે છે એ સ્પષ્ટ છે. સમ્રાટ ચૌધરીની તાજપોશી વખતે નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિતના ભાજપના ટોચના નેતાઓ પશ્ચિમ બંગાળ અને તમિળનાડુની વિધાનસભા ચૂંટણીના પ્રચારમાં વ્યસ્ત હોવાથી કોઈ પણ તામઝામ નહોતી કરાઈ. પટણાના લોક ભવનમાં સમ્રાટ ચૌધરીની સાથે જેડીયુના વિજય કુમાર ચૌધરી અને વિજેન્દ્ર યાદવે નાયબ મુખ્યમંત્રીપદના શપથ લઈને સરકાર રચવાની ઔપચારિકતા પતાવી હતી.

હવે પરિણામો આવી ગયાં છે અને ભાજપના નેતાઓ પાસે સમય જ સમય છે તેથી કેબિનેટના વિસ્તરણમાં વડા પ્રધાન મોદી પોતે હાજર રહ્યા. વડા પ્રધાનનો મોભો જોતાં કેબિનેટ વિસ્તરણ જેવી સાવ નાની ઘટનામાં એ હાજર રહે એ શોભાસ્પદ ના કહેવાય છતાં મોદી હાજર રહ્યા કે જેથી આ સરકારને ભાજપ ગંભીરતાથી લે છે એવો મેસેજ જાય. રાજનાથ સિંહ, અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીન પણ હાજર રહ્યા. નીતીશ કુમાર અત્યારે કોઈ હોદ્દા પર નથી અને સામાન્ય સાંસદ છે છતાં તેમને સ્ટેજ પર હાજર રાખીને મહત્ત્વ અપાયું. શપથવિધિના કાર્યક્રમ પછી મોદીએ નીતીશ કુમારને પોતાની પાસે બોલાવીને સ્ટેજ પર તેમની સાથે હાથ પણ મિલાવ્યા. નીતીશે પોતે આશા નહીં રાખી હોય એટલાં માન-પાન મોદીએ તેમને આપી દીધાં.

ભાજપ નીતીશને સાચવી રહ્યો છે તેનાં કારણ સ્પષ્ટ છે. બિહારમાં અત્યારે સરકારને ટકાવવા માટે તો ભાજપને જેડીયુના ટેકાની જરૂર છે જ પણ ભવિષ્યની ચૂંટણીઓ માટે પણ નીતીશની જરૂર છે. એક સમયે સવર્ણોની પાર્ટી મનાતી ભાજપે ગિયર બદલીને હવે અન્ય પછાત વર્ગ (ઓબીસી) મતદારોને રીઝવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ભાજપ એકમ સિસ્ટેમેટિકલી એ દિશામાં આગળ વધી રહ્યો છે પણ ઓબીસી મતબેંક સંપૂર્ણપણે ભાજપની તરફેણમાં નથી. બીજાં રાજ્યોમાં ઓબીસી મતદારોનો ઝુકાવ ભાજપ તરફ વધ્યો છે પણ બિહાર અને ઉત્તર પ્રદેશમાં હજુ ઓબીસી મતદારો સંપૂર્ણપણે ભાજપ ભણી ઢળ્યા નથી. ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી અને બિહારમાં નીતીશ કુમારની જેડીયુ હજુય ઓબીસી મતદારોની ફેવરિટ છે.

ભવિષ્યમાં ભાજપ આ બંને પાર્ટીના મતદારોને પોતાની તરફ વાળી જ લેશે કેમ કે ભાજપ ચોક્કસ વ્યૂહરચના સાથે કામ કરનારી પાર્ટી છે. યુપીમાં ભાજપે ઓમપ્રકાશ રાજભથી માંડીને અનુપ્રિયા પટેલ સુધીનાં ઓબીસી મતદારો પર પ્રભાવ ધરાવતાં નેતાઓને સાચવીને અખિલેશ યાદવને પૂરેપૂરા હાવી થતા રોક્યા છે ને એ જ ફોર્મ્યુલા બિહારમાં પણ અજમાવી છે. બિહારમાં ઓબીસીની સાથે સાથે દલિત મતદારો પણ મહત્ત્વના છે તેથી નીતીશ અને કુશવાહાની સાથે સાથે ભાજપ ચિરાગ પાસવાન. જીતનરામ માંઝીને પણ સાચવી રહ્યો છે.

બિહારમાં ભાજપની છાપ હજુય સવર્ણોના પક્ષની છે કેમ કે તેના મોટા ભાગના ટોચના નેતા સવર્ણ છે. આ છાપ બદલવા માટે ભાજપે ઓબીસી સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી બનાવ્યા છે પણ તેના કારણે આખેઆખી ઓબીસી મતબેંક ભાજપના ખોળામાં આવીને પડવાની નથી તેથી નીતીશને હમણાં ભાજપ તરછોડી શકે તેમ નથી. નીતીશ મહાપલટુરામ છે તેથી જરાક દુભાય તો પાછા લાલુ પ્રસાદ યાદવ સાથેની જૂની દોસ્તી તાજી કરીને તેમના પડખામાં પણ ભરાઈ જાય. ભાજપને એ પરવડે તેમ નથી તેથી પણ ભાજપ નીતીશને સાચવ્યા જ કરશે.

હવે વાત નિશાંત કુમારની પણ કરી લઈએ. ભાજપે નિશાંત કુમારને કેબિનેટ મંત્રી બનાવીને ફરી એક વાર તેના ચાવવાના અને બતાવવાના જુદા જુદા હોવાનું સાબિત કર્યું છે. ભાજપ વંશવાદનો વિરોધ કરે છે ને પ્રહારો કરે છે પણ આ વંશવાદ કૉંગ્રેસ અને બીજા વિપક્ષોનો હોય તો જ તેને તકલીફ છે, પોતાનો કે પોતાના સાથી પક્ષોના નેતાઓનો હોય તો તેને વાંધો નથી. નિશાંત કુમારને રાજકારણ સાથે કંઈ લેવાદેવા નથી ને નીતીશના પુત્ર ના હોય તો તેનો કોઈ ભાવ પણ ના પૂછે. ભાજપ પોતે પણ ભાવ ના પૂછે પણ નીતીશનો દીકરો છે એટલે સીધો કેબિનેટ મંત્રી બની ગયો. ભાજપ પાસે નિશાંત કરતાં બહેતર સેંકડો નેતા હશે પણ ભાજપ તેમાંથી કોઈને તક આપે છે ?

નિશાંત શિક્ષિત છે અને કોઈ પણ વિવાદમાં પડ્યો નથી. રાજકારણીઓનાં સંતાનોનાં છાકટાપણાં આપણે જોયાં છે ને બીજી નીચ હરકતો પણ આપણે જોઈ છે. નીતિશ ૨૦ વર્ષથી બિહારમાં મુખ્યમંત્રી છે પણ નિશાંતે કદી કોઈ આછકલાઈ બતાવી નથી કે કોઈ કાંડ કર્યા નથી એ જોતાં તેના જેવા યુવાનો રાજકારણમાં આવે એ સારી ઘટના કહેવાય પણ સારા અને લાયકાત ધરાવતા લોકોને પણ બાપના જોરે જ તક મળે એ કમનસીબી કહેવાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર ગ્રીષ્મ ઋતુ, શુક્રવાર, તા. ૮-૫-૨૦૨૬, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૮, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ વદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર,સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૧-૧૯ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૬-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૧ (તા. ૯)
- ઓટઃ સવારે ક. ૦૯-૦૧, રાત્રે ક. ૨૨-૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - ષષ્ઠી. ભદ્રા પ્રારંભ બપોરે ક. ૧૨.૧૨
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત, વાસ્તુ કળશ, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા. સૂર્યદેવતાનું પૂજન, વિશેષરૂપે, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં. અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, મિત્રતા કરવી, દસ્તાવેજ, દુકાન, વેપાર, નોકરી, બી વાવવું, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃતિના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ. શુક્ર મૃગશીર્ષ નક્ષત્ર પ્રવેશ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન, માર્ગી બુધ-મેષ, માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, માર્ગી શનિ-મીન રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## ચીનના બે ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાનોને અપાઈ મોતની સજા, લાંચ લેવાનો આરોપ

બીજિંગઃ ચીનના બે ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાનો વેઈ ફેંગઈ અને લી શાંગફૂને ભ્રષ્ટાચારના આરોપમાં મોતની સજા આપવામાં આવી હતી જેમાં બે વર્ષની રાહત આપવામાં આવી છે. રાષ્ટ્રની સમાચાર એજન્સી શિન્હુઆના જણાવ્યા અનુસાર, ચીનની એક લશ્કરી અદાલતે તેમને અલગ અલગ સજા સંભળાવી હતી. વેઈને લાંચ લેવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જ્યારે લીને લાંચ સ્વીકારવા અને આપવા બંને ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. વેઈ અને તેમના અનુગામી લીને ૨૦૨૪માં શાસક કમ્યુનિસ્ટ પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) ના ટોચના અધિકારીઓ પર અભૂતપૂર્વ કાર્યવાહીમાં કરવામાં આવી હતી. લશ્કરી અદાલત દ્વારા તેમની સજા અલગ અલગ આપવામાં આવી હતી. વેઈ અને લી બંને પ્રમુખ શી જિનપિંગના નેતૃત્વ હેઠળના શક્તિશાળી સેન્ટ્રલ મિલિટરી કમિશન (સીએમસી) ના ભૂતપૂર્વ સભ્યો અને ચીનના શાસક પક્ષ કમ્યુનિસ્ટ પાર્ટીના એક ઉચ્ચ પદ પર હતા. શિન્હુઆ સમાચાર એજન્સીએ કોર્ટના ચુકાદાઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, ૭૨ વર્ષીય વેઈને લાંચ લેવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જ્યારે ૬૮ વર્ષીય લીને લાંચ સ્વીકારવા અને આપવા બંને ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ચીનમાં મોતની સજા સાથે આપવામાં આવેલી રાહત સામાન્ય રીતે મૃત્યુદંડને આજીવન કેદમાં ફેરવવામાં આવે છે. વેઈ અને લી બંનેએ શક્તિશાળી રૉકેટ ફોર્સનું નેતૃત્વ કર્યું હતું. આ દળની સ્થાપના ૨૦૧૫માં શી જિનપિંગના સૈન્ય સુધારા હેઠળ કરવામાં આવી હતી. ■

## લશ્કરની બહાદુરીને સલામઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે કહ્યું કે ઓપરેશન સિંદૂર ભારતનું એક મહાકાલિન મિશન છે જે દેશના દુશ્મનોને હંમેશા સશસ્ત્ર દળોની અચૂક પ્રહાર શક્તિની યાદ અપાવશે. ઓપરેશનની પ્રથમ વર્ષગાંઠ પર એક્સ પર સંદેશમાં, તેમણે કહ્યું કે ઇતિહાસ તેને સશસ્ત્ર દળોની ચોક્કસ પ્રહાર શક્તિ, દેશની એજન્સીઓની ઝીણવટભરી ગુપ્ત માહિતી અને પહેલગામમાં નાગરિકો પર દુષ્ટ નજર નાખવાની હિંમત કરનાર સરહદ પારના આતંકવાદના દરેક સરનામાનો નાશ કરવા માટે એક થઈને ઊભરતા દૃઢ રાજકીય ઇચ્છાશક્તિના દિવસ તરીકે યાદ રાખશે. તેમણે કહ્યું હતું કે આ દિવસ આપણા દુશ્મનોને ભયાનક સંદેશ આપતો રહેશે કે તેઓ ગમે ત્યાં છુપાય, તેઓ છટકી શકશે નહીં. તેઓ હંમેશા આપણી નજરમાં હોય છે. આ દિવસે, હું આપણા દળોની અપ્રતિમ બહાદુરીને સલામ કરું છું. ■

## પંજાબ સીએમના ઓએસડીના નજીકનાઓ પર જમીન કૌભાંડ મામલે ઈડીના દરોડા

ચંદીગઢઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ(ઇડી)એ કથિત જમીન કૌભાંડ કેસમાં મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે પંજાબ અને ચંડીગઢમાં ગુરૂવારે અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં સીએમઓમાં તહેનાત એક ઓએસડીના નજીકના સહયોગીના પરિસરનો પણ સમાવેશ થાય છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર મોહાલી અને ચંડીગઢમાં લગભગ એક ડઝન સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ સ્થળો સનટેક સિટી પ્રોજેક્ટ, અજય સેહગલ, એબીએસ ટાઉનશિપ, અલ્ટસ બિલ્ડર્સ, ધીર કન્સ્ટ્રક્શન્સ અને તેમના સહયોગીઓ સાથે જોડાયેલા છે. આ દરોડા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)ની જોગવાઇઓ હેઠળ હાથ ધરવામાં આવી રહ્યા છે.

ઇડીના અધિકારીઓએ જણાવ્યું કે એજન્સી નિતિન ગોહલ નામના એક વ્યક્તિની પણ શોધ કરી રહી છે. તેમના પર ગ્રેટર મોહાલી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી(જીએમએડીએ)ને ફી ચૂકવવામાં ડિફોલ્ટ કરનારા બિલ્ડરોને મદદ કરી હોવાનો અને તેમને રાજકીય રક્ષણ પૂરું પાડ્યું હોવાના આરોપ છે. ગોહલ એક આઇટી પ્રોફેશનલ છે અને તે પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માનના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી(ઓએસડી) રાજબીર ખુમાન સાથે જોડાયેલો હોવાનો અધિકારીઓએ દાવો કર્યો છે. ■

## તીસ્તા પ્રોજેક્ટ માટે ચીનની મદદ માગી બાંગ્લાદેશેઃ ભારત માટે મુસીબત

બૅઈજિંગઃ તારીક રહેમાનના વડપણ હેઠળની બંગ્લાદેશની નવી સરકારે તિસ્તા રિવર કૉમ્પ્રિહેન્સિવ મેનેજમેન્ટ ઍન્ટ રિસ્ટોરેશન પ્રોજેક્ટ (ટીઆરસીએમઆરપી) શરૂ કરવા માટે ચીનની મદદ માગી છે. બાંગ્લાદેશનું આ પગલું ભારત સાથેના સંબંધો પર અસર કરી શકે છે.

તિસ્તા નદી બંગ્લાદેશમાં પ્રવેશતા અગાઉ સિક્કિમ અને પશ્ચિમ બંગાળ થઈને પૂર્વ હિમાલય વિસ્તારમાં વહે છે. આ વિસ્તારના લાખો લોકો માટે આ નદી સિંચાઈ તેમ જ જીવનનિર્વાહ માટેનો મુખ્ય અને મહત્ત્વનો સ્રોત છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### મારી સાથે હતો

ડીજીપી રાજીવકુમારે કહ્યું હતું.

પશ્ચિમ બંગાળ પોલીસ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા શુભેન્દુ અધિકારીના પીએની સાથીની હત્યાના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે અને હુમલાખોરોને શોધવા માટે ઘણી ટીમો બનાવવામાં આવી છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. વિધાનસભા ચૂંટણીના પરિણામોના ૪૮ કલાકની અંદર આ ઘટના બની હતી. બુધવારે રાત્રે મધ્યમગ્રામમાં અધિકારીના નજીકના સાથી ચંદ્રનાથ રથની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે હત્યાની સોપારી આપવામાં આવી હતી કે શું?

પોલીસ અધિકારીઓએ કહ્યું હતું કે તપાસ ટીમ ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે અને હુમલાખોરોને શોધવા માટે ઘણી ટીમો બનાવવામાં આવી છે. પ્રાથમિક માહિતી અનુસાર, મોટરસાઇકલ પર સવાર હુમલાખોરોએ રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ ડોલતલા અને મધ્યમગ્રામ ચૌમાથા વચ્ચે દોહરિયા નજીક ચંદ્રનાથની કાર રોકી હતી અને ફાયરિંગ કરીને ભાગી ગયા હતા.

પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) સિદ્ધનાથ ગુપ્તા અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) ના મહાનિર્દેશક જ્ઞાનેન્દ્ર પ્રતાપ સિંહે રાત્રે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ''વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે. અમે અનેક પુરાવા પર કામ કરી રહ્યા છીએ.'' તેમણે જણાવ્યું હતું કે ઘટના બની ત્યારે ૪૨ વર્ષીય રથ કોલકાતાથી મધ્યમગ્રામ સ્થિત તેમના નિવાસસ્થાને પરત ફરી રહ્યા હતા. (એજન્સી) ■

### નીતીશ-પુત્ર

રાજ્યસભામાં પ્રવેશ મેળવવા બિહારના મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપનાર જેડી (યુ)ના વડા નીતીશકુમારના પુત્ર નિશાંતનો સમાવેશ થાય છે. ૨૪૩ સભ્યની બિહાર વિધાનસભામાં ૮૯ સભ્યો સાથે સૌથી મોટા પક્ષ ભાજપના ૧૫ પ્રધાને શપથગ્રહણ કર્યા હતા. પ્રધાનમંડળમાં સમાવિષ્ટ કરવામાં આવેલાઓમાંના મોટા ભાગના ગયા વરસે નવેમ્બરમાં નીતીશકુમારે રચેલા પ્રધાનમંડળના જ સભ્યો છે.(એજન્સી) ■

### સરહદ પર

વિસ્તારમાં આતંકવાદીઓનું કોઈ પણ આશ્રયસ્થાન સુરક્ષિત ન હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે અમે આતંકવાદીઓની તમામ પ્રવૃત્તિઓ પર પ્રહાર કરીશું અને તે માટેની પરિસ્થિતિ, સમય અને પદ્ધતિ અમે નક્કી કરીશું. ઑપરેશન સિંદૂર આતંકવાદીઓ સામેની લડતનો અંત નહીં પ્રારંભ હતો, એમ તેમણે કહ્યું હતું. ઘાઈ હાલ ડૅપ્યૂટી ચીફ ઑફ આર્મી સ્ટાફ (સ્ટ્રેટેજી) તરીકે ફરજ બજાવી રહ્યા છે. (એજન્સી) ■

### મોતનું કારણ

કલિંગરના નમૂનામાં પણ ઝિંક ફોસ્ફાઇડનાં તત્ત્વો મળ્યાં હતાં, પણ બાકીના એકેય ખાદ્યપદાર્થમાં ઝિંક ફોસ્ફાઇડ મળ્યું નહોતું. અમે ઊંડાણપૂર્વક રિપોર્ટનો અભ્યાસ કરીશું અને ફોરેન્સિક ડોક્ટરોની સલાહ લઈશું. આ કેસમાં વધુ તપાસ ચાલી રહી છે.

ઝિંક ફોસ્ફાઇડ મુખ્યત્વે ઉંદર અને છછુંદરને નિયંત્રણમાં લેવા માટેનું ઉચ્ચ ઝેરી તીવ્ર ઉંદરનાશક છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અત્યાર સુધી અમને આખા પરિવારે આવું અંતિમ પગલું શા માટે લીધું તેનું કોઇ મજબૂત કારણ મળી આવ્યું નથી. એ ઉપરાંત જે. જે. માર્ગ પોલીસ દ્વારા મૃતકોના સંબંધીઓ અને પડોશીઓના નિવેદન નોંધીને સઘન તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર ઇસ્માઇલ કુર્તે રોડ પર ઘારી મોહલ્લામાં રહેનારા ડોકાડિયા પરિવારે પચીસમી એપ્રિલે રાતે પારિવારિક સમારંભ યોજ્યો હોવાથી પાંચ મહેમાન પણ તેમના ઘરે હાજર હતા. તમામ લોકોએ બિરયાની ખાધી હતી અને મહેમાનો જતા રહ્યા બાદ મોડી રાતે એક વાગ્યાની આસપાસ ડોકાડિયા પરિવારે કલિંગર ખાધું હતું.

બીજે દિવસે વહેલી સવારે અબ્દુલ્લા ડોકાડિયા (૪૪), તેની પત્ની નસરીન (૩૫), બંને દીકરી આયેશા (૧૬) અને ઝૈનબ (૧૩)ને ઝાડા અને ઊલટી થવા લાગ્યા હતા. આથી તેમને ત્વરિત નજીકની હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં અને બાદમાં જે. જે. હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનાં મૃત્યુ થયાં હતાં.

દરમિયાન ફોરેન્સિક ટીમ ડોકાડિયા પરિવારના નિવાસસ્થાને આવી હતી અને પરિવારના છેલ્લા ભોજનમાં સમાવિષ્ટ દરેક વાનગીના નમૂના એકઠા કર્યા હતા, જેમાં બિરયાની, કલીંગડ અને અન્ય ખાદ્યપદાર્થનો સમાવેશ હતો. આ નમૂના ઉપરાંત ચારેયના વિસેરા બાદમાં કેમિકલ એનાલિસિસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલી અપાયા હતા.

બીજી તરફ આ મામલાની તપાસ કરી રહેલી જે. જે. માર્ગ પોલીસે ડોકાડિયા પરિવારના ઘરે આવેલા પાંચ મહેમાનનાં નિવેદન નોંધ્યાં હતાં, જેમાં તેમણે કહ્યું હતું કે તેમણે બિરયાની ખાધી હતી, પણ તેમને ઝાડા કે ઊલટી થયા નહોતા. (પીટીઆઇ) ■

### મોદીના ડીપીમાં

પર હુમલો કરનારાઓને કડક જવાબ આપ્યો હતો અને દરેક ભારતીયને દેશના સશસ્ત્ર દળો પર ગર્વ છે.

આપણા દળો અને ઓપરેશન સિંદૂર દરમિયાન તેમની સફળતાના સન્માન તરીકે, ચાલો આપણે બધા એક્સ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપ સહિત સોશિયલ મીડિયા પરના આપણા ડિસ્પ્લે પિક્ચર્સને નીચે શેર કરેલા પિક્ચરમાં બદલીએ, એવું તેમણે તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર અપલોડ કરેલી તસવીરનો ઉલ્લેખ કરતા કહ્યું હતું.

૭ થી ૧૦ મે, ૨૦૨૫ દરમિયાન પશ્ચિમ સરહદ પર બીએસએફ સાથે મળીને ત્રણે સંરક્ષણ દળો દ્વારા ઓપરેશન સિંદૂર હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાને કબજાવેલા કાશ્મીરમાં આતંકવાદી અને લશ્કરી સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતી.

આ ઓપરેશન બાવીસ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના બદલામાં હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં પચીસ પ્રવાસીઓ, બધા હિન્દુ પુરુષો અને એક ગાઈડ માર્યા ગયા હતા. ■

### સરકાર રચવા

લોકભવનમાં આમંત્રણ આપ્યું હતું. બુધવાર બાદથી બંન્ને વચ્ચે આ બીજી મુલાકાત હતી. જ્યારે વિજય લોકભવનમાં ગયા હતા ત્યારે અધિકારીઓ અથવા ટીવીકે તરફથી તાત્કાલિક કોઈ જાણકારી આપવામાં આવી નહોતી કે તેઓ આર્લેકરને મળ્યા હતા કે નહીં અને શું ટીવીકેના સ્થાપકને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું કે નહીં. એવું કહેવાય છે કે ટીવીકે અન્ના દ્રમુકના વિધાનસભ્યોના જૂથને તોડીને સરકાર રચવાની વેતરણમાં છે.

૨૪ કલાકની અંદર તેમની લોકભવનની બીજી મુલાકાતમાં ટીવીકેના વડા લગભગ ૪૦ મિનિટ સુધી રાજ્યપાલના નિવાસસ્થાનમાં રહ્યા હતા અને ત્યારબાદ પરિસરમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા. ટીવીકે નેતા સીટીઆર નિર્મલ કુમારે ગુરુવારે સીપીઆઈ પ્રદેશ સચિવ એમ વીરપાંડિયન અને સીપીઆઈ(એમ) રાજ્ય સચિવ પી શનમુગમ સાથે મુલાકાત કરી હતી અને સરકાર બનાવવા માટે તેમનું સમર્થન માંગ્યું હતું જેમાં સત્તામાં હિસ્સેદારી પર ભાર મૂક્યો હતો. ટીવીકેના સંયુક્ત મહાસચિવે વ્યક્તિગત રીતે અહીં ડાબેરી પક્ષના કાર્યાલયોની મુલાકાત લીધી અને પક્ષ તરફથી તેમના સમર્થનની વિનંતી કરતા પત્ર સોંપ્યો હતો.

વિજયના નેતૃત્વ હેઠળના તમિળગા વેટ્રી કળગમ પાસે પોતાના દમ પર સરકાર બનાવવા માટે બહુમત નથી. ટીવીકેએ ૨૩ એપ્રિલના રોજ યોજાયેલી ચૂંટણીમાં ૨૩૪ સભ્યોની વિધાનસભામાં ૧૦૮ બેઠકો જીતી હતી અને તે સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી હતી. જોકે કોંગ્રેસ પાર્ટી પાસે પાંચ ધારાસભ્યો છે, તેણે ટીવીકેને ટેકો આપ્યો છે, પરંતુ વિજયની પાર્ટીને ૧૧૮ના આંકડા સુધી પહોંચવા માટે હજુ પણ બેઠકો ઓછી છે. વિજયે કોંગ્રેસ પક્ષ તરફથી સમર્થન પત્ર રાજ્યપાલને સુપરત કર્યો અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. જોકે, સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આર્લેકરે હજુ સુધી આ બાબતે કોઈ નિર્ણય લીધો નથી.

તમિળનાડુની રાજનીતિમાં આ વખતે મોટો બદલાવ આવ્યો છે. પરંતુ કોઈને પણ સ્પષ્ટ બહુમતી નથી મળી. હવે સરકાર કોણ બનાવશે? ગઠબંધન સિવાય તમિળનાડુમાં કોઈ પક્ષના સરકાર બની શકે તેમ નથી. આમ તો વિજયની ટીવીકે પાર્ટીએ સૌથી વધારે બેઠકો મેળવી છે, પરંતુ સરકાર બનાવવા માટે તે કાફી નથી. તો હવે સરકાર બનાવવા માટે વિજય કોની સાથે ગઠબંધન કરશે? સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે અન્ના દ્રમુકે પોતાના ધારાસભ્યોને પુડુચેરીના એક રીસોર્ટમાં મોકલી દીધા છે.

અન્ના દ્રમુકના ધારાસભ્યો વિજયની ટીવીકે પાર્ટીને સમર્થન ના આપે અને વિજય સાથે જોડાઈ ના જાય તે માટે ધારાસભ્યોને એક રીસોર્ટમાં ખસેડી દેવામાં આવ્યાં છે. જોકે, પાર્ટીનું કહેવું છે કે, અમારી પાર્ટીમાં બધુ જ બરોબર ચાલી રહ્યું છે, કોઈ બળવો કરવાનું વિચારી પણ શકે તેમ નથી. ટીવીકે દ્વારા કથિત રીતે ધારાસભ્યોને તોડવાનો પ્રયાસ કરવામાં ના આવે તે માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, સૂત્રોએ એવો પણ દાવો કર્યો છે કે, કેટલાક ધારાસભ્યો ટીવીકેને સમર્થન આપવાનો વિચાર કરી રહ્યાં હતા, તે માટે અન્ના દ્રમુક દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આ ધારાસભ્યોને પુડુચેરીના રીસોર્ટમાં મુકવામાં આવ્યાં છે. અહીં રહેવા સહિતની તમામ વ્યવસ્થાઓ અન્ના દ્રમુક ના વરિષ્ઠ નેતા અને પૂર્વ પ્રધાન સીવી શણમુગમ દ્વારા કરવામાં આવી છે.

ચોંકાવનારી વાત એ છે કે, વિજય સરકાર બનાવે છે તેવી અટકળો વચ્ચે એવી ચર્ચા શરૂ થઈ રહી છે કે, ડીએમકે અને એઆઈએડીએમકે વચ્ચે ગઠબંધન થવાનું છે અને આ બંને પક્ષ સાથે મળીને સરકાર બનાવી શકે છે. જો કે, રાજ્યના વર્તમાન મુખ્ય પ્રધાન એમ.કે. સ્ટાલિને ડીએમકે અને એઆઈએડીએમકે વચ્ચેના ગઠબંધનની અટકળો પર પૂર્ણવિરામ મૂક્યું છે. સ્ટાલિને સ્પષ્ટ કર્યું છે કે તેમની પાર્ટી વિજયને સરકાર બનાવવા માટે છ મહિના સુધી ખલેલ પહોંચાડ્યા વિના રાહ જોશે. વધુમાં કહ્યું કે, 'અમે વિજયની સરકાર કેવી રીતે ચાલે છે તે જોવાની રાહ જોઈશું'. ■

### સંજય કપૂરની

ચંદ્રચૂડને સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ સંજય કપૂરની માતા રાની કપૂર અને તેમની પત્ની પ્રિયા કપૂર વચ્ચેના કૌટુંબિક ટ્રસ્ટને લઈને ચાલી રહેલા વિવાદમાં મધ્યસ્થી તરીકે નિયુક્ત કર્યા છે. બંન્ને પક્ષકારોને ખુલ્લા મનથી મધ્યસ્થતાની કાર્યવાહીમાં સામેલ થવાનું કહેતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેઓ જાહેરમાં આ વિવાદને લઈને કોઈ નિવેદનો આપે નહીં અને વિવાદ વિશે સોશ્યલ મીડિયા પર પણ કોઈ વાત જાણકારી આપે નહીં.

જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ ઉજ્જવલ ભૂઈયાંની બેન્ચે કહ્યું હતું કે આ એક કૌટુંબિક વિવાદ છે. તેને ફક્ત પરિવાર વચ્ચે જ સીમિત રહેવા દો. તે મનોરંજનનું સાધન ન હોવું જોઈએ. બેન્ચે ટિપ્પણી કરી હતી કે પરિવારના સભ્યો વચ્ચેના વિવાદના સ્વરૂપને ધ્યાનમાં રાખીને તેણે ૨૭ એપ્રિલે સૂચન કર્યું હતું કે પક્ષકારોએ મધ્યસ્થતાનો રસ્તા પર વિચાર કરવો જોઈએ. ખંડપીઠે કહ્યું કે આજે સંબંધિત પક્ષો તરફથી હાજર રહેલા તમામ વકીલો ખૂબ જ ઉદારતાથી મધ્યસ્થતા માટે સહમત થયા છે. અમે ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડને મધ્યસ્થી તરીકે નિયુક્ત કરીએ છીએ.

ખંડપીઠે કહ્યું કે''અમે મધ્યસ્થી તરફથી પ્રારંભિક અહેવાલની રાહ જોઈશું અને ત્યારબાદ આ મામલામાં આગળ વધીશું. આ મામલાની આગામી સુનાવણી ઓગસ્ટમાં કરાશે. મધ્યસ્થીની ફી અને અન્ય પદ્ધતિઓ પક્ષકારો સાથે પરામર્શ કરીને નક્કી કરવામાં આવશે. તેણે પક્ષકારોને મધ્યસ્થીનો સંપર્ક કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે સ્પષ્ટ કર્યું કે મધ્યસ્થતા ફક્ત પરિવારના સભ્યો સુધી જ મર્યાદિત રહેશે.

કોર્ટે કહ્યું કે આ એક પારિવારિક મામલો હોવાથી તેમના તરફથી પ્રયાસ એ હોવો જોઈએ કે વિવાદનું વહેલામાં વહેલી તકે નિરાકરણ આવે અને સમગ્ર મામલાનો અંત આવે. અમે દ્રઢપણે માનીએ છીએ કે બધા પક્ષોએ ખુલ્લા મનથી મધ્યસ્થતાની કાર્યવાહીમાં ભાગ લેવો જોઈએ.

જો તેઓ મધ્યસ્થી સમક્ષ આ મામલાનો ઉકેલ લાવવામાં સક્ષમ બને તો તે બધાના હિતમાં રહેશે, નહીં તો આ લાંબા સમય સુધી ચાલનારી કાયદાકીય લડાઈ બની જશે. મધ્યસ્થતા ફક્ત વર્તમાન મામલા સુધી સીમિત રહેશે.

૮૦ વર્ષીય રાની કપૂર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર બેન્ચે પ્રિયા કપૂર અને અન્ય લોકોને નોટિસ જાહેર કરી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ઓક્ટોબર ૨૦૧૭માં તેમના નામે રચાયેલ ટ્રસ્ટ બનાવટી અને છેતરપિંડીયુક્ત દસ્તાવેજોનું પરિણામ હતું. એસ્ટેટ અને સંપત્તિના નિયંત્રણ અંગેની કાનૂની કાર્યવાહી દિલ્હી હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ છે અને સુપ્રીમ કોર્ટ સમક્ષની અરજી ટ્રસ્ટની બધી મિલકતોને યથાસ્થિતિ રાખવાની માગ કરી છે. નોંધનીય છે કે સંજય કપૂરનું ૧૨ જૂનના રોજ ઇંગ્લેન્ડમાં પોલો મેચ દરમિયાન અવસાન થયું હતું. તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હોવાનું કહેવાય છે. કરિશ્મા કપૂરના બે બાળકો દ્વારા તેમના સ્વર્ગસ્થ પિતાના કથિત વસિયતનામાને પડકારતી અરજી પણ દિલ્હી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. ■

# સુરતથી સૌરાષ્ટ્ર સુધી ગાયને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવા ગુજરાતમાં ગૌભક્તોનો હુંકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગૌમાતાને સન્માન આપવા ગાયને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવાની માગ સાથે સુરત, રાજકોટ, ધ્રોલમાં રેલી કાઢવામાં આવી હતી. જેમાં સુરતમાં ગૌપ્રેમીઓએ ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે સીરીંજથી હાથમાંથી લોહી કાઢીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. આ પત્રમાં ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા અને ભારતની પવિત્ર ભૂમિને ગૌહત્યાના કલંકથી મુક્ત કરવાની અપીલ કરવામાં આવી હતી.

સુરતમાં કાઢવામાં આવેલી રેલીમાં ગૌભક્તિના પ્રતીક સમાન ૮ થી ૧૦ બળદગાડાં જોડાયા હતા. રેલીમાં સામેલ થયેલું બુલડોઝર આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાના આ અભિયાનમાં અત્યાર સુધીમાં આશરે પાંચ લાખ લોકોની સહીઓ મેળવવામાં આવી હતી. ગાયોના રક્ષણ અને દેખરેખ માટે ખાસ ગૌ સંવર્ધન મંત્રાલય શરૂ કરવામાં આવે તેવી માગ પણ કરી હતી. રેલીમાં સામેલ થયેલા સંતોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવી એ માત્ર માગ નથી પણ હવે ગૌભક્તોનો સંકલ્પ છે. ગૌમાતા રાષ્ટ્રની ધરોહર બને અને ભારતની ધરતી ગૌહત્યાના કલંકથી સંપૂર્ણપણે મુક્ત થાય તેવી અમારી માગ છે.

ગાયને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવાની માગ સાથે સૌરાષ્ટ્રમાં પણ રેલી કાઢવામાં આવી હતી. જેમાં ગૌ આયોગના પૂર્વ ચેરમેન ડો. વલ્લભ કથીરિયા પણ જોડાયા હતા. આ ઉપરાંત, રાજકોટ જિલ્લાના ધ્રોલમાં ગૌવંશને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માગ સાથે સંતો અને ગૌભક્તોની ભવ્ય રેલી યોજાઈ હતી. ત્રિકોણ બાગથી નાની વાછરડીને મોખરે રાખી રામધૂન સાથે નીકળેલી 'ગૌ સન્માન આહ્વાન અભિયાન' રેલીએ શહેરના મુખ્ય માર્ગો પર ભ્રમણ કરી મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. ■

# શતાબ્દી એક્સપ્રેસનું એસી બંધ પડી જતા વડોદરા સ્ટેશન પર રોકવી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારે ગરમી વચ્ચે રેલવેના બંધ એર કન્ડિશન્ડ કોચમાં જો ઠંડક ન રહે તો મુસાફરો માટે અકળાવનારું વાતાવરણ બની જાય છે. આવી જ ઘટના ગુજરાતમાં બની હતી. અહીં પશ્ચિમ રેલવેની અમદાવાદથી મુંબઈ દોડતી શતાબ્દી એક્સપ્રેસનું એસી ફેલ થતા વડોદરા સ્ટેશન પર ટ્રેનને રોકવી પડી હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર શતાબ્દી એક્સપ્રેસનું વડોદરા સ્ટેશન પર બુધવાર સાંજે એસી ફેઈલ થતાં ટ્રેનમાં યાત્રા કરતા મુસાફરોએ ભારે હોબાળો મચાવ્યો હતો, જેથી ટ્રેનને થોડા સમય માટે રોકવી પડી હતી. શતાબ્દી એક્સપ્રેસના કોચ (૧૨૦૧૦) સી-૧ માં તહેનાત ટીટીઈ ઓપી શર્માએ સૂચના આપી હતી કે કોચમાં એસી કામ કરી રહ્યું નથી અને મુસાફરોએ ફરિયાદો કરી છે. જાણકારી અનુસાર, અમદાવાદમાં મૂળ સી-૧ કોચને સિક જાહેર કરી હટાવી દેવામાં આવ્યો હતો અને તેની જગ્યાએ જે નવો કોચ લગાવવામાં આવ્યો તેમાં પણ એસી શરૂઆતથી જ કામ કરી રહ્યું નહોતું.

આરએસી કંટ્રોલ, મુંબઈ સેન્ટ્રલના જણાવ્યા અનુસાર, કોચને મિકેનિકલ સમસ્યાને કારણે બદલવામાં આવ્યો હતો. વિરોધના કારણે ટ્રેન વડોદરાથી સાંજે ૫:૨૭ વાગ્યે રવાના થઈ શકી હતી.

ટ્રેન સુરત સ્ટેશન પર પહોંચી ત્યારે વિશેષ કોચની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કોચમાં ૭૦ મુસાફરોને બેસાડીને ટ્રેનને ૭:૧૪ વાગ્યે રવાના કરવામાં આવી હતી. આ દરમિયાન ટ્રેનમાં મુસાફરોને માર્ગદર્શન આપવા, જાહેરાત કરવા અને સામાન શિફ્ટ કરવા માટે ૩૦ લાઇસન્સ ધરાવતા સહાયકોની મદદ લેવામાં આવી હતી.

ઘટના દરમિયાન એક વર્ષની બાળકી, જે પહેલા સી-૮ કોચમાં સંબંધીઓ પાસે હતી, તેને તેની માતા સુધી પહોંચાડવામાં પણ વધારાનો સમય લાગ્યો હતો. ■

# ગિફ્ટ સિટીમાં ઓફિસ ધરાવતી કંપનીએ ૪૦૦ કરોડની છેતરામણી કરી રોકાણકારોને રડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આવેલા ગિફ્ટ સિટીમાં ઓફિસ ધરાવતી એક કંપનીએ રૂ. ૪૦૦ કરોડની છેતરામણી કર્યાની ઘટના બહાર આવી હતી. અહીં શૂટ સ્પેસ ડિજિટલ પ્રા. લિમિટેડ નામની કંપનીએ ઊંચુ વળતર આપવાની લાલચે હજારો રોકાણકારોને છેતર્યા હોવાની ફરિયાદો થઈ હતી.

અહેવાલો અનુસાર, કંપનીએ ડિજિટલ ડેટા સ્ટોરેજ સ્પેસમાં રોકાણના બદલામાં લગભગ ૫% માસિક વળતરનું વચન આપીને રોકાણકારોને લલચાવ્યા હતા. રોકાણકારોનો વિશ્વાસ મેળવવા માટે, કંપની શરૂઆતમાં નિયમિતપણે વળતર ચૂકવતી હતી. જોકે, લગભગ બે મહિના પહેલા ચૂકવણી અચાનક બંધ થઈ ગઈ હોવાના અહેવાલ છે, જેના પછી કંપનીના અધિકારીઓએ કથિત રીતે તમામ સંપર્કો કાપી નાખ્યા હતા.

પ્રારંભિક માહિતી અનુસાર લગભગ ૩૩,૦૦૦ જેટલા રોકાણકાર આ કથિત કૌભાંડનો શિકાર બન્યા છે, જેમાં માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ જમ્મુ-કાશ્મીર સહિત અન્ય રાજ્યોના રોકાણકારોનો પણ સમાવેશ થાય છે. મધ્યમવર્ગીય અને ઉચ્ચ મધ્યમવર્ગીય પરિવારના રોકાણકારોએ રૂ. પાંચ લાખથી ત્રણ કરોડ સુધીનું રોકાણ આ ફર્મમાં કર્યું હોવાનું અહેવાલો જણાવે છે.

કંપનીએ ખૂબ પ્રતિષ્ઠિત એવા ગિફ્ટ સિટીમાં ઓફિસ ખોલવા સમયે ભારે તામજામ કરી રોકાણકારોને આકર્ષવાની શરૂઆત કરી હતી, તેવું ભોગ બનેલાઓએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું.

બુધવારે મોટી સંખ્યામાં રોકાણકારો કંપનીની ઓફિસની બહાર એકઠા થયા હતા. ત્યારબાદ તણાવ વધી ગયો હતો. વિસ્તારમાં અશાંતિ સર્જાતા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ડભોડા પોલીસ સ્ટેશનની ટીમ દોડી આવી હતી અને મામલો સંભાળ્યો હતો. હાલમાં અહીં પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે રોકાણકારો દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. હાલમાં કંપનીના સંચાલકોને શોધવામાં આવી રહ્યા છે. જો તપાસમાં ગુનાહિત ગેરરીતિના પુરાવા મળશે તો જવાબદાર તમામ લોકો સામે ઔપચારિક કેસ નોંધવામાં આવશે.

દરમિયાન અહેવાલો અનુસાર કંપનીના ડિરેક્ટરનું નામ ઉત્પલ પટેલ હોવાનું જાણવા મળ્યું છે. ઉત્પલ પટેલ સાબરકાંઠાના ઈસરી ગામનો વતની હોવાનું જાણવા મળ્યું છે. તેણે રાજસ્થાન, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં મોટિવેશનલ સ્પીચ આપી રોકાણકારોને આકર્ષતો હતો. હાલમાં તો તે અને અન્ય બે ડિરેક્ટર ફરાર હોવાનું જાણવા મળ્યું છે. ■

# ભાવનગરમાં કરોડોના લોન કૌભાંડમાં એસબીઆઈ નીલમબાગ શાખાના મેનેજરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના નીલમબાગ વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં આચરવામાં આવેલા કરોડો રૂપિયાના લોન કૌભાંડમાં નીલમબાગ પોલીસે શાખાના ચીફ મેનેજર સંતોષ કુમારની ધરપકડ કરી હતી. પ્રાઈમ મિનિસ્ટર એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ (પીએમઈજીપી) યોજના હેઠળ લોન મેળવી બેંક સાથે છેતરપિંડી આચરવાની ફરિયાદ નોંધાયા બાદ આ મામલે તપાસ તેજ બની હતી, જેમાં બેંકના જ ઉચ્ચ અધિકારીની સંડોવણી સામે આવતા બેન્કિંગ ક્ષેત્રે ભારે ચકચાર સાથે ખળભળાટ મચી ગયો છે.

આ કૌભાંડની વિગતો મુજબ, સરકારની પીએમઈજીપી યોજના અંતર્ગત લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ઓનલાઈન અરજીના આધારે સબસિડીયુક્ત લોન આપવામાં આવતી હતી. આ યોજનામાં બેંક દ્વારા કેવાયસી, સ્થળ ચકાસણી અને પ્રી-વેરિફિકેશન બાદ લોન મંજૂર કરવાની હોય છે, પરંતુ આ કેસમાં ખોટા દસ્તાવેજો અને બનાવટી બિલોના આધારે કરોડો રૂપિયાની લોન મેળવી હોવાના આક્ષેપ થયા હતા. પોલીસ તપાસમાં એવું પણ ખુલ્યું હતું કે લોનની રકમ મશીનરીની ખરીદી કે ઉદ્યોગ સ્થાપવાને બદલે વ્યક્તિગત ઉપયોગમાં લેવાઈ હતી. અનેક સ્થળોએ તપાસ દરમિયાન યુનિટોમાં મશીનરી કે સ્ટોક મળ્યા નહોતા અને કેટલાક એકમો તો સંપૂર્ણ બંધ હાલતમાં જોવા મળ્યા હતા, જેના કારણે બેંક દ્વારા અનેક ખાતાઓને એનપીએ જાહેર કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ કૌભાંડમાં અગાઉ પણ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ચાર મહિલા લોનધારક ભૂમિબેન પંડ્યા, કિરણબેન રાઠોડ, જલ્પાબેન શાહ અને જાગૃતિબેન લાલવાણી સહિત એજન્ટ ભરત અડવાણી અને સુનિલ હાંસેજાની ધરપકડ કરવામાં આવી હતી. હાલ આ સમગ્ર મામલે કુલ ૪૨ લોનધારક સામે અરજી કરવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધી માત્ર ૪ લોનધારક અને ૨ એજન્ટ વિરુદ્ધ કાર્યવાહી થઈ છે. હવે જ્યારે ખુદ ચીફ મેનેજરની ધરપકડ થઈ છે, ત્યારે બાકીના ૩૮ લોકો અને અન્ય સંડોવાયેલા શખ્સો સામે ક્યારે કાર્યવાહી થશે તે ચર્ચાનો વિષય બન્યો છે. ચીફ મેનેજરની ધરપકડ બાદ આ સમગ્ર કરોડોના કૌભાંડમાં હજુ પણ વધુ મોટા ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# મોરબીમાં રખડતાં શ્વાને આઠ વર્ષના માસૂમને ફાડી ખાધો, સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર દેશમાં રખડતા શ્વાનની વિકટ સમસ્યા છે અને સુપ્રીમ કોર્ટે પણ સખત શબ્દોમાં ટકોર કરી છે અને આદેશો પણ આપ્યા છે, છતાં શ્વાનનો ત્રાસ યથાવત છે. સૌરાષ્ટ્રના મોરબીમાં ફરી શ્વાનનો ભોગ એક આઠ વર્ષનો બાળક બન્યો હતો. આ સાથે શહેરમાં ત્રણ દિવસમાં ૨૦ જેટલા કેસ શ્વાન કરડવાના નોંધાયા છે.

શહેરના જેતપર રોડ પર રહેતા અને સિરામિક ફેક્ટરીમાં શ્રમિક તરીકે કામ કરતા પરિવારના કૃપાલ માલવીયા નામના બાળકને ફેક્ટરીના પ્રિમાઈસિસમાં જ શ્વાને ફાડી ખાધો હોવાનું જાણવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરમાં માત્ર ત્રણ દિવસમાં લગભગ ૨૦ જેટલા કેસ શ્વાન કરડવાના નોંધાયા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર શ્વાનોના ત્રાસથી શહેરને બચાવવા મોરબી મનપાએ કોઈ પગલાં લીધા નથી અને આવી ઘટનાઓની સતત અવગણના થઈ રહી છે. મોરબી મનપાના અધિકારીઓ સાથે વાત થઈ શકી નથી. ■

# આકરી ગરમીની અસરઃ સોલા સિવિલમાં ૧૦,૦૦૦ કરતા વધુ દરદીઓ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અને અમદાવાદમાં ઉનાળાની આકરી ગરમી પડવાની શરૂઆત થતા જ સોલા સિવિલ હોસ્પિટલમાં પાણીજન્ય રોગોના કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો હતો. છેલ્લા એક મહિનામાં ડાયેરિયા (ઝાડા-ઊલટી)ના કુલ ૧૪૩ કેસો નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું હતું.

હોસ્પિટલની સ્થિતિ અંગે વિગતો આપતા તંત્રએ જણાવ્યું કે, ગત અઠવાડિયામાં ઓપીડીનો આંકડો ૧૧,૦૦૦ સુધી પહોંચ્યો હતો, જેમાંથી ૧,૧૦૦ દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવી હતી. ગરમીના કારણે વધતા ડિહાઇડ્રેશનના કેસોને પહોંચી વળવા માટે હોસ્પિટલમાં પૂરતો સ્ટાફ, જરૂરી દવાઓ, ઓઆરએસ પેકેટ અને સ્પેશ્યલ બેડ રિઝર્વ રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગે લોકોને તડકામાં બહાર નીકળતી વખતે સાવચેતી રાખવા અને સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી લેવા સૂચના આપી હતી.

હોસ્પિટલના મેડિકલ ઓફિસરના જણાવ્યા અનુસાર, ગરમીમાં ખોરાક અને પાણી જલદી દૂષિત થતા હોવાથી આ રોગો વકરી રહ્યા છે. જોકે, રાહતની વાત છે કે મેલેરિયા, ડેન્ગ્યૂ કે ચિકનગુનિયાના કેસોમાં હાલ કોઈ મોટો ઉછાળો જોવા મળ્યો નથી. તબીબોએ નાગરિકોને પાણી ઉકાળીને પીવા અને બહારનું ખાવાનું ટાળવા ખાસ અપીલ કરી હતી. મનપાએ પણ ગરમી કે લૂ ન લાગે તે માટે લોકોને સાવચેતી વર્તવા ખાસ માર્ગદર્શિકા બહાર પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ આસપાસ જ રહે છે અને માત્ર દિવસે જ નહીં રાત્રે પણ સખત બફારો અને અકળામણનો અનુભવ થાય છે. હજુ આવનારા દિવસોમાં ગરમીનો પ્રકોપ રહેવાનો હોવાથી લોકોએ વિશેષ ધ્યાન રાખવાની જરૂર છે, તેમ ડોક્ટરોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદની ઘીકાંટા કોર્ટમાં આંતરધર્મીય લગ્નઃ રજિસ્ટ્રેશન પહેલાં જ હંગામો, ચુસ્ત પોલીસ પહેરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ઘીકાંટા મેટ્રો કોર્ટમાં હાઈ કોર્ટના આદેશ બાદ યોજાનાર આંતરધર્મિય લગ્ન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ભારે વિરોધ વચ્ચે મોકૂફ રાખવામાં આવી હતી. ગુજરાત હાઈ કોર્ટના હુકમ બાદ જ્યારે યુવક-યુવતી લગ્ન નોંધણી માટે કોર્ટ પહોંચવાનાં હતાં, ત્યારે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો મોટી સંખ્યામાં કોર્ટ પરિસરમાં ઉમટી પડ્યા હતા અને જય શ્રીરામના નારા લગાવી શાંતિપૂર્ણ વિરોધ નોંધાવ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને જોતા કોર્ટ સંકુલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત કરી દેવામાં આવ્યો હતો.

આ વિવાદ વચ્ચે લગ્ન રજિસ્ટ્રાર સૈયદ રજા પર ઊતરી જતાં અને વિશ્વ હિન્દુ પરિષદની રજૂઆત બાદ ચાર્જમાં રહેલા અધિકારીએ આજની લગ્ન નોંધણીની મુદત મોકૂફ રાખી હતી. અસારવા વિશ્વ હિન્દુ પરિષદ અધ્યક્ષે આક્ષેપ કર્યો હતો કે રજિસ્ટ્રાર નિયમ મુજબ લગ્નની નોટિસ બોર્ડ પર લગાવતા નથી અને એકપક્ષીય રીતે મુસ્લિમ યુવકોને સહયોગ આપે છે. રજિસ્ટ્રાર સૈયદ અગાઉ પણ આવા અનેક વિવાદાસ્પદ લગ્નો કરાવી ચૂક્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ કેસની હિન્દુ યુવતી છેલ્લા બે મહિનાથી નારી સંરક્ષણ ગૃહમાં છે અને હવે આગામી દિવસોમાં નવી તારીખે લગ્ન નોંધણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ■

# ગુજરાતમાં ફૂડ સેફ્ટી ચેક કરવા માટેની વૅનના લૉકેશનનું મોનિટરિંગ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનસેરિયાના માર્ગદર્શન હેઠળ ગુજરાત આરોગ્ય વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ રોકવા અને નિયમિત ચકાસણી માટે ફૂડ સેફ્ટી ઓન વ્હીલ વાનની કામગીરીનું દૈનિક મોનિટરિંગ શરૂ કરવામાં આવ્યું છે. અગાઉ ડુપ્લિકેટ પનીર તરીકે ઓળખાતા એનાલોગ પનીર વિરુદ્ધ અભિયાન હાથ ધરાયા બાદ હવે ખાદ્ય સુરક્ષા અંગે વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્યમાં કુલ ૩૨ ફૂડ સેફ્ટી ઓન વ્હીલ વાન તૈયાર કરવામાં આવ્યા છે, જેમાંથી હાલમાં ૨૨ વાન કાર્યરત છે. આ વાન મહાનગરપાલિકા, જિલ્લા તથા તાલુકા મથકોમાં કાર્યરત રાખવામાં આવ્યા છે. હવે દરેક વાન ક્યાં વિસ્તારમાં જાય છે, કેટલા વાગ્યે કામગીરી કરે છે અને રોજ કેટલા ખાદ્ય નમૂનાઓની તપાસ કરે છે તેની નિયમિત ચકાસણી કરવામાં આવી રહી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્યમાં બિનઆરોગ્યપ્રદ અને ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોના વધતા પ્રયોગને કારણે લોકોમાં વિવિધ રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. ખાસ કરીને જંકફૂડમાં અસલી બટર અને પનીરના સ્થાને નકલી સામગ્રીનો ઉપયોગ થતો હોવાના મુદ્દે આરોગ્ય વિભાગ વધુ સક્રિય બન્યો છે. આ માટે ખાદ્ય પદાર્થોની વારંવાર ચકાસણી અને જનજાગૃતિ બંને પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. હાલમાં ગીર-સોમનાથ, પોરબંદર, જૂનાગઢ, અમદાવાદ જિલ્લા, સુરત જિલ્લા, જૂનાગઢ, ભરૂચ અને સુરેન્દ્રનગર સહિતની ૧૦ વાન બંધ છે, તે ફરી ટૂંક સમયમાં શરૂ થશે, તેમ પણ જાણવા મળ્યું હતું. ■

# તાપી વલસાડમાં વાતાવરણ પલટાયું, કમોસમી ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સતત બદલાતા વાતાવરણને લીધે સવાર અને સાંજના મોસમમાં ફેરફાર નોંધાઈ છે. ગીર ગઢડા અને ઉત્તર ગુજરાતના અમુક ભાગોમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાતાવરણ છે ત્યારે ગુરુવારે વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં પણ સાંજે વાતાવરણ પલટાયું હતું અને વરસાદ પડ્યો હોવાના અહેવાલો છે. વલસાડ સાથે તાપી જિલ્લામાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. અહીં વાલોડ ગામમાં વરસાદ નોંધાયો હતો. સાંજ પછી કાળા વાદળો ઘેરાયા હતા અને રસ્તાઓ ભીના થઈ ગયા હતા. વરસાદ સાથે ભારે પવન પણ નોંધાયો હતો આથી વાહનચાલકોને પણ મુશ્કેલીઓ પડી હતી. બીજી બાજુ હવામાન ખાતું આવતી ૯ અને ૧૦ તારીખે ભારે ગરમીની આગાહી કરી રહ્યું છે. આવનારા દિવસોમાં મહત્તમ તાપમાન ૪૦થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. દરમિયાન અમદાવાદ સહિતના શહેરોમાં છેલ્લા ઘણા દિવસથી આકરો તાપ અને બફારો અનુભવાય છે અને લગભગ ૪૦ ડિગ્રી ઉપર જ તાપમાન નોંધાય છે. ■

# તાપી જિલ્લામાં ડમ્પરે પાછળથી ટક્કર મારી એક સાથે સાત કારને હડફેટે લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાપી જિલ્લાના બાજીપુરા ગામની સીમમાં સુરતધુલિયા માર્ગ પર લગભગ ૧૨ વાગ્યાના અરસામાં ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જોકે જાનહાનિ થઈ ન હતી, પરંતુ વાહનોને ભારે નુકસાન થયું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ હાઇવે ઓથોરિટી દ્વારા માર્ગ મેન્ટેનન્સની કામગીરી ચાલી રહી હોવાથી એક તરફનો રસ્તો બંધ રાખી બીજી તરફથી વાહન વ્યવહાર ચાલુ રાખવામાં આવ્યો હતો. આ દરમિયાન જીજે ૦૭ વાયઝેડ ૬૭૪૪ નંબરનો ડમ્પર પૂરઝડપે અને બેફામ રીતે આવી પહોંચ્યો હતો. માર્ગ પર આગળ મેન્ટેનન્સને કારણે એક પછી એક કારો ઊભી હોવા છતાં ડમ્પરે સમયસર નિયંત્રણ ન રાખતા પાછળથી સાત જેટલી કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં તમામ કારને ભારે નુકસાન થયું હતું. આ બનાવમાં હેરિયર કારમાં સવાર ભરતભાઈ ધીરુભાઈ ધુમ્મરને માથાના પાછળના ભાગે ઈજા પહોંચી હતી જ્યારે તેમની સાથે રહેલા જગદીશભાઈ ખૂટને પણ શરીરે ઇજાઓ થતા તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પાછળથી અકસ્માતમાં અથડામણના કારણે કારની આગળ-પાછળના ભાગોમાં ગંભીર નુકસાન નોંધાયું હતું. અકસ્માત બાદ ડમ્પર ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવ અંગે સોનગઢના સ્ટેશન રોડ સ્થિત અવતાર રેસીડેન્સીમાં રહેતા ધીરજ દિનેશભાઈ પાટીલ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ અકસ્માતમાં ઘણી મોંઘી ગાડીઓને નુકસાન પહોંચ્યું હતું.

આ બનાવને પગલે સ્થાનિકોમાં ટ્રાફિક નિયંત્રણ અને અમલના અભાવની ફરિયાદો ઊઠી હતી. ■

# થરાદમાં કૉંગ્રેસની રેલીમાં પોલીસ સાથે ઘર્ષણ બાદ જિલ્લા મહિલા પ્રમુખ સહિત ત્રણ નેતા સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા બનાસકાંઠાનાં સાંસદ ગેનીબેન ઠાકોર અંગે કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીના વિરોધમાં થરાદ ખાતે વિશાળ વિરોધ રેલી અને આવેદનપત્ર કાર્યક્રમ યોજાયો હતો. થરાદ ખાતે મોટી સંખ્યામાં સર્વ સમાજના આગેવાનો, યુવાનો, બહેનો અને કૉંગ્રેસ કાર્યકર્તાઓ રેલી કાઢીને કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. આ રેલી દરમિયાન કૉંગ્રેસના મહિલા કાર્યકર્તા અને પોલીસ સાથે ઘર્ષણ થયું હતું.

મળતી વિગતો અનુસાર, થરાદ કલેક્ટર કચેરી ખાતે કૉંગ્રેસની રેલી દરમિયાન કૉંગ્રેસના મહિલા કાર્યકર્તા અને પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ રેલી દરમિયાન, કૉંગ્રેસ પ્રમુખ ગીતાબેન નાઈ તેમજ ફરજ પર તહેનાત પોલીસ કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા. આ મામલે થરાદ પોલીસે સરકારી ફરજમાં રૂકાવટ અને જાહેરનામાના ભંગ બદલ જિલ્લા મહિલા કૉંગ્રેસ પ્રમુખ ગીતાબેન નાઈ સહિત ત્રણ કૉંગ્રેસ નેતાઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જે ત્રણ નેતાઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે તેમાં જિલ્લા મહિલા કૉંગ્રેસ પ્રમુખ ગીતાબેન નાઈ, થરાદ તાલુકા પ્રમુખ પ્રધાનજી ઠાકોર અને નવા ચૂંટાયેલા જિલ્લા પંચાયત સદસ્ય સિદ્ધરાજસિંહ ચૌહાણનો સમાવેશ થાય છે.

આ મામલે, ગેનબેન ઠાકોરે ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, થરાદ પોલીસ દ્વારા સિદ્ધરાજ, પ્રધાનજી અને ગીતાબેન અમારા કૉંગ્રેસના ત્રણ કાર્યકરો સામે કરાયેલી ખોટી ફરિયાદ લોકશાહી પર પ્રહાર છે. સત્યનો અવાજ દબાવવાનો અને કાર્યકરોને ડરાવવાનો પ્રયાસ સ્વીકાર્ય નથી. નિર્દોષોને તાત્કાલિક ન્યાય, નિષ્પક્ષ તપાસ અને જવાબદાર સામે કડક કાર્યવાહી જરૂરી છે. ■

# ગુજરાતમાં પાંચ લાખથી વધુ છોકરીઓને એચપીવી વૅક્સિન અપાઈ

અમદાવાદઃ મહિલાઓમાં થતા સર્વાઇકલ કેન્સર (ગર્ભાશયના મુખનું કેન્સર) સામે રાજ્યની દીકરીઓને સુરક્ષિત કરવાના હેતુ સાથે ગુજરાતમાં 'એચપીવી રસીકરણ અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં રાજ્યની પાંચ લાખથી વધુ દીકરીઓને એચપીવી રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાતે નિર્ધારિત લક્ષ્યાંકના ૯૦ ટકા લક્ષ્યાંક પૂર્ણ કર્યો છે તેમ આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે આ રસીકરણ અભિયાનના કારણે ગંભીર આડઅસરનો એક પણ કિસ્સો નોંધાયો નથી, જે સાબિત કરે છે કે આ રસી ૧૦૦ ટકા સુરક્ષિત છે. રાજ્યની તમામ મેડિકલ કૉલેજ સંલગ્ન હૉસ્પિટલો, જિલ્લા હૉસ્પિટલો, સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલો, તેમજ આરોગ્ય કેન્દ્રો પર ૧૪ વર્ષની તમામ દીકરીઓ માટે આ રસી ઉપલબ્ધ છે.

પાનશેરીયાએ રાજ્યના તમામ માતા-પિતાને અપીલ કરતા જણાવ્યું છે કે, મે મહિનાના અંત સુધી ચાલનારા આ અભિયાનનો લાભ લેવાનો બાકી હોય તેવી ૧૪ વર્ષની વય ધરાવતી તમામ દીકરીઓને વિલંબ કર્યા વગર નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર પરથી રસી લેવડાવવી જોઈએ. ■

# સાણંદમાં માઈક્રોનની મુખ્ય સપ્લાય ચેઈન પાર્ટનર કંપની 'હોતાયી ઈલેક્ટ્રોનિક્સ' ₹ ૭૦૦ કરોડનું રોકાણ કરશે

અમદાવાદઃ રાજ્યના સાણંદ જીઆઈડીસી ખાતે મલેશિયા સ્થિત અગ્રણી કંપની હોતાયી ઈલેક્ટ્રોનિક્સ દ્વારા એડવાન્સ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટેની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે આજે આ કંપનીને ઓફર કમ એલોટમેન્ટ પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત હોતાયી કંપની આગામી ૧૦ વર્ષમાં અંદાજે ₹૭૦૦ કરોડનું રોકાણ કરશે. તે માટે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સાણંદ-ટુ જીઆઈડીસી ખાતે ૫ હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવી છે. આ ફેસિલિટીમાં અત્યાધુનિક ડીરેમ મેમરી મોડ્યુલ્સ, સોલિડ-સ્ટેટ ડ્રાઇવ્સ, સર્વર અને ડેટા સેન્ટર મેમરી મોડ્યુલ્સ તેમજ ઓટોમોટિવ ઈલેક્ટ્રોનિક્સ (લાઈટિંગ અને ઈન્ફોટેનમેન્ટ મોડ્યુલ્સ) નું ઉત્પાદન કરવામાં આવશે. હોતાયી ઈલેક્ટ્રોનિક્સ એ વૈશ્વિક સેમિકન્ડક્ટર દિગ્ગજ કંપની માઈક્રોન (મેક્રોન) ની મુખ્ય સપ્લાય ચેઈન પાર્ટનર છે. ■

# પતિની સુસાઈડ નૉટ બાદ પોલીસે પત્ની અને દીકરીના હાડપિંજર બહાર કાઢ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડનગરના શાહપુર વાડમાં રહેતા ગિરિશ પરમારે રવિવારે વડનગર સિવિલ હૉસ્પિટલના ચોથા માળેથી છલાંગ લગાવી જીવન ટૂંકાવી નાખ્યું હતું. માત્ર આત્મહત્યાનો લાગતો આ કેસ ગિરિશના ખિસ્સામાં રાખેલી સૂસાઈડ નોટને કારણે મર્ડર મિસ્ટ્રી જેવી ઘટનામાં પરિવર્તિત થઈ ગયો હતો.

ગિરિશે સૂસાઈડ નોટમાં લખ્યું હતું કે તેણે તેની પત્ની પ્રિયંકા અને પુત્રી પરીને મારી નાખ્યા છે અને તેના મૃતદેહો ઘરના આંગણે દાટી દીધા છે. તેની આ માહિતી અનુસાર પોલીસ સોમવારે તેના ઘરે ગઈ હતી અને બે કલાકના ખોદકામ બાદ માતા અને પુત્રીના હાડપિંજર બહાર કાઢ્યા હતા. તેમની ઓળખ માટે હવે ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે. આ સાથે એક ચાકુ પણ મળ્યું હતું, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

મૃતક પ્રિયંકા રાવલનાં પિતાના જણાવ્યા અનુસાર પ્રિયંકા તેના દાદા-દાદી સાથે જ મોટી થઈ હતી. મહેસાણા ખાતે તે ગિરિશને મળી અને બન્નેએ ચાર વર્ષ પહેલા ભાગીને લગ્ન કરી લીધા હતા. તેમને એક પુત્રી હતી. પ્રિયંકા અમુક મહિનાથી પુત્રી સાથે ગાયબ હતી. ગિરિશ આ મામલે પોલીસ ફરિયાદ કરતો ન હતો અને તે દાગીના લઈ ભાગી ગઈ હોવાનું કહેતો હતો. ૧૫ દિવસ પહેલા પ્રિયંકાના દાદાએ પોલીસ ફરિયાદ ફાઈલ કરી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર આનાથી ગભરાઈ ગયો હોવાથી ગિરિશ ચોથા માળેથી કૂદી પડ્યો હોય તેમ બની શકે. બન્ને વચ્ચે ઝઘડા થતાં હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. હવે પોલીસ પરિવારજનોની પૂછપરછ કરી આ હત્યાનું કારણ શોધવાનો પ્રયાસ કરશે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી. ■

# પાર્કિંગ માટે મદદ કરી રહેલા પિતા પર પુત્રએ ટેમ્પો ચઢાવી દીધો

મુંબઈ: બીએમસીના પે ઍન્ડ પાર્કિંગના બેઝમેન્ટમાં પુત્રને ટેમ્પો પાર્ક કરવા માટે મદદ કરી રહેલા પિતા પર જ ટેમ્પો ફરી વળી હોવાની આંચકાજનક ઘટના અંધેરીમાં બની હતી. ટેમ્પોના ટાયર નીચે કચડાયેલા પિતાનું મૃત્યુ થતાં પોલીસે પુત્ર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. એમઆઈડીસી પોલીસના જણાવ્યા મુજબ મંગળવારની સાંજે ૪.૩૦ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં રામદીન સુંદર યાદવે (૪૬) જીવ ગુમાવ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર રામદીન પુત્ર શુભમ યાદવ (૨૦) સાથે સહાર કાર્ગોમાંથી ટેમ્પોમાં સામાન ભરીને મરોલમાં મકવાણા રોડ ખાતેના બીએમસી પાર્કિંગ ખાતે આવ્યો હતો. બેઝમેન્ટમાં ટેમ્પો પાર્ક કરવા માટે શુભમ ડ્રાઈવિંગ સીટ પર બેઠો હતો, જ્યારે રામદીન ટેમ્પોમાંથી નીચે ઊતરીને માર્ગદર્શન કરી રહ્યો હતો. કહેવાય છે કે બે પિલર વચ્ચે ટેમ્પો વ્યવસ્થિત પાર્ક થાય તે માટે રામદીન પુત્ર શુભમને સૂચના આપી રહ્યો હતો. તે સમયે રામદીન ટેમ્પોની આગળ ઊભો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર શુભમે ભૂલથી એક્સિલરેટર દબાવતાં ટેમ્પો ઝડપભેર આગળ વધ્યો હતો અને રામદીન પર ફરી વળ્યો હતો. તરત ટેમ્પોમાંથી ઊતરીને શુભમે જોતાં બેભાન પિતાના માથામાંથી લોહી વહી રહ્યું હતું. જોકે રામદીનનો પગ ટેમ્પોના પાછલા ટાયરની નીચે ફસાઈ ગયો હતો. કન્ટ્રોલ રૂમમાંથી માહિતી મળતાં એમઆઈડીસી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ટેમ્પોને તેના સ્થાનેથી ખસેડી રામદીનનો પગ ટાયર નીચેથી કાઢવામાં આવ્યો હતો. કૂપર હૉસ્પિટલમાં લઈ જવાયેલા રામદીનને તબીબે મૃત જાહેર કર્યો હતો. આ પ્રકરણે પોલીસે જ ફરિયાદી બની શુભમ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

## સંસ્થા સમાચાર

### શ્રી ચોસઠ જોગણી માતાજી મંદિર, ધમડાછા ૨૪મો પાટોત્સવ મહોત્સવ

શ્રી ચોસઠ જોગણી માતાજી મંદિર દક્ષિણ ગુજરાતમાં આવેલ, જિલ્લો નવસારી, તાલુકો ગણદેવી, ધમડાછા ગામે અંબિકા નદીના રમ્ય તટે પ્રાચીનકાળથી બિરાજમાન આ મંદિર ખૂબ જ અદ્‌ભુત છે. આ મંદિરનો ૨૪મો પાટોત્સવ મહોત્સવ રવિવાર, તા. ૧૦-૬-૨૬ના શુભ દિને ઉજવવામાં આવનાર છે. આ દિવસે નવચંડી યજ્ઞ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. યજ્ઞ પ્રારંભ સવારે ૮.૩૦થી ૧૨.૦૦ કલાકે, દેવઆહુતિ-પૂર્ણાહુતિ બપોરે ૨.૩૦થી ૬.૦૦ કલાકે યજ્ઞ પૂર્ણાહુતિ, આરતી પછી સમાપન, ત્યારબાદ મહાપ્રસાદ ૬.૩૦થી રાત્રે ૯.૦૦ સુધી રાખવામાં આવેલ છે. રાત્રે ૯.૩૦થી ૧૨.૦૦ સુધી ભજન અને ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

# ઉલ્હાસનગરમાં દર્દીના મૃત્યુ બાદ કુટુંબીજનોએ કરી હોસ્પિટલમાં તોડફોડ: ડૉક્ટર-નર્સ પર કર્યો હુમલો

થાણે: થાણે જિલ્લાના ઉલ્હાસનગર વિસ્તારમાં સારવાર દરમિયાન દર્દીનું મૃત્યુ થયા બાદ રોષે ભરાયેલા પરિવારજનોએ હૉસ્પિટલમાં તોડફોડ કરી હતી, જેને કારણે ડોક્ટરો અને કર્મચારીઓ થોડા સમય માટે હડતાળ પર ઊતર્યા હતા.

ભગવાન નિંબોરે નામના શખસને બુધવારે રાતે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને તેનું મોડી રાતે એક વાગ્યાની આસપાસ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આથી પરિવારજનોએ વહેલી સવારે હોસ્પિટલમાં તોડફોડ કરવા સાથે ડોક્ટર અને નર્સ પર હુમલો કર્યો હતો.

દર્દીને મગજ, લીવર અને કિડનીમાં ભારે નુકસાન થયું હતું અને તેને જ્યારે હોસ્પિટલમાં લવાયો હતો ત્યારે તેની હાલત ગંભીર હતી. અમે તેની છેવટ સુધી સારવાર ચાલુ રાખી હતી અને તેની સ્થિતિ અંગે મેયરને અપડેટ આપતા રહ્યા હતા. અમે દર્દીને બીજી હોસ્પિટલમાં મોકલી શકયા હોત, પણ સ્થિતિ એટલી ગંભીર હતી કે તે માર્ગમાં મૃત્યુ પામ્યો હોત, એમ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. મનોહર બનસોડેએ જણાવ્યું હતું. દર્દીનું મૃત્યુ થયા બાદ તેના પંદરથી ૨૦ સગાંવહાલાં તથા હોસ્પિટલમાં હાજર અન્ય લોકો ઉશ્કેરાયા હતા અને તેમણે ડોક્ટર તથા નર્સ પર હુમલો કર્યો હતો. આ અંગે જાણ થયા બાદ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હોવા છતાં ટોળાએ હોસ્પિટલમાં ગ્લાસ પેનલ્સ તોડી નાખી હતી અને કાઉન્ટર, ખુરશીઓ અને દેખરેખ માટેના સાધનોની તોડફોડ કરી હતી. આ ઘટના બાદ હોસ્પિટલના ડોક્ટરો અને કર્મચારીઓએ કામ બંધ કરી દીધું હતું અને કઠોર કાર્યવાહી તથા સારી સુરક્ષાવ્યવસ્થાની માગણી કરી હતી. ઉલ્હાસનગરનાં મેયર અશ્ર્વિની નિકમ અને પાલિકાના અધિકારીઓ પણ હોસ્પિટલમાં દોડી આવ્યાં હતાં અને હડતાળ પર ઊતરેલા ડોક્ટરો અને કર્મચારીઓને ખાતરી આપી હતી કે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે. ત્યાર બાદ તેમણે હડતાળ પાછી ખેંચી લીધી હતી.

# વિદ્યાર્થિની પર જાતીય હુમલો: શિક્ષકને ત્રણ વર્ષની સખત કેદ

થાણે: સાત વર્ષ અગાઉ ‘સરપ્રાઈઝ ટેસ્ટ’ દરમિયાન ૧૭ વર્ષની વિદ્યાર્થિની પર જાતીય હુમલો કરવાના કેસમાં થાણેની સ્પેશિયલ પોક્સો કોર્ટે ૩૭ વર્ષના શિક્ષકને કસૂરવાર ઠેરવી ત્રણ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી. આવું કૃત્ય ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધ પર લાંછન લગાડે છે, એવું વિશેષ જજ રુબી યુ માલવણકરે મંગળવારે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું.

ફરિયાદ પક્ષ અનુસાર ૨૪ મે, ૨૦૧૯ના એક ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં દીપક શ્રીમંત કદમે આ કૃત્ય આચર્યું હતું. સિનિયર ટીચર કદમે ‘સરપ્રાઈઝ ટેસ્ટ’ને બહાને ફરિયાદીને પોતાની કેબિનમાં બોલાવી હતી. પછી કદમે વિદ્યાર્થિનીને અયોગ્ય સ્પર્શ કર્યો હોવાનું વિશેષ સરકારી વકીલ યોગેન્દ્ર પાટીલે ટ્રાયલ દરમિયાન કોર્ટમાં જણાવ્યું હતું.

બનેલી ઘટનાની જાણ વિદ્યાર્થિનીએ તાત્કાલિક તેની બહેનપણીઓ અને પછી પિતાને કરી હતી, જેને પગલે એફઆઈઆર નોંધાયો હતો.

જોકે કદમે જણાવ્યું હતું કે છોકરીએ ‘ઓછી’ હાજરીથી બચવા માટે ફરિયાદ નોંધાવી હતી. જોકે આ ‘પછીથી આવેલો વિચાર’ હોવાનું કહીને કોર્ટે આ બચાવ નકારી કાઢ્યો હતો. કોર્ટે નોંધ કરી હતી કે આરોપી આવા શિસ્તના મુદ્દાઓ સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયો છે.

આરોપીએ ગેરવર્તન દ્વારા સ્પષ્ટ રીતે વિદ્યાર્થિની સામે ખરાબ અને ઘૃણાસ્પદ ચિત્ર ઊભું કર્યું, જેનાથી ગુરુ-શિષ્યની છબિ ખરડાઈ છે, એવું જજે નોંધ્યું હતું.

કોર્ટે કદમને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટની વિવિધ કલમો હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો. આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી અને પાંચ હજાર રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# નાંદેડ પોલીસે ગોદામમાંથી ૪,૭૯૬ તીક્ષ્ણ હથિયારો જપ્ત કર્યાં

છત્રપતિ સંભાજીનગર: નાંદેડમાં નધણિયાતા ગોદામમાંથી પોલીસે ‘ઇમ્પોર્ટ ક્વોલિટી’ના ૪૩ લાખ રૂપિયાના ૪,૭૯૬ તીક્ષ્ણ હથિયારો ગુરુવારે સવારે જપ્ત કર્યાં હતાં. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કેટલાંક હથિયાર વિધિ અને ધાર્મિક હેતુઓ માટે હોઇ શકે છે, જ્યારે બાકીનાનો ઉપયોગ ગુનાઓમાં કરી શકાય એવા છે.

નાંદેડના અબચલનગરમાં ગેરકાયદે શસ્ત્રો સંગ્રહી રાખવામાં આવ્યાં હોવાની માહિતી મળ્યા બાદ પોલીસ ટીમે એક વ્યક્તિને તાબામાં લીધી હતી, જે પોલીસને તલવાર, ખંજર, ગુપ્તી જેવા હથિયાર સુધી દોરી ગઇ હતી, એમ નાંદેડના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અબિનાશ કુમારે કહ્યું હતું.

જપ્ત કરાયેલા હથિયારો ‘ઇમ્પોર્ટ ક્વોલિટી’ના છે અને તેનો ઉપયોગ ગુનાઓ માટે થઇ શકે છે. અમે ૪,૭૯૬ તીક્ષ્ણ હથિયારો ગોદામમાંથી જપ્ત કર્યાં હતાં, જે ગેરકાયદે સંગ્રહ કરી રાખવામાં આવ્યાં હતાં. પોલીસે સંદેશો આપ્યો છે કે તેઓ આ હથિયારોના સપ્લાયર્સ સુધી પણ પહોંચી શકે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## આઠમા પાનાનું ચાલુ

### બાળ અધિકાર

રહે. મુખ્ય પ્રધાન સમક્ષ સુશીલા શાહની પુનઃનિયુક્તિની સતત માગ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન, એનસીપીના ઘણા અનુભવી ઉમેદવારોએ મહિલા આયોગની જેમ બાળ અધિકાર આયોગના અધ્યક્ષ પદ પણ તેમની પાસે રહે તે માટે રણનીતિ તૈયાર કરી હતી. જોકે, બંને સાથી પક્ષના દાવાઓને બાજુ પર રાખી ભાજપએ સંજય પુરાણિકના નામની પુષ્ટિ કરી છે. પુરાણિક સંઘ પરિવારમાં વિશ્વાસપાત્ર ચહેરો માનવામાં આવે છે.

### શિંદે બચ્યા

માટે રવાના થયા હતા. હેલિકોપ્ટર ઉડાન ભર્યાના થોડા સમય પછી, હવામાનમાં અણધાર્યો ફેરફાર થયો હતો. કલ્યાણ વિસ્તારમાં અચાનક તોફાન સાથે વરસાદ પડ્યો હતો. હેલિકોપ્ટર હવામાં જ તોફાનમાં ફસાઈ ગયું હતું. જોરદાર પવન અને નબળી દૃશ્યમાનતાને કારણે હેલિકોપ્ટરને કાબૂમાં રાખવું મુશ્કેલ બન્યું હતું. આવી ગંભીર પરિસ્થિતિમાં, પાયલોટે સાવચેતી રાખીને, પોતાની ટેકનિકલ કુશળતાનો ઉપયોગ કરીને હેલિકોપ્ટરને તોફાની વિસ્તારથી સુરક્ષિત અંતરે લઈ આવ્યા હતા અને પરિસ્થિતિની ગંભીરતાને સમજીને પાયલોટે તાત્કાલિક હેલિકોપ્ટરને જુહુ એરપોર્ટ તરફ વાળીને સફળ ‘ઈમરજન્સી લેન્ડિંગ’ કર્યું હતું.

આ યાત્રા દરમિયાન હેલિકોપ્ટરમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, તેમના અંગત સહાયક પ્રભાકર કાળે, મુખ્ય જનસંપર્ક અધિકારી વિનાયક પાત્રુડકર, ઓએસડી રાજપૂત, મુખ્ય સુરક્ષા અધિકારી અને અન્ય સ્ટાફ હાજર હતો અને બધાને સુરક્ષિત બચાવી લેવાયા હતા.

### બાવનકુળે

વિશે બાવનકુળેએ શું કહ્યું? રાજ ઠાકરેને મળ્યા પછી બાવનકુળેએ આ મુલાકાતના કારણ માટે પુછવામાં આવેલા સવાલોનો જવાબ આપતાં કહ્યું હતું કે આ એક સદ્‌ભાવના મુલાકાત હતી. આ મુલાકાતમાં કોઈ રાજકીય ચર્ચા કરવામાં આવી નહોતી. હું રાજ ઠાકરેને મળવા ગયો હતો. હું તેમને સદ્‌ભાવનાના ધોરણે મળ્યો હતો. વિધાનસભાની ચૂંટણીમાં જીત્યા પછી, હું પ્રધાન બન્યો ત્યારથી, અમે બેથી ચાર વાર મુલાકાત કરી છે. મેં તેમને કહ્યું હતું કે હું તમારી પાસે ચા પીવા આવવા માંગું છું. આજે (ગુરુવારે) રાજ ઠાકરેએ મને ચર્ચા માટે ચા પીવાનો સમય આપ્યો હતો, એમ બાવનકુળેએ જણાવ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે રાજ્યમાં થોડા દિવસ પહેલાં રાજ્યના અધિકારીઓ માટે હિન્દીની પરીક્ષાનું ફરમાન કાઢવામાં આવ્યું હતું અને રાજ ઠાકરેની પાર્ટીએ આનો વિરોધ કર્યા બાદ રાજ્ય સરકારે પારોઠનાં પગલાં ભરવાની ફરજ પડી હતી. હવે આ પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે, પરંતુ રદ કરવામાં આવી નથી. આ બધા વચ્ચે બાવનકુળેની મુલાકાત અનેક ચર્ચાનું કારણ બની છે.

### થાણેમાં

આવશે. ઘોડબંદર રોડ પર બ્રહ્માંડ સિગ્નલથી કાપુરબાવડી વાયા માનપાડા-બ્રહ્માંડ સિગ્નલ જવાના રૂટ પર ટ્રાફિક બંધ રહેશે. આ રૂટ પર તમામ પ્રકારના વાહનોનો પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે. ઉપરાંત, એમજી મોટર્સ શોરૂમ, માનપાડાથી માનપાડા બ્રિજ તરફ જતા વાહનો માટે પુલ પર પ્રવેશ બંધ રહેશે.

કાપુરબાવડી તરફ જતા વાહનોએ બ્રહ્માંડ સિગ્નલ પર ડાબે વળવું પડશે અને બ્રહ્માંડ સર્કલ, આઝાદનગર રોડ, લોઢા અમારા ફ્રન્ટ સ્ક્વેર, કોલશેત-ઢોકાલી રોડ થઈને કાપુરબાવડી તરફ આગળ વધવું પડશે. ઘોડબંદર રોડથી આવતા વાહનોએ માનપાડા બ્રિજ પાસે સ્લિપ રોડ પર નાગોરી ટી સ્ટોલ પાસે ડાબે વળીને મુલ્લાબાગથી ટીકુજીની વાડી સર્કલ થઈને વેરિઅન્ટ નીલકંઠ ગ્રીન સામેના રસ્તા પર આગળ વધવાની પોલીસે અપીલ કરી છે. ટ્રાફિક જામ ટાળવા અને ઘોડબંદર રોડ પર ટ્રાફિક સુગમ રહે તે માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારે વાહનોને આ સમયગાળા દરમિયાન આ માર્ગ પર મુસાફરી કરવાનું ટાળવા અપીલ કરવામાં આવી છે. ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું કે આ પ્રતિબંધ પોલીસ વાહનો ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ, ગ્રીન કોરિડોર, ઓક્સિજન ગેસ વાહનો અને અન્ય આવશ્યક સેવા વાહનોને લાગુ પડશે નહીં.

### ...પણ મહારાષ્ટ્રમાં

કરી છે. આ ટીમો મુખ્ય બજારો જ નહીં પરંતુ શહેરની બહારના ગોદામોનું પણ નિરીક્ષણ કરી રહી છે.

તાજેતરમાં એફડીએએ નવી મુંબઈના વાશીમાં આવેલા એપીએમસી ફળ બજારમાં દરોડા પાડ્યા હતા. આ દરોડામાં તેને પકવવાની પદ્ધતિઓ પણ પ્રકાશમાં આવી છે. હાલમાં બજારમાં કેરી પકવવા માટે કેલ્શિયમ કાર્બાઇડનો ઉપયોગ થઈ રહ્યો છે. આ રસાયણનો ઉપયોગ ગેસ વેલ્ડીંગ માટે થાય છે. આ રસાયણની બોટલો કેરીના બોક્સમાં રાખવામાં આવે છે. તેમાંથી નીકળતો એસિટિલિન ગેસ કેરીનો રંગ બદલી નાખે છે.

ઘણી જગ્યાએ બગીચાઓમાંથી કાચી કેરી કાપ્યા પછી તેના પર ઇથિલિન સ્પ્રે નામના રસાયણોનો છંટકાવ કરવામાં આવે છે. તાજેતરના દરોડામાં આવા રસાયણોની કેટલીક બોટલો મળી આવી હતી, જેના લેબલ પણ નકલી હતા. આ રસાયણો ફળના કોષોને સીધી અસર કરે છે અને તેમને નરમ પાડે છે. ખાદ્ય સુરક્ષા ધોરણો મુજબ કેલ્શિયમ કાર્બાઇડ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. આ રસાયણોથી પાકેલી કેરીઓ ઓળખવી મુશ્કેલ છે કારણ કે તે બહારથી ખૂબ જ પીળી અને આકર્ષક દેખાય છે. આવી કેરી ખાવાથી ગંભીર પરિણામો આવી શકે છે. તેનાથી ગળામાં દુખાવો, ઝાડાઊલટી અને પેટમાં દુખાવો જેવી આડઅસરો થઈ શકે છે. તે શરીરના ચેતાતંત્રને અસર કરી શકે છે, જેના કારણે યાદશક્તિમાં ઘટાડો થાય છે અને કેન્સરનું જોખમ રહે છે. એફડીએના સંયુક્ત કમિશનર મહેશ ચૌધરીએ આ બાબતે સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે.

### બીડ જિલ્લાના

અવિનાશ પાઠકનું નામ, હોદ્દો અને બોગસ હસ્તાક્ષરનો ઉપયોગ કરીને નકલી વળતર મંજૂરીઓ જારી કરવામાં આવી હતી.

લાતુરના વતની પાઠક અગાઉ કોવિડ-૧૯ મહામારી દરમિયાન લાતુરમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર તરીકે સેવા આપી ચૂક્યા હતા. તેમણે ધારાશિવ જિલ્લામાં જમીન સંપાદન અધિકારી તરીકે પણ કામ કર્યું હતું.

આ મામલાની તપાસ માટે નિયુક્ત કરાયેલી સમિતિની પ્રાથમિક તપાસ મુજબ ૧ માર્ચ, ૨૦૨૫થી ૧૭ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન તત્કાલીન પાઠકનું નામ, હોદ્દો અને હસ્તાક્ષરનો દુરુપયોગ કરીને બનાવટી આદેશો તૈયાર કરવાના ૧૫૪ કેસ પ્રકાશમાં આવ્યા હતા.

આ ૧૫૪ કેસોમાં ૨૪૧.૬૨ કરોડ રૂપિયાના વળતર માટે બનાવટી આદેશો તૈયાર કરવામાં આવ્યા હતા. પાઠક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

લાતુર પોલીસની મદદથી બીડની ટીમે લાતુરના હટ્ટે નગર વિસ્તારમાં આવેલા નિવાસસ્થાનેથી પાઠકની ધરપકડ કરી હતી. આ કાર્યવાહી આસિસ્ટન્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ વ્યંકટરામનના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. (પીટીઆઇ)

### હાઈ કોર્ટે

એવા કિસ્સાઓ ટાંક્યા હતા જ્યાં સાક્ષીઓએ પાછળથી દાવો કર્યો હતો કે ટ્રાયલ કોર્ટ દ્વારા તેમની જુબાનીઓ સચોટ રીતે નોંધવામાં આવી નહોતી.

અપીલમાં માગ કરવામાં આવી હતી કે ચુકાદો રદ કરવામાં આવે અને કેસની ફરીથી સુનાવણી કરવામાં આવે.

ખાસ કોર્ટે પોતાના ચુકાદામાં અપૂરતા પુરાવા અને ફરિયાદ પક્ષ દ્વારા વાજબી શંકાથી આગળ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળતાનો ઉલ્લેખ કર્યો હતો. ટ્રાયલ કોર્ટે કહ્યું હતું કે સીબીઆઈ આ અધિકારીઓ અને સ્થાનિક રાજકારણીઓ વચ્ચે કોઈ સાંઠગાંઠ હોવાનું સાબિત કરવામાં નિષ્ફળ ગઈ, જેમાંથી કેટલાકને કેસમાં આરોપી પણ ગણવામાં આવ્યા હતા પરંતુ બાદમાં તેમને છોડી મૂકવામાં આવ્યા હતા.

શેખ, તેમની પત્ની અને તેમના સાથી, જેઓ હૈદરાબાદથી બસમાં મહારાષ્ટ્રના સાંગલી પરત ફરી રહ્યા હતા, તેમને ૨૨-૨૩ નવેમ્બર, ૨૦૦૫ ની રાત્રે પોલીસ ટીમે કસ્ટડીમાં લીધા હતા. દંપતીને એક વાહનમાં અને પ્રજાપતિને બીજા વાહનમાં લઈ જવામાં આવ્યા હતા.

સીબીઆઈ મુજબ, શેખની હત્યા ૨૬ નવેમ્બર, ૨૦૦૫ ના રોજ ગુજરાત અને રાજસ્થાન પોલીસની સંયુક્ત ટીમ દ્વારા કરવામાં આવી હતી અને તેના ત્રણ દિવસ પછી કૌસર બીની હત્યા કરવામાં આવી હતી. ઉદયપુર સેન્ટ્રલ જેલમાં બંધ પ્રજાપતિનું ૨૭ ડિસેમ્બર, ૨૦૦૬ ના રોજ ગુજરાત-રાજસ્થાન સરહદ પર એક એન્કાઉન્ટરમાં મોત થયું હતું. પીટીઆઈ

### ઑફિસમાં

વિરુદ્ધ સહી ઝુંબેશ શરૂ કરી છે.

એસી લોકલ ટ્રેનોની સંખ્યા વધારવા અંગે રેલવે પ્રશાસને જણાવ્યું હતું કે, મુંબઈમાં વધતી ગરમીને કારણે એસી લોકલ વધારવામાં આવી છે, પરંતુ ટિકિટના ભાવ ખૂબ ઊંચા છે, તેથી સામાન્ય મુસાફરો સામાન્ય લોકલ ટ્રેનો પર આધાર રાખી રહ્યા છે. એસી લોકલ ટ્રેનો પછી આવતી લોકલ ટ્રેનોમાં મુસાફરોની ભીડ વધી જાય છે. તેથી, નાગરિકો તરફથી એસી લોકલ ટ્રેનોને બદલે સામાન્ય લોકલ ટ્રેનો ચલાવવાની માંગ છે. મુસાફરોના મતે સાંજે ૦૬.૩૩ વાગ્યાની એસી લોકલ મુસાફરો માટે મુખ્ય અવરોધ બની રહી છે. એવો આરોપ છે કે આ લોકલના કારણે આગામી ૦૬.૪૧ વાગ્યાની સામાન્ય લોકલ દરરોજ ૧૦ થી ૧૫ મિનિટ મોડી ચાલી રહી છે. લોકલ થોડી મિનિટ પણ મોડી પડે તો સીએસએમટી સ્ટેશન પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળે છે. જેના કારણે મુસાફરોની સલામતી અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### આ વિસ્તારોમાં

પાણીપુરવઠો બંધ રહેશે. તો ઠાકુરદ્વાર, એમ.કે. રોડ, આર. આર. રોડ, જે. એસ. એસ. રોડ, ખાડિલકર રોડ, ગિરગાવ રોડ, હ્યુજેસ રોડ, બાબુલનાથ રોડ, ચોપાટી રોડ, વિસ્તારમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો થશે.

ઈ-વોર્ડમાં શુક્રવારે એમ.એસ. અલી માર્ગ, બેલાસીસ રોડ, કમાઠીપુરા, શંકરરાવ પુલ રોડ, શુકલાજી સ્ટ્રીટ, માનાજી રાજુજી માર્ગ, મૉરલેન્ડ માર્ગ, અગ્રીપાડા, સાત રસ્તા જંકશન, બી.જે. માર્ગ, સામે ગુરુજી રોડ, એમ.એ. માર્ગ, ડૉ. આનંદરાવ માર્ગ, નાયર હૉસ્પિટલ, કસ્તુરબા હૉસ્પિટલ, જગજીવનરામ હૉસ્પિટલ, વોકહાર્ડ હોસ્પિટલ વિસ્તારમાં પાણી સંપૂર્ણપણે બંધ રહેશે.

જી-વોર્ડમાં સાત રસ્તા, જે.આર. બોરીચા માર્ગ, સાને ગુરુજી માર્ગ, કેશવરાવ ખાડયે માર્ગ, ધોહીઘાટ, જી.બી. સપકાળ માર્ગ, ડૉ.ઈ. મોઝેસ રોડ પર અમુક વિસ્તારમાં શુક્રવારે પાણીપુરવઠો બંધ રહેશે.

## હિન્દુ મરણ

**સૌરાષ્ટ્ર કડવા પાટીદાર**

મૂળ ગામ વેરાડ, હાલ બોરીવલી (વેસ્ટ) સ્વ.શાંતાબેન બાબુલાલ ભાલોડીયા (ઉ.વ.૮૦) તેઓ બાબુલાલભાઈના પત્ની, અતુલભાઈ, યોગેશભાઈ, ચંદ્રિકાબેન તથા પ્રફુલ્લાબેનના માતુશ્રી, અસ્મિતા તથા શશીના સાસુ, બુધવાર તા.૬-૫-૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું બેસણું તા.૮-૫-૨૬ના શુક્રવારના રોજ સાંજે ૪.૩૦થી ૬.૦૦. સ્થળ: શ્રી પાટીદાર સેવા સમાજ, સંત જ્ઞાનેશ્વર રોડ, નેન્સી કોલોની, બોરીવલી ઈસ્ટ. સદ્ગતનું વેરાડ ખાતે બેસણું સોમવાર ૧૧-૫-૨૬ના રોજ સવારે ૮થી ૧૧ કલાકે રાખેલ છે. સ્થળ: શ્રી પાટીદાર સમાજ, વેરાડ.

**પોરેચા દશા મોઢ માંડલિયા વણિક**

પોરબંદર નિવાસી હાલ કાંદિવલી સ્મિતા રાજેશ મહેતા (ઉં. વ. ૬૩) મંગળવાર તા. ૫-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેશ નાગરદાસ મહેતાના ધર્મપત્ની. ચાર્મીના માતુશ્રી. તે પિયરપક્ષે સ્વ. રસિકભાઇ પ્રભાબેનના સુપુત્રી. મીનાબેન, દિપિકાબેન, અલકાબેન અને રાજેશ પારેખના બેન. શ્ર્વસુર પક્ષે સ્વ. લલિતાબેન નાગરદાસ મહેતાના પુત્રવધૂ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ મસ્કાના (હાલ મુંબઇ) હિરેન હિંમતભાઇ મહેતા (ઉં. વ. ૪૭) તા. ૬-૫-૨૬ના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. ભારતીબેન અને હિંમતભાઇ શંકરજી મહેતાના પુત્ર. સ્વ. ગંગાબેન અને સ્વ. શંકરજી હરિરામ મહેતાના પૌત્ર. સ્વ. જવેરબેન અને સ્વ. જયશંકર કુંવરજી શિણાયના દોહિત્ર. ફાલ્ગુની રાકેશભાઇ પારેખ અને બિજલ સમીરભાઇ રાયઠઠ્ઠાના ભાઇ. કાંતિલાલ શંકરજી મહેતા અને રમીલાબેન કાંતિલાલ મહેતાના ભત્રીજા. પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજવાડી, ૩જે માળે, જોશી લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

કમળેજ નિવાસી હાલ બોરીવલી સ્વ. ભરતકુમાર કે. જોશીના ધર્મપત્ની છાયાબેન (ઉં. વ. ૬૨) તા.૬-૫-૨૬ બુધવારના રોજ કૈલાસવાસી થયેલ છે. તે સર્વેશભાઇ તથા બીજલના માતુશ્રી. ખુશાલી અને ચિંતનકુમારના સાસુ. વંશ, કિયાંશના દાદી. પ્રિશાના નાની. સ્વ. કપીલાબેન કાંતિલાલ જોશીના પુત્રવધૂ, સ્વ. જશવંતરાય શાંતિલાલ મહેતાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૯-૫-૨૬ શનિવારના સાંજે ૪થી ૬. ઠે. પાવનધામ, મહાવીર નગર, પાવનધામ માર્ગ, બી.સી.સી.આઇ. ગ્રાઉન્ડની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**લુહાર સુથાર**

ગં. સ્વ. મધુબેન ધનજીભાઇ ડોડીયા (ઉં. વ. ૭૧) ગામ અમરેલી હાલ અંધેરી તા. ૫-૫-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ધનજીભાઇ મુળજીભાઇ ડોડીયાના ધર્મપત્ની. તેજસભાઇ ધનજીભાઇ ડોડીયા, જયશ્રીબેન જિતેન્દ્રભાઇ ચૌહાણ, પારુલબેન અનિલભાઇ જીલકા, નયનાબેન ચેતનભાઇ મકવાણા, દિપાલીબેન ભાવીનભાઇ મકવાણા, હર્ષાબેન અવિનેશભાઇ સોલંકીના માતુશ્રી. તેજલબેન તેજસભાઇ ડોડીયાના સાસુ. ગુણવંતભાઇ ચુનીભાઇ ચુડાસમાના બેન. ગં. સ્વ. રમાબેન ત્રિભોવનભાઇ ડોડીયાના દેરાણી. પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૬ શુક્રવારના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુથાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ, વેલફેર સેન્ટર, વિશ્વકર્મા રોડ, અંબાજી મંદિરની પાસે, કાર્ટર રોડ નં-૩. બોરીવલી (ઇસ્ટ).

**ઘોઘારી લોહાણા**

ભાવનગર નિવાસી હાલ ભાયંદર, અ.સૌ. સ્મિતાબેન સંદિપભાઈ ઠક્કર (ઉં. વ. ૫૬) તે શિખાના માતુશ્રી. શારદાબેન ચંદુભાઈ ઠક્કરના સુપુત્રી. કેતનભાઈ, નિકુંજભાઈ, જયેશભાઈ (મહુવા) ના બહેન તથા હરેશભાઈ, જગદીશભાઈ, જયાબેન, અનસુયાબેન, કૈલાસબેન, નયનાબેન, રીટાબેનના નાનાભાઈના પત્ની. બુધવાર તા. ૬-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૮-૫-૨૬ના રોજ સવારે ૧૦ થી ૧૨. કપોળવાડી, વાલચંદ સોસાયટી સામે, ગીતાનગર, ભાયંદર વેસ્ટ.

**હાલાઇ ભાટિયા વીરજીયાણી**

ગં.સ્વ માલતી પ્રતાપસિંહ (ઉં. વ. ૮૨) તે સ્વ. રાધાબેન લક્ષ્મીદાસ ચત્રભુજના પુત્રવધૂ. સ્વ. શકુંતલા લાલજી વેદના દીકરી. તેજસ, સંજય, મીનાક્ષીના માતુશ્રી. તેજલ, અંજલિના સાસુ. ધૈર્યના દાદી. અનુબેન, દમુબેન, તથા વિજયના ભાભી. ૬/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૯/૫/૨૬ના રોજ ૪.૩૦ થી ૬.૦૦. રેલનગર, સોસાયટી હોલ, ચંદાવરકર એક્ષ્ટેનશન રોડ, રેલ નગર, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પંચાલ સુથાર**

ગામ દમણ તથા હાલ બોરીવલી, ગં.સ્વ. મીનાક્ષીબેન (ઉં. વ.૭૫) સ્વ. નવનીતલાલ જગજીવનદાસ પંચાલના પત્ની. જિતેન્દ્ર, હિતેન્દ્ર, રીનાનાં માતુશ્રી. અમિષા, પ્રાચી તથા શૈલેશનાં સાસુ. ડૉ ડિમ્પલ, હર્ષ, ભાવીનાં બા, મુકેશ જમનદાસ મિસ્રીનાં બહેન. તા. ૪/૫/૨૬ના સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮/૫/૨૬ના શુક્રવારના રોજ સાંજે ૫ થી ૭. સ્થળ: જૈનમ બેન્કવેટ હોલ, સિંધિ કોલોની, રામનગર, શીતલ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

જાફરાબાદવાળા, હાલ અમદાવાદ, સ્વ. જયાલક્ષ્મી લક્ષ્મીદાસ ગંગાદાસ ગોરડીયાના પુત્રવધૂ. તે સ્વ. લલિતભાઈના ધર્મપત્ની વીણાબેન (ઉં. વ. ૭૭) બુધવાર તા. ૬-૫-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. ભૈરવીના માતુશ્રી. સ્વ. કનૈયાલાલ, સ્વ. છબિલદાસ, સ્વ. હસમુખરાયના ભાભી. સ્વ. અનસુયાબેન - સ્વ. દેવયાનીબેન-ગં.સ્વ. નીલાબેનના દેરાણી. પિયરપક્ષે તરેડ(મહુવાવાળા) સ્વ. દમયંતીબેન- સ્વ નાગરદાસ ગાંધીના સુપુત્રી. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

ગં.સ્વ. કાંતાબેન બાબુભાઈ પારેખ રાજુલાવાળાના સુપુત્ર ભરતભાઈ હાલ વડોદરા, તા. ૬/૫/૨૬ને બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. નિલેશ તથા જલ્પાના પિતાશ્રી. ડિમ્પલ તથા ચિરાગના સસરા. કરદેજવાળા હરજીવનદાસ લક્ષ્મીદાસ મોદીના જમાઈ. સ્વ. પ્રવીણભાઈ, ચંદ્રકાંતભાઈ, રમેશભાઈ, જીતુભાઈ તથા સ્વ. ભાનુબેન વામનરાય મહેતાના ભાઈ. મોસાળપક્ષે નરોત્તમદાસ માધવજી વોરા ડુંગરવાળાના ભાણેજ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

મૂળ લાલપુરના, હાલ સાંતાક્રુઝ, અ.સૌ. શોભનાબેન (માલતીબેન) સુરેશ આશર (ઉં. વ. ૭૯) તે નીલેશ, ધર્મેશ, દેવાંગના માતુશ્રી. માધવી, સીમાના સાસુ. સ્વ. રણજિત, દિલિપ તથા હરેશના ભાભી. સનતકુમાર તથા મુકેશ બાબુલાલ પાલેજા. બીના બહાદુર ઉદેશી, સ્વ. હેમલતા દીપક સરૈયાના બહેન. નિમય, જહન, મોરિસ્કા, ખુશ્બુ, યુનયના દાદી, બુધવાર, ૬ મે, ૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, ૯ મે, ૨૦૨૬ સાંજે ૪.૩૦થી ૬.૦૦. સ્થળ: આર્યસમાજ, લિંકીંગ રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

**દશા પોરવાળ પાટણ**

મુંબઇ નિવાસી કનૈયાલાલ માધવલાલ શાહ (ઉં. વ. ૯૮) તે સ્વ. કિશોરીબેનના પતિ. જનક અને મીરાના પિતાશ્રી. કામિની અને અમરીશભાઇના સસરા. સ્વ. રેણુકાબેન, સ્વ. રાજેન્દ્રભાઇ, સ્વ. ભારતીબેન અને ગં. સ્વ. અનસુયાબેનના મોટાભાઇ બુધવાર તા. ૬-૫-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી બેતાલીસ મંડળ જૈન**

માણસા નિવાસી હાલ મલાડ મહેન્દ્રભાઇ ભોગીલાલ શાહ (ઉં. વ. ૮૭) તા. ૫-૫-૨૬ના અરિહંતશરણ થયા છે. તે અતુલભાઇ, રાજેશભાઇ, સંજયભાઇ તથા હીનાબેનના પિતાશ્રી. પલ્લવીબેન, હેમંતીબેન, સોનાબેન તથા શ્રીકાંતકુમારના સસરા. પ્રાર્થનાસભા તા. ૯-૫-૨૬ના સવારના ૧૦થી ૧૨.૩૦. ઠે. પી. ડી. ખખ્ખર બેંકવેટ હોલ, અસ્પી ઓડિટોરિયમ ૧લે માળે, માર્વે રોડ, મલાડ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના પ્રભાવતી તલકશી મારૂ (ઉં. વ. ૭૯) તા. ૬-૫-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. લક્ષ્મીબેન નાનજી માણેકના પુત્રવધૂ. તલકશી નાનજીના ધર્મપત્ની. નિલેશ, અનીતા, ભાવેશના માતુશ્રી. મોટા લાયજાના જેતબાઈ કેશવજી વિરજી છેડાના સુપુત્રી. હરખવંતી, લક્ષ્મીબેન, નર્મદાબેન, તારામતી, મુક્તાના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. ફોન રૂબરૂ તુલ્ય. ઠે. ભાવેશ મારૂ, એ/૨૦૨, પ્લેટીનમ્સ બિલ્ડીંગ, મોમાયા પાર્ક, વિલેજ રોડ, ભાંડુપ (વે.), મું. ૭૮.

વડાલાના બા.બ્ર. સાકરબેન વેલજી સાવલા (ઉં. વ. ૯૭) તા. ૬-૫-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી જેઠીબેન વેલજી રાયશીના પુત્રી. નાગજી, મોંઘીબેન શામજી, મીઠીબેન ઉમરશી, છસરાના અમૃતબેન રામજી, વિમળાબેનના બેન. કુંવરબેન દેવજી દેઢીયાના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. નાગજી વેલજી સાવલા, સાવલા સદન, શાંતિનગર, મંડપેશ્વર રોડ, બોરીવલી (વે.), મુંબઇ-૪૦૦૦૯૨.

કાંડાગરાના શ્રી લલિત કુંવરજી છેડા (ઉં. વ. ૭૦) તા. ૫-૫-૨૬ ના દેહ પરિવર્તન કરેલ છે. મા. પાનબાઈ/પુરબાઈ કુંવરજીના પુત્ર. ભાવનાના પતિ. શીતલ, ચિંતનના પિતા. ભુજપુરના ઉમરબેન મેઘજી. કોડાયના સાકરબેન નરશી, ડો. તારા ડો. સુરેન્દ્ર, નિર્મળા રમેશ, બેરાજાના ઝવેર છગન, વાંકીના હંસા રમેશ, મોટી ખાખરના હેમા ચીમનલાલ ના ભાઈ. મણીબેન હીરજીના જમાઈ. પ્રાર્થના: યોગી સભાગૃહ, દાદર (ઈ).ટા. ૪ થી ૫.૩૦.

નાના ભાડિયા હાલે ચેન્નાઇના ચંચળ પોપટ ગડા (ઉં. વ. ૭૪) તા. ૪-૫-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. ધનવંતી ધનજીના પુત્રવધૂ. પોપટના ધર્મપત્ની. પાયલ, અંકુર, ભૈરવીના માતુશ્રી. સ્વ. લક્ષ્મીબેન/ઝવેરબેન કુંવરજી ના પુત્રી. સ્વ. મુલચંદ, શાંતિલાલ, અનિલ, સ્વ. પ્રવિણ ના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં નિ. : પોપટ ગડા, એ-૩૦૨, ડેક્કન પ્રગતિ, દુર્ગા રોડ, પલ્લાવરમ, ચેન્નાઇ-૬૦૦૦૪૩.

કુંદરોડીના પોપટલાલ ખીમજી મામણીયા (ઉં. વ. ૮૩) તા. ૬-૫ના અવસાન પામ્યા છે. જીવીબાઈ ખીમજી મુરજી પુંજાના સુપુત્ર. ઉર્મિલાના પતિ. વિપુલ, પીંકીના પિતાશ્રી. જીવરાજ, શામજી, ગાંગજી, કાંતિલાલ, હસમુખ, કલ્યાણજીના ભાઈ. જીવીબાઈ પ્રેમજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પોપટલાલ મામણીયા : ૪૦૪, દ્વારકાદાસ રતનશી બિલ્ડીંગ, કડવા લેન, કોર્ટ નાકા, થાણા (વે.)-૪૦૦૬૦૧.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી હાલ મુંબઇ સુભાષભાઇ સૌભાગ્યચંદભાઇ મોદીના ધર્મપત્ની અ. સૌ. પ્રતિભાબેન (ઉં. વ. ૭૯) તા. ૬-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. કાર્તિક, શીતલના માતુશ્રી. જયેશભાઇ, શીવાનીના સાસુ. હૃદય, પ્રીશાના દાદી. સ્વ. અમુલખભાઇ, સ્વ. શાંતીભાઇ, સ્વ. હસમુખભાઇ, સ્વ. પ્રકાશભાઇ, સ્વ. મંજુલાબેન દૌલતભાઇ મોદી, વર્ષાબેન કિરીટભાઇ મહેતાના ભાભી. પિયરપક્ષે ધોરાજી નિવાસી સ્વ. ધીરજલાલ વચ્છરાજ હેમાણી, ગં. સ્વ. સરયૂ ધીરજલાલ હેમાણી (હાલ સાંતાક્રુઝ) સ્વ. પ્રફુલ્લભાઇ સ્વ. દિલીપભાઇ, ઇલા, દિપક, નિતીનના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની


# ટક્કરનું ટેંશન કેવું જબરું હોય છે...


**બોક્સ ઓફિસ પર બે અગ્રણી અભિનેતા કે નામાંકિત ફિલ્મમેકરોની રજૂઆત સાથે કે આગળપાછળ થાય ત્યારે બન્ને પક્ષ વચ્ચે ઉચાટ અને મુંઝારો અવશ્ય પેદા થતો હોય છે**

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

'આ દેખેં જરા કિસમેં કિતના હૈ દમ' કેવળ આનંદ બક્ષી લિખિત ગીતની પંક્તિ નથી, રિલીઝ થતી નવી હિન્દી ફિલ્મો વચ્ચે પ્રસંગોપાત જોવા મળતી બોક્સઓફિસ ટક્કરનો હિસાબકિતાબ એમાં ધરબાયેલો હોય છે.

છેક ૧૯૪૯થી આ સિલસિલો ચાલી રહ્યો છે જ્યારે હિન્દી ચિત્રપટ સૃષ્ટિના બે યુવાન એક્ટરની ફિલ્મ વચ્ચે બોક્સ ઓફિસ પર ટક્કર જોવા મળી હતી. ૭૭ વર્ષ પછી પણ રૂપેરી પડદા પર બે અગ્રણી અભિનેતા કે પછી નામાંકિત ફિલ્મમેકરોના ચિત્રપટ બોક્સઓફિસ પર ટક્કર લે એ જિજ્ઞાસાનો વિષય જરૂર બને છે.




૧૯૪૯માં દિલીપ કુમારની 'અંદાજ' (૧૮ માર્ચ, ૧૯૪૯ જેમાં રાજ કપૂર પણ હતા) અને રાજ કપૂરનું પોતાનું નિર્માણ 'બરસાત' (૨૧ એપ્રિલ,૧૯૪૯) વચ્ચે બોક્સઓફિસ પર ટક્કર થઈ હતી. ૨૦૨૬માં પણ ત્રણ મજેદાર ટક્કર જોવા મળવાની છે. એક ટક્કર છે આવતા મહિને વરુણ ધવન (હૈ જવાની તો ઈશ્ક હોના હૈ) અને જહાન્વી કપૂર (પેડી) વચ્ચે. બીજી વધુ મજબૂત ટક્કર છે જુલાઈ મહિનામાં અજય દેવગન (ધમાલ ૪) અને આલિયા ભટ્ટ (આલ્ફા) વચ્ચે અને ત્રીજી પણ જુલાઈમાં જ છે બે એક્શન સ્ટાર સની દેઓલ (બટવારા ૧૯૪૭) અને સલમાન ખાન (માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ) વચ્ચે.

આપણે જેનો હમણાં ઉલ્લેખ કર્યો એ ૧૯૪૯ની ટક્કરમાં બંને ફિલ્મ સફળ થઈ હતી. ૨૦૨૬માં શું થશે? પ્રેક્ષકો જાણે.

આવી ટક્કરનો ઈતિહાસ સાફ સાફ કહે છે કે દર્શક માઈબાપને મુકાબલા સાથે કશી લેવાદેવા નથી. એમને જો પસંદ પડી તો બંને ફિલ્મને આવકાર આપે છે, જે ૨૦૦૧માં રિલીઝ થયેલી 'લગાન' અને 'ગદરઃ એક પ્રેમકથા'માં જોવા મળ્યું. એકને માથે મૂકીને નાચે (શાહરુખની મૈં હૂં ના) અને બીજીને પીઠ દેખાડી દે (સંજય લીલા ભણસાલીની સાંવરિયા) અને ન ગમે તો બંને તરફથી મોઢું ફેરવી લે (૨૩ માર્ચ ૧૯૩૧ઃ શહીદ અને ધ લેજન્ડ ઓફ ભગતસિંહ). દર્શકોની પસંદ - નાપસંદમાં સ્ટારની હાજરી, ક્રાંતિકારી કથા કે બીજા કોઈ પરિબળ ક્યારેક હવાઈ ગયેલા ફટાકડા સાબિત થતા હોય છે.

બોક્સઓફિસ પર થનારી આ ટક્કરનું ટેંશન કોને હોય? દર્શકોને? કહેવું મુશ્કેલ એટલા માટે છે કે એના મનમાં બે ફિલ્મની ટિકિટ માટે કેટલા ગણી આપવા પડશે એનો હિસાબકિતાબ હોય છે કે કયા કલાકારની કે કયા જોનર (એક્શન કે લવ સ્ટોરી કે બીજો કોઈ પ્રકાર)ની કે અન્ય કોઈ મથામણ હોય એ જાણવી - સમજવી બહુ અઘરું છે.

કલાકારોને ટેંશન હોય? હોય પણ ખરું અને ન પણ હોય. જેના પગ જામી ગયા છે એને બહુ ચિંતા નથી હોતી. હા, એક હિટ બીજી ચાર ખેંચી લાવે એવા નવોદિત કે સતત ફલોપનો અનુભવ કરતા કલાકારનો જીવ તાળવે હોય એ સમજી શકાય છે. સૌથી મોટું અને સાચું ટેંશન આ ફિલ્મોમાં જેના પૈસા લાગેલા હોય છે એ નિર્માતા તેમજ ડિસ્ટ્રિબ્યુટર- એક્ઝિબિટર જેવા લોકોને હોય એ સ્વાભાવિક કહેવાય.

**જાણીએ આપણે ૨૦૨૬ની ત્રણ મજબૂત ટક્કર વિષે....**

## વરુણ ધવન - જહાન્વી કપૂર







ડેવિડ ધવનની 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' મસાલા ફિલ્મ હશે એ કહેવાની જરૂર ખરી? રોમેન્ટિક કોમેડીમાં ઝળકી ઊઠવા માટે પિતા - પુત્ર (ડેવિડ ધવન - વરુણ ધવન) જાણીતા છે. કેવળ મનોરંજન માટે ચિત્રપટ જોતા દર્શકવર્ગને છ વર્ષ પછી આવી રહેલી ડેવિડ ધવનની ફિલ્મ માટે ઉત્સુકતા હોઈ શકે છે. વરુણ ધવન પણ એકંદરે હિટ ફિલ્મો આપવા માટે જાણીતો છે. બીજી તરફ બોની કપૂરની બેટી જહાન્વી કપૂરે વિવિધ પ્રકારની ફિલ્મો કરી પોતાનું માપસરનું કૌશલ સિદ્ધ કર્યું છે, પણ જહાન્વીની ફિલ્મ છે એટલે જોવી પડે એવો દબદબો એનો નથી. જહાન્વીની 'પેડી' મૂળે તેલુગુ ફિલ્મ છે, પણ હિન્દી અને અન્ય ભાષાઓમાં પણ રિલીઝ થવાની છે. બંનેની ટક્કરમાં શું થશે એ સમય જ કહેશે, પણ પલડું વરુણનું ભારે છે.







## સની દેઓલ - સલમાન ખાન

આ મુકાબલો એટલા માટે રસપ્રદ છે અને ઉત્સુકતા જગાડનારો છે કારણ કે બંને કલાકાર એક્શન સ્ટાર તરીકે ખ્યાતિ ધરાવે છે. એ પ્રકારની ફિલ્મોમાં તેમણે અસાધારણ સફળતા મેળવી છે. વર્તમાન સંજોગો અનુસાર સલમાનને એક હિટની તાતી જરૂર છે, કારણ કે ૨૦૧૭ની 'ટાઈગર જિંદા હૈ' પછી ભાઈજાન અચ્છેદિન માટે ફાંફાં મારી રહ્યો છે. એક હિટની તલાશમાં ભાઈ દક્ષિણ તરફ વળ્યો છે. બીજી તરફ સની દેઓલ બે સિક્વલ (ગદર ૨, બોર્ડર ૨)ને મળેલી ફાંકડી સફળતા પછી થનગની રહ્યો છે. વળી રિલીઝ થઇ રહેલી સનીની ફિલ્મ 'બટવારા ૧૯૪૭'નો દિગ્દર્શક રાજકુમાર સંતોષી છે. સંતોષી - સનીએ ભૂતકાળમાં 'ઘાયલ', 'દામિની' અને 'ઘાતક' જેવી સુપરહિટ ફિલ્મો આપી છે. એટલે અપેક્ષા હોવાની અને એમાં એ સાવ ઊણી નહીં ઉતરે એવી ધારણા રાખી શકાય. 'બટવારા ૧૯૪૭' સનીને ઇમેજ માફક આવે એવી ફિલ્મ કાગળ પર તો લાગે છે. સલમાનની આગામી ફિલ્મ 'માતૃભૂમિઃમે વોર રેસ્ટ ઈન પીસ' નામના બદલાવ સાથે રજૂ થવા તૈયાર છે. આ ટક્કરમાં સનીની ફિલ્મ પોતાના ચિત્રપટને પછાડી ન દે એવી આશા સલમાન રાખતો હોય તો એનું આશ્ચર્ય ન થવું જોઈએ.

## અજય દેવગન - આલિયા ભટ્ટ







ચિત્રપટ સૃષ્ટિમાં જેમના પગ ખાસ્સા જામી ગયા છે અને જેમને પ્રત્યેક ફિલ્મના હિટ - ફ્લોપની ચિંતા નથી કરવી પડતી એવા બે કલાકાર અજય દેવગન અને આલિયા ભટ્ટની સાવ જ અલગ અંદાજની ફિલ્મો એક અઠવાડિયાના અંતરે પ્રદર્શિત થઈ રહી છે. કેટલાક સમયથી 'સિક્વલ સમ્રાટ' બની ગયેલા અજય દેવગનની 'ધમાલ ૪' એક નિર્ભેળ કોમેડી ફિલ્મ છે. ડિરેક્ટર - પ્રોડ્યુસર ઈન્દ્ર કુમાર ઈરાની અને અશોક ઠકેરિયાએ ૨૦૦૭માં 'ધમાલ' બનાવી હતી. ત્યારબાદ 'ડબલ ધમાલ' (૨૦૧૨) અને 'ટોટલ ધમાલ' (૨૦૧૯) બનાવી અને હવે સિરીઝની ચોથી ફિલ્મ આવી રહી છે. થોડી ધમાલ મસ્તી, થોડા ડબલ મીનિંગના ડાયલોગથી ગલીપચી કરાવવી જેવા રસાયણો ધરાવતી ફિલ્મો માટે એક ચોક્કસ પ્રેક્ષકવર્ગમાં કુતૂહલ હોય છે. સાત વર્ષ પછી સિરીઝની આવી રહેલી નવી ફિલ્મ માટે ઉત્સુકતા હોઈ શકે છે.

બીજી તરફ, યશરાજ ફિલ્મ્સની 'આલ્ફા'માં આલિયા ભટ્ટ પહેલી વાર સંપૂર્ણપણે એક્શન અવતારમાં જોવા મળશે. આલિયાનું  શારીરિક કદ કદાચ એ એક્શન રોલને સંપૂર્ણ ન્યાય આપી શકશે કે કેમ એ બાબતે શંકા જન્માવે, પણ અભિનય કૌશલનું કદ એનો છેદ ઉડાડી દે છે એ આલિયાએ 'ગંગુબાઈ કાઠિયાવાડી' જેવી ફિલ્મોથી સિદ્ધ કર્યું છે. ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

પ્રોપેગેન્ડા ફિલ્મ્સ

# નફરત પર મનોરંજનનો છેતરામણો શણગાર



ફિલ્મ સર્જક લેની રિફેન્સ્ટાહલ


હિટલર










**જો એક મોટું જુઠ્ઠાણું વારંવાર કહેવામાં આવે તો લોકો છેવટે એને સાચું માનવા લાગે છે. (જોસેફ ગોબેલ્સ).**

**ફિલ્મો, જનતાના મન જીતવાનું સૌથી મજબૂત હથિયાર છે. (એડોલ્ફ હિટલર)**

**જે લોકો ભૂતકાળને યાદ રાખતા નથી, તેઓ એને ફરી ફરીથી દોહરાવે છે. (જ્યોર્જ સેન્ટાયાના)...**

૧૯૩૨માં ફિલ્મમેકર લેની રિફેન્સ્ટાહલે હિટલરને પહેલી વખત જોયો ત્યારે તેના મનમાં એક જબરદસ્ત વિચાર આવ્યો. લેનીને લાગ્યું કે આ માણસ માત્ર કોઇ રાજકારણી નથી, પણ નાટકીય પર્સનાલિટી ધરાવતો મહાન નેતા અભિનેતા છે, જેને સિનેમાનાં પડદા પર લાવવો જોઈએ. આમ તો બેઉની મુલાકાતની એ ક્ષણ સામાન્ય મુલાકાત જેવી હશે, પરંતુ પછી એમાંથી જર્મનીમાં નાઝી વિચારોવાળી ફિલ્મોની આખી ઇન્ડસ્ટ્રી ઊભી થઈ. કળા અને સત્તાનો આવો સનસનીખેજ સંગમ ઇતિહાસમાં ભાગ્યે જ જોવા મળે છે કે જેનું પરિણામ ઇતિહાસે રક્તરંજિત રીતે ચૂકવ્યું.

લાખો યહૂદીઓની નિર્મમ હત્યા કરનારો હિટલરના દેશ જર્મનીમાં સિનેમા માત્ર મનોરંજન નહોતું. વિચાર ઘડવાનું સાધન હતું. હિટલરની રાજનીતિનો ધ્યેય જર્મનીને ભય, ગર્વ ને યુદ્ધના રસ્તે એક નવો જ વર્લ્ડ-પાવર બનાવવાનો હતો. નાઝી પક્ષ જર્મનોને 'આર્યન જાતિ' તરીકે દુનિયામાં સૌથી સર્વોચ્ચ ને શુદ્ધ માનતો. યહૂદીઓને, રોમન લોકોને, અપંગોને અને અન્ય એવી ઘણી યુરોપિયન જાતિઓને હલકી ગણતો. અહીં હોલોકોસ્ટ શબ્દનો અર્થ થાય છે નાઝી શાસન દ્વારા યહૂદીઓ અને અન્ય પીડિત સમૂહોનો નરસંહાર.. જેમાં જેલવાસ, ગેસચેમ્બરો, ભૂખમરી અને અમાનવીય ત્રાસનો અકલ્પ્ય હિંસક ખેલ હતો.

હિટલરનો પ્રચારમંત્રી અને વિશ્વાસુ સહાયક જોસેફ ગોબેલ્સ હતો. ગોબેલ્સે અખબાર, રેડિયો, પુસ્તક અને ફિલ્મ પર પોતાનો કબ્જો રાખ્યો. હિટલર વિચાર આપતો હતો, અને ગોબેલ્સ એ વિચારને જર્મન સમાજમાં ફેલાવતો.

હવે આવે છે પેલી ફિલ્મ નિર્દેશકઃ લેની રિફેન્સ્ટાહલ, જેની ખાસિયત હતી આગવી સિનેમેટિક ભાષા અને  મોડર્ન સ્ટાઇલ. લેનીની ફિલ્મો માત્ર સફળ જ નહોતી, પરંતુ ટેકનિકલી અત્યંત શક્તિશાળી હતી. એની સૌથી જાણીતી ફિલ્મ 'ટ્રાયમ્ફ ઓફ ધ વિલ' ૧૯૩૫માં આવી. આ ફિલ્મ ૧૯૩૪ની ન્યુરેમ્બર્ગ રેલી પર આધારિત હતી. તેમાં હિટલર વિમાનથી નીચે ઉતરે છે, સૈનિકો એકસાથે પગલાં ભરે છે, ભીડ એક જ અવાજમાં ઉદ્ઘોષ કરે છે અને આખું દશ્ય એક ભવ્ય રાજકીય વિધિ જેવું લાગે છે. લેનીએ કેમેરાને લો-એંગલથી એટલે કે નીચે રાખીને એવી રીતે વાપર્યો કે હિટલર સામાન્ય માણસ નહીં, પણ જર્મન રાષ્ટ્રનો કોઇ દૈવી તારણહાર લાગે. એ ફિલ્મ પ્રચારનો આદર્શ નમૂનો બની. એ ફિલ્મમાં ભવ્યતા, શિસ્ત અને અંધભક્તિનું કોકટેલ હતું. કળા, સત્તા અને પબ્લિકની ભાવના ભડકાવનારું ઝેરી કોકટેલ, જે ઉપરથી મીઠું શરબત લાગે!

લેનીની બીજી કામિયાબ અને અગત્યની ફિલ્મ 'ઓલિમ્પિયા' ૧૯૩૮માં આવી. આ ફિલ્મ ૧૯૩૬ના બર્લિન ઓલિમ્પિક્સ પર આધારિત હતી, જેના ૨ ભાગ હતા (જી હાં, ૨ ભાગમાં પ્રચાર ફિલ્મો ત્યારે પણ બનતી ને ચાલતી). એક ભાગમાં રાષ્ટ્રોની સ્પર્ધા, બીજા ભાગમાં સૌંદર્ય અને શારીરિક શક્તિનો મહિમા. કેમેરા ક્યારેક પાણીમાં ઉતરે છે, ક્યારેક સ્લો-મોશનમાં દોડતા ખેલાડીઓના શરીરોને મોડેલ્સની જેમ રજૂ કરે. આમ ઉપરછલ્લી રીતે આ ફિલ્મ રમતની ઉજવણી લાગતી હતી, પણ અંદરથી તેમાં આર્યન લોહીની શ્રેષ્ઠતાનો સૂક્ષ્મ પણ છૂપો સંદેશ હતો. લેનીની કળા અહીં ચકાચૌંધ કરતી હતી, પણ તેનો આશય નિર્દોષ નહોતો. તે જાણતી હતી કે ફિલ્મમાં કેવી રીતે રાજકીય સંદેશ અપાઇ શકે છે.

સરકારી પ્રોપેગેંડાનું સૌથી ભયાનક સ્વરૂપ તો ત્યારે દેખાયું જ્યારે સરકારી પૈસે યહૂદીઓ સામે સીધી ઘૃણા ફેલાવતી બીજી ફિલ્મો બનાવવામાં આવી. ફિલ્મકાર વેઇટ હરલનની 'જુડ સુસ' ૧૯૪૦માં આવી. તેમાં યહૂદીઓને લોભી, કાવતરાખોર અને ખતરનાક તરીકે રજૂ કરવામાં આવ્યા. ફિલ્મનો ઉદ્દેશ નોર્મલ મનોરંજક વાર્તાનો નહોતો, પરંતુ દર્શકોના મનમાં નફરત પેદા કરવાનો હતો. એ જ રીતે ડેર એવિગે 'જુડે' નામની ફિલ્મમાં યહૂદીઓને જર્મનીઓના પરોપજીવી લોહી ચૂસનારાઓની જેમ બતાવવામાં આવ્યા. ગંદા વિસ્તારો, ઝૂંપડપટ્ટી અને અપમાનજનક દશ્યોને એવી રીતે શૂટ કરવામાં આવ્યા કે યહૂદીઓને સામાન્ય માણસોને માણસ તરીકે નહીં, પણ ખતરાના ચિહ્ન તરીકે જોવામાં આવે.

હિટલરે આદરેલા નરસંહાર કે 'હોલોકોસ્ટ'ની ભયાનકતામાં નાઝીઓએ પહેલાં જર્મન ભોળી પ્રજાના મનમાં ઠસાવ્યું કે કેટલાક લોકો સમાજ માટે ખતરો છે. પછી તેમને અલગ પાડ્યા. પછી કેદ કર્યા. પછી મજૂરકામના કેમ્પોમાં ધકેલી દીધા અને અંતે ગેસ ચેમ્બર અને મૃત્યુ કેમ્પ સુધી પહોંડીને મારી નાખ્યા. આ બધું રાતોરાત નહોતું થયું. એમાં પ્રચારની લાંબી ને ખતરનાક પ્રક્રિયા હતી. પ્રોપેગેન્ડા ફિલ્મો પણ આ વિનાશની માનસિક તૈયારી રૂપે હતી. જ્યારે લોકોમાં નફરત સામાન્ય બની જાય ત્યારે મૃત્યુ પણ વાજબી દેખાવા માંડે છે.

બીજા વિશ્વયુદ્ધ બાદ, હિટલરનાં મોત પછી, જર્મનીમાં નાઝી શાસનના અંતે લેની પર કેસ ચાલ્યો. અંતે લેનીને સીધી નાઝી નેતા તરીકે નહીં, પરંતુ શાસન સાથે જોડાયેલી અને લાભાર્થી ગણવામાં આવી. લેનીના સમર્થકો એને નિર્દોષ કલાકાર કહેતા રહ્યા. વિરોધીઓ કહેતા રહ્યા કે કળા જ્યારે સત્તાની સેવામાં ઘૃણા ફેલાવે, ત્યારે તેને નિર્દોષ કહી શકાય નહીં. લેની અને એની ફિલ્મોને લોહિયાળ ઇતિહાસમાંથી ક્યારેય ભૂંસી શકાશે નહીં.

પ્રચાર કે પ્રોપેગેન્ડા ફિલ્મોની વાત માત્ર જર્મનીની નથી, દુનિયાભરને લાગુ પડે છે. આજે પણ કારણ કે આ માનવ સ્વભાવની વાત છે. ફિલ્મકળા, સત્યને બદલે સત્તાની ભાષા બની જાય છે ત્યારે એમાનાં સુંદર દશ્યો પણ જો ઘૃણા ફેલાવે, તો એ ખતરનાક સિનેમા છે, કારણ કે ફિલ્મો દ્વારા છૂપો પ્રચાર સુંદર, ભવ્ય કેમેરાવર્ક, નાટકી સંવાદો, ફાઇટ વગેરેથી એક ચમકદાર ઇમેજ કે છબી બનીને સિનેમામાં પીરસવામાં આવે છે માટે જ આવી ફિલ્મો પાછળની સચ્ચાઇ પારખવી જોઈએ અને આપણામાંની માણસાઇને ખતમ ના થવા દેવી જોઈએ.

સિનેમામાં સુંદર દેખાતું બધું સાચું નથી હોતું અને ભવ્ય દેખાતું બધું નિર્દોષ પણ નથી હોતું. ■




હેન્રી શાસ્ત્રી

# કપૂર પરિવારની ત્રણ પેઢી સાથે નાતો

## ૧૯૫૦ના દાયકામાં રંગભૂમિથી શરૂઆત કરી ચિત્રપટમાં અભિનય કરનારા સુદેશ કુમારે ફિલ્મ નિર્માણ પણ કર્યું હતું

હિન્દી ચિત્રપટ સૃષ્ટિના સુવર્ણ દોર પર નજર નાખતા જે કેટલીક વિશેષતા ધ્યાનમાં આવે છે એમાંની એક એ છે કે ઘણા અભિનેતા રંગભૂમિમાં અભિનયના અજવાળા પાથર્યા પછી ફિલ્મોમાં પ્રવેશ્યા હતા. બીજી વિશેષતા એ પણ હતી કે ફિલ્મોમાં એક્ટિંગ કરી બે પૈસા ભેગા થયા પછી ફિલ્મ નિર્માણમાં ઝંપલાવનારા કલાકાર પણ હતા.

ગયા શુક્રવારે જેમણે સદેહે આપણી વચ્ચેથી વિદાય લીધી એ અભિનેતા - ફિલ્મ નિર્માતા સુદેશ કુમાર એ જ વ્યાખ્યામાં ફિટ બેસે છે. ૯૫ વર્ષની જૈફ ઉંમરે એક્ઝિટ લેનારા સુદેશ કુમાર નામાંકિત અભિનેતા કે અગ્રણી ફિલ્મ નિર્માતા નહોતા. અલબત્ત, એમનાં કેટલાંક યોગદાન અવિસ્મરણીય છે.

સુદેશ કુમારની એક સિદ્ધિ એ છે કે કપૂર પરિવારની ત્રણ પેઢી - પૃથ્વીરાજ કપૂર, રાજ કપૂર અને રિશી કપૂર સાથે તેમણે કામ કર્યું છે. ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કરતાં પહેલાં તે પૃથ્વીરાજ કપૂરે શરૂ કરેલી નાટ્ય કંપની 'પૃથ્વી થિયેટર્સ' સાથે સંકળાયા હતા. રંગભૂમિ પરનો ઉછેર કામે લાગ્યો અને લાગવગ કે ઓળખાણથી નહીં, પણ એક્ટિંગની આવડતના જોરે ચિત્રપટમાં કામ કરવાની તક મળી.


૧૯૫૦માં રિલીઝ થયેલી 'સરગમ'માં સુદેશ કુમારની પહેલી ફિલ્મ હતી , જેના હીરો હતા રાજ કપૂર. આ ફિલ્મ તો વિસરાઈ ગઈ પણ ફિલ્મનું 'બાપ ભલા ન ભૈયા ભૈયા સબસે ભલા રૂપૈયા' ગીતને ખાસ્સી લોકપ્રિયતા મળી હતી. સંભવતઃ આ જ ગીતની પ્રેરણા લઈ મજરૂહ સુલ્તાનપુરીએ 'ના બીવી ના બચ્ચા, ના બાપ બડા ના મૈયા, ધ હોલ થિંગ ઈઝ ધેટ કે ભૈયા સબસે બડા રૂપૈયા' (સબસે બડા રૂપૈયા - ૧૯૭૬) ગીત તૈયાર કર્યું હશે. કોઈ અકળ કારણસર ફિલ્મ સૃષ્ટિમાં પા પા પગલી માંડયા પછી સુદેશ કુમાર પાંચેક વર્ષ માટે રૂપેરી પડદા પરથી ગાયબ રહ્યા. હા,



નાટકોમાં અભિનય પ્રવાસ તેમણે જારી રાખ્યો. ૧૯૫૭માં પૃથ્વી થિયેટર્સના બેનર હેઠળ પૃથ્વીરાજ કપૂરે 'પૈસા' નામની ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન કર્યું હતું અને મુખ્ય ભૂમિકા પણ તેમણે જ કરી હતી. આ ફિલ્મથી સુદેશ કુમારે ફિલ્મોમાં વાપસી કરી. યોગાનુયોગ આ ફિલ્મમાં પણ પૈસાનો પાવર નૈતિક મૂલ્યો કે સામાજિક સંબંધો કરતા ચડિયાતો હોય છે એ વાત પર ભાર આપવામાં આવ્યો હતો. મોહમ્મદ રફીએ ગાયેલું 'પૈસા હી રંગરૂપ હૈ, પૈસા હી માલ હૈ, પૈસા ના હો તો આદમી ચરખે કી માલ હૈ' ગીત ખાસ્સું ગાજ્યું હતું. આ ફિલ્મના ૨૧ વર્ષ પછી સુદેશ કુમારે કપૂર ખાનદાનની ત્રીજી પેઢી સાથે કામ કર્યું. 'વિજયશ્રી પિક્ચર્સ'ના બેનર હેઠળ પ્રોડ્યુસ કરેલી 'બદલતે રિશ્તે'માં રિશી કપૂરને એક્ટર તરીકે લીધો હતો.

આ સિવાય સુદેશ કુમાર મુખ્યત્વે ભક્તિચિત્રો બનાવનારા નિર્માતા - દિગ્દર્શક ધીરુભાઈ દેસાઈની ટ્રેજિક લવસ્ટોરી 'સારંગા'ના બે સદાબહાર ગીતને કારણે સિને રસિકોના સ્મરણમાં સચવાયા છે. સરદાર મલિક દ્વારા સ્વરબદ્ધ બે ગીત 'સારંગા તેરી યાદ મેં' અને 'હાં દીવાના હૂં મૈં' આજે પણ સંગીત શોખીનો ભૂલ્યા નહીં હોય. ગાયક મુકેશજીની કોન્સર્ટમાં આ ગીતોની અચૂક ફરમાઈશ થતી હતી. ૧૯૬૦ - ૭૦ના દાયકામાં તે 'છોટી બહન', 'ભરોસા', 'ખાનદાન' વગેરે ફિલ્મોમાં ચમકતા રહ્યા. ૧૯૭૦ના દાયકામાં 'મન મંદિર', 'ઉલઝન', 'બદલતે રિશ્તે' જેવી ફિલ્મો નિર્માણ કરી ચિત્રપટ સૃષ્ટિ સાથે ઘરોબો જાળવી રાખ્યો.

# ફિલ્મનું કલેક્શન ગૂણી ભરીને બળદગાડામાં જતું!



'બાહુબલી ૨ઃ ધ કન્કલુઝન' (૨૦૧૭) ફિલ્મની ગંજાવર બોક્સ ઓફિસ સફળતાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને એક હજાર કરોડના કલેક્શનનું સપનું દેખાડી સાકાર પણ કરી દીધું. ૨૦૦૮માં આમિર ખાનની 'ગઝની'એ દેશમાં ૧૦૦ કરોડનો વકરો કરનારી પ્રથમ ફિલ્મની સિદ્ધિ મેળવી ત્યારે અનેક આંખો પહોળી થઈ ગઈ હતી. બીજા નવ વર્ષમાં 'બાહુબલી ૨ઃ ધ કન્કલુઝન'નું કલેક્શન રિલીઝ થયાના ત્રણ જ અઠવાડિયામાં ૧૫૦૦ કરોડને આંબી ગયું હતું. ૨૦૧૫માં આવેલી 'બાહુબલીઃ ધ બિગિનિંગ'નો વૈશ્વિક વકરો ૬૦૦ કરોડ હતો અને બીજી ફિલ્મ ૧૮૦૦ કરોડ સુધી પહોંચી હતી. બંને ફિલ્મના વકરાનો સરવાળો ૨૪૦૦ કરોડથી આગળ વધી ગયો હતો.

બીજાં નવ વર્ષ પછી વાત ક્યાં પહોંચી છે?

વેલ , આદિત્ય ધરની ''ધુરંધર' (૨૦૨૫)નો વૈશ્વિક વકરો ૧૩૦૦ કરોડ હતો જ્યારે 'ધુરંધરઃ ધ રિવેન્જ' (૨૦૨૬) ૧૮૦૦ કરોડની નજીક પહોંચી ગઈ છે. બંનેનું કુલ કલેક્શન ૩૦૦૦ કરોડને ઓળંગી ગયું છે. ખાસ નોંધવાની વાત તો એ છે કે 'ધુરંધર' તો ફક્ત હિન્દીમાં જ રિલીઝ કરવામાં આવી હતી. અન્ય ભાષાની આર્થિક સફળતાનો લાભ એને નહોતો મળ્યો. ભવિષ્યમાં ૩૫૦૦ કરોડ, ૪૦૦૦ કરોડ કે એથી વધુ કલેક્શનના આંકડા જોવા મળશે? ભગવાન જાણે. સોરી, પ્રેક્ષકો જાણે.

મલ્ટીપ્લેક્સ તો છેલ્લી એકવીસમી સદીની દેન છે. પહેલા તો સિંગલ સ્ક્રીન થિયેટર જ હતાં. ૧૨થી ત્રણનો શો મેટિની શો કહેવાતો અને પછી ત્રણથી છનો ફર્સ્ટ શો, છથી નઉનો સેકન્ડ શો અને નવથી બારનો લાસ્ટ શો રહેતા. આ ઉપરાંત ફર્સ્ટ ડે ફર્સ્ટ શોનું એટલે કે શુક્રવારે (ફિલ્મો શુક્રવારે જ રિલીઝ થતી) મેટિની શોનું અલાયદું આકર્ષણ રહેતું. હવે તો સવારે આઠ વાગ્યે અને ક્યારેક તો વળી સવારે છ વાગ્યાથી ફિલ્મો દેખાડવાનું શરૂ થઇ જાય છે. સિંગલ સ્ક્રીન થિયેટર પર સતત હાઉસફુલનાં પાટિયાં લાગે તો જ તગડો વકરો થતો.

લોકોએ ચિત્રપટ પર પ્રેમ અને પૈસા એ બેઉનો વરસાદ કર્યો હોય એવી પહેલી ફિલ્મની નોંધ છેક ૧૯૧૭માં મળેલી. દાદાસાહેબ ફાળકે તરીકે વધુ જાણીતા ધૂંડીરાજ ગોવિંદ ફાળકેએ ૧૯૧૭માં પૌરાણિક કથા પર આધારિત 'લંકા દહન' નામની એક મૂંગી ફિલ્મ બનાવી હતી. ફિલ્મોના ઊંડા અભ્યાસુ અમૃત ગંગરે નોંધેલી માહિતી મુજબ ટિકિટ કાઉન્ટર પરથી સિક્કાઓ ગૂણીમાં ભરી ભરીને બળદગાડા મારફતે નિર્માતાની ઓફિસે પહોંચાડવા પડતા હતા. 'લંકા દહન' મૂંગી ફિલ્મ હતી, પણ લોકોને એનું ઘેલું લાગ્યું હતું. ગિરગામના મેજેસ્ટિક થિયેટરમાં આ ફિલ્મે ધૂમ મચાવી હતી. ટિકિટો ખરીદવા માટે લાંબી લાંબી લાઈનો લાગતી, પડાપડી થતી અને ક્યારેક વાત બાધાબાધી સુધી પણ પહોંચી જતી. 'હાઉસ ફૂલ'નું પાટિયું ન હોય એવું ક્યારેક જ જોવા મળતું. એ વખતે હિસાબ કિતાબની કે નોંધ રાખવાની સરખી સગવડનો અભાવ હોવાથી 'લંકા દહન'ના વકરાનો કે કમાણીનો ચોક્કસ આંકડો ઉપલબ્ધ નથી.

# પસંદગીનું આકાશ હોય, પિંજરું નહિ!




અરવિંદ વેકરિયા

ગત લેખમાં મેં કહ્યું હતું કે 'ચિનગારી' અને 'જીવન ચોપાટ' જેવાં નાટકો રજૂ કર્યા બાદ મારે 'બોલ્ડ' નાટકો નહોતાં જ કરવા, કારણ એક ભય સતાવતો હતો કે હું આ પ્રકારનાં નાટક માટે ટાઈપ્ડ ડિરેક્ટર બનીને રહી જઈશ. મન ગડમથલમાં હતું. હટીને 'શિકાર' તો કર્યું પણ સરિયામ નિષ્ફળતાને વર્યું. આવા બધા વિચારોમાં અટવાતો હતો ત્યાં જાણીતા નિર્માતાના એક ફોને મને વધુ અટવાવી દીધો. મારો વિલપાવર નબળો પડ્યો. એ સમયે 'બોલ્ડ' નાટકો ચાલતાં હતાં અને ધીકતી કમાણી કરતાં. મારું 'વાત મધરાત...' તો હિટ ગયેલું સાથે 'માણસ માત્ર...' ધૂમ ચાલી રહ્યું હતું. જાણે હું રંગભૂમિનો દાદા કોન્ડકે ન બની ગયો હોઉં એવું નિર્માતાઓ માનવા લાગ્યા અને એક વાત તો નક્કી છે કે જ્યાં કમાણી દેખાય, નિર્માતાઓ ગાડરિયા પ્રવાહની જેમ એ બાજુ વળે. મારે એ બાજુ જવું નહોતું કારણ પસંદગીનું આકાશ હોય, પિંજરું નહિ, પણ નિર્માતાઓના વલણને પહોંચી શકાય એમ નહોતું. આ ટાઈપનાં નાટકો માટે સેન્સરબોર્ડનાં પ્રમાણપત્ર મેળવવામાં પણ તકલીફ ખૂબ પડતી. જાતજાતનાં 'કટ્સ' આપી માંડ સ્ક્રીપ્ટ પાસ થતી. જોકે 'કટ્સ'ને 'ફોલો' ન કરતાં. હા, જયારે સેન્સરબોર્ડમાંથી ચેકિંગ આવવાનું હોય ત્યારે બુકિંગ ક્લાર્ક અમને ચેતવી દેતા અને બને ત્યાં સુધી પોતાની આગવી કુનેહથી બુકિંગ કાઉન્ટર પરથી જ બા-ઈજ્જત રવાના કરી દેતા. આમ પણ મને લાગે છે કે ભાષાફેરમાં એમને કેટલું સમજાતું હશે એ તો તે લોકોને જ ખબર! મારી ઇચ્છા સારા નાટકો બનાવવાની હતી, પણ 'ઓફરો' બધી 'બોલ્ડ' નાટકોની આવતી.

બાકી નાટક એ નાટક હોય છે. સાહિત્યના નવરસમાંથી કોઈ પણ રસયુક્ત નાટક બને એમાં વાંધો ન હોવો જોઈએ. મર્યાદા જળવાય અને સમાજને વાહિયાત સંદેશા ન પહોંચે. હું સંવાદોમાં થોડા દ્વિઅર્થી શબ્દોનો ઉપયોગ કરતો પણ એક હદમાં રહીને. હું ઓશોની થિયરી ફોલો કરતો. તમે કલાકારાને નવ કપડાં પહેરાવો, એક-એક કરીને ઊતરાવો પણ નવમું કપડું તો છેલ્લે પહેરેલું જ હોય,પૂર્ણ નગ્નતા નહિ. પહેલાં આઠ કપડાં જે નીકળે એનું પ્રેક્ષકોમાં થતું 'ટેમ્પટેશન' એ તમારી આવા નાટકની સફળતા. મારો માયલો વિચારતો કે લોકો અને સમાજ મારે માટે શું વિચારતો હશે? ક્યાંક કથાવસ્તુ રજૂ કરવામાં માણસાઈ તો નેવે નથી મુકાતી ને એની હમેશાં ચિંતા રહેતી. માણસ પડે તો એને એકલાને ફ્રેકચર થાય પણ માણસાઈ પડે તો આખા સમાજને ફ્રેકચર થાય. આ વાત ધ્યાનમાં રાખીને હું નાટક તૈયાર કરતો. વિચાર ભલે મારો સામાજિક નાટકો બનાવવાનો હતો, પણ 'બોલ્ડ' નાટક હિટ જવાથી જે નિર્માતા આવતં એ આવાં નાટકો માટે જ આવતા. જો હું એ માટે 'ના' પાડું તો મારે ઘરખર્ચના વાંધા પડી જાય.

નવા જાણીતા નિર્માતાએ મને કહી દીધું કે દિલ્હીથી આવેલી છોકરી નામે મોનિકા પટેલને 'માણસ માત્ર...'ની અંજલિની જેમ પ્રમોટ કરવાની છે. હજુ સારાં નાટકો બનાવવાના વિચારમાં હતો ત્યાં આ જાણીતા નિર્માતાના ફોને મને થોડો હલાવી દીધો.

લોભ એ થયો કે નિર્માતા ખુબ જાણીતા છે, ભલે નિર્માતા તરીકે બે બીજા નામો આપ્યાં પણ પીઠબળ તો એ નિર્માતાનું જ રહેવાનું અને મહેન્દ્ર બોહરા જેવી ચિંતા તો નહોતી. આવાં નાટકો બદલ મિત્રો કહેતા કે 'તું સાવ બદલાઈ ગયો. નાટક બનાવવાનો આખો ટ્રેન્ડ બદલી નાંખવા બેઠો છે.' હું કહેતો કે, 'હા, હું બદલાઈ ગયો છું. લોકો અને સમય જોઇને સિસ્ટમ અપડેટ કરી છે.' વ્હાલા મિત્રોને બીજું કહું પણ શું? કલાકારો અને સ્ક્રિપ્ટની ચિંતા તો નવા નિર્માતાને શિરે હતી. આ નાટક પહેલાં બે 'બોલ્ડ' વચગાળાનાં નાટકો કર્યાઃ 'રાતનાં રમકડાં' અને નારાયણ રાજગોરને લઇ 'ક્લિનબોલ્ડ'. (એની વાત ફરી ક્યારેક.)

સ્ક્રિપ્ટની જવાબદારી રાજેન્દ્ર શુકલે સ્વીકારી. અઠવાડિયામાં તો રિહર્સલનાં મંડાણ પણ થઈ ગયાં. હીરોઈન તરીકે મોનિકા પટેલ, જે નિર્માતાની શોધ હતી. હીરોની ત્રણ ભૂમિકા હતી. એને માટે વિચારો આપ-લે થતા રહ્યા. ઘણા કલાકારો આવા નાટકો માટે તૈયાર નહોતા થતા. મને યાદ છે કે 'માણસ માત્ર...' માટે મેં અનિલ ઉપાધ્યાય (હયાત નથી) ને મુખ્ય ભૂમિકા માટે બોલાવેલ પણ સ્ક્રિપ્ટ સાંભળીને મને કહે, 'સોરી દાદુ, મારે પ્રવીણ જોશી ટાઈપનાં નાટકો કરવાં છે,આવા છીછરા નહિ.' પછીથી એ જ અનિલે 'જલ્દી કર કોઈ જોઈ જશે' નામક બોલ્ડ નાટકમાં મુખ્ય ભૂમિકા ભજવેલ એ જુદી વાત છે.

અમે રિહર્સલ શરૂકરવાની વેતરણમાં હતા પણ ત્રેવડી ભૂમિકા ભજવી શકે એવા યુવાનની તાતી જરૂર હતી. ઘણા ના પાડતા તો ઘણામાં એ કાબેલિયત ન દેખાતી. આવા સમયે સલાહ આપનારાનો રાફડો ફાટી નીકળતો હોય છે. જોકે મેં મન સાથે સમાધાન કરી લીધેલું કે સલાહ હારેલાની, અનુભવ જીતેલાનો અને મગજ પોતાનું હોય તો ઘણું ખરું માણસને હારવા નથી દેતું.

જાતજાતનાં ઓડિશન કર્યાં. કદાચ મારી કારકિર્દી માટે આવાં ઓડિશન મારો પહેલો અનુભવ હતો. ત્યાં સુધી મોનિકા પટેલ પાસે અને બીજા જુનિયર કલાકારો સાથે 'રીડિંગ પ્રોસેસ' શરૂ કરી દીધી. એક વાત સારી હતી કે 'માણસ માત્ર...'માં અંજલિ પાસે કોઈ અનુભવ નહોતો. માત્ર દેખાવને આધારે જાણીતા ફોટોગ્રાફર ઉમેશ મહેતાએ સજેસ્ટ કરી અને મારા સ્વભાવ પ્રમાણે મેં ચેલેન્જ સ્વીકારી એને તૈયાર કરી. બીજી તરફ, મોનિકાના કેસમાં એણે દિલ્હીમાં હિન્દી નાટકો કરેલાં એટલે સ્ટેજસેન્સ હતી. તકલીફ એક જ હતી કે એના ઉચ્ચારણમાં હિન્દીભાષી ટોન પડઘાયા કરતો. મને થયું જ્યાં સુધી 'હીરો' ન મળે ત્યાં સુધી મોનિકાની ભાષાને લયમાં લાવવા સમયનો ઉપયોગ કરી લઉં. હીરો માટે થતું કે જે થાય એ જોયું જશે પણ પછી જે થાય એ જોવાતું નથી. ...પણ જોવા જેવું થયુ...

**ડબલ રિચાર્જ**

*એક પતિએ પત્નીને કહ્યું, 'આજે મૉલમાં મેં તારા જેવી જ એક છોકરી જોઈ.'*
*પત્ની : 'ગમી?'*
*'હા 'કહે તો પણ મર્યો અને 'ના' કહે તો પણ મર્યો.*


# કલાઃ ઈર્ષા બડી ઝહરીલી

ફિલ્મનામા
નરેશ શાહ

**પોતાનાથી કોઈ આગળ વધી ગયેલાની ઈર્ષા અને બીજાથી આગળ થઈ જવાનું ઝનૂન દરેક ફિલ્ડમાં જોવા મળવાનું, પણ કલા યા આર્ટના ક્ષેત્રમાં કાયમ એ બોલકું લાગે. તેનું કારણ સ્પષ્ટ છેઃ આર્ટ સાથે સાંઠગાંઠ હોય તે વ્યક્તિ ચપટીક વધુ સેન્સિટિવ હોવાની...**

અનુષ્કા (વિરાટ કોહલી) શર્માએ નિર્માણ કરેલી અને ડાયરેક્ટ 'નેટફ્લિક્સ' પર જ અપલોડ થયેલી 'કલા' ફિલ્મનું હાર્દ કંઈક આવું જ છે, પરંતુ 'કલા' ફિલ્મનું મહત્ત્વ બીજાં કારણોસર સવિશેષ છે. આ ફિલ્મ વન એન્ડ ઓન્લી ધ એક્ટર (હવે જન્નતનશીન) એવા ઈરફાન ખાનના પુત્ર બાબીલ ખાનનું લોન્ચિંગ પેડ છે.

થોડા સમય પહેલાં બાબીલ ખાનનો એક વીડિયો વાઇરલ થયો હતો, જે તેની હતાશા અને નશાનું પરિણામ હોય શકે, પરંતુ એટલું ચોક્કસ કહેવું પડશે કે 'કલા' ફિલ્મ જોતી વખતે એ ખાતરી થઈ જાય છે કે બાબીલ ખાનમાં પિતાનો વારસો આગળ વધારવાની ક્ષમતા તો છે જ. ઈન્શાલ્લાહ. ઓવર ટૂ મૂવી...




'કલા' એક ક્લાસિકલ સંગીત અને તેના ઉસ્તાદો (ના ઘરાના)ની કથા છે. ફિલ્મનું લોકાલ કાશ્મીર અને કલકત્તા છે. તેનો સમયકાલ અથવા કાલખંડ ૧૯૫૦-૬૦નો દર્શાવવામાં આવ્યો છે. જોડિયાં બાળકો જન્મ આપ્યા પછી ઠુમરી ક્વીન મંજૂશ્રીને ખબર પડે છે કે બે પૈકીનું એક બાળક તે ગુમાવી ચૂકી છે. તેણે બાળકીને જ ઉછેરવાની આવશે... કલા નામની દીકરી (તૃપ્તિ ડીમરી)ને માતા (સ્વસ્તિકા મુખરજી) પોતાના ઘરાનાના રસુખ મુજબ સંગીતની તાલિમ આપીને ઉછેરે છે, પણ દીકરી કલાની ગાયકીમાં રહેલો સંપૂર્ણતાનો અભાવ માતાને સતત ખટકતો રહે છે. ગાયન તો એવું હોવું જોઈએ, જેમાં શ્રોતા તરબોળ થઈને તલ્લિન થઈ જાય.

ગુરુદ્વારામાં અરદાસ ગાતાં અને મામૂલી પરિવારના યુવક જગન (બાબીલ ખાન)ની ગાયિકી સાંભળ્યા પછી માતા મંજૂશ્રી તેના પર ઓવારી જાય છે અને તેનું પારખું દિલ-દિમાગ સતત પુત્રીને પેલા યુવકની સરખામણી કરી ઉતારી પાડે છે. કમ સે કમ, દીકરી કલાને તો એવું જ લાગે છે, પણ...

માતાની નજરમાં પ્રતિષ્ઠા પામવા અને તેના ઓરતાં પૂરાં કરવા માટે મનોમન ગાંઠ વાળી ચૂકેલી દીકરી કલામાં ડગલે ને પગલે માતાના પેલા ગાયક યુવાન પ્રત્યેના લગાવ અને અહોભાવથી ઈર્ષાથી ગંઠાતી જાય છે અને... કલા એ બધું જ મેળવે છે, જે માતા મંજૂશ્રીને બચપણમાં સહજપણે પુત્રી પાસેથી ઈચ્છયું હતું, પરંતુ પામી લીધા પછીનો એક પશ્ચાતાપ કલાને ખોરી રહ્યો છે.

એ પશ્ચાતાપ શું છે? પેલા ગાયક યુવાને (બાબીલ ખાન) કેમ આપઘાત કરી લીધો? માતા-પુત્રી વચ્ચે અભાવ શી રીતે જન્મ્યો? કલાએ કઈ રીતે આટલી સફળતા-કીર્તિ મેળવી, એ 'કલા' ફિલ્મનો કથાસાર છે.

ફિલ્મ બેશક, ધીમી છે અને એકદમ ડાર્ક ઝોનમાં શૂટ કરવામાં આવી છે. તેનું બેકડ્રોપ પણ ક્લાસિકલ સંગીત છે એટલે વિશાળ સમુદાયને પસંદ પડશે કે કેમ, તેની શંકા છે. તેમ છતાં કહેવું પડશે કે ડિરેક્ટર-રાઈટર અન્વિતા દત્ત મેકર તરીકે પોતાની છાપ છોડી જાય છે તો પ્રોડ્યુસર હોવાના નામે (ફિલ્મને લાભ આપવા) એક રેટ્રો ગીતમાં અનુષ્કા શર્મા પણ આવી જાય છે, પરંતુ 'કલા' ફિલ્મનું મુખ્ય આકર્ષણ બાબીલ (ઈરફાન) ખાન છે. તેના એક-બે સીનને બાદ કરતાં એ શેડો લાઈટમાં જ વધુ દેખાય છે, જેને કારણે ઈરફાન ખાનનું સ્મરણ વધુ તાજું થાય છે. ટાઈટલ રોલમાં તૃપ્તિ ડીમરી છે. કલા ફિલ્મ ઓન એર થઈ ત્યારે તૃપ્તિ ડીમરીની આજ જેટલી પહેચાન નહોતી, છતાં આ ફિલ્મ સાબિત કરે છે કે તૃપ્તિ ડીમરીમાં અભિનયનો દમખમ પહેલેથી જ હતો. તેની માતાના પાત્રમાં સ્વસ્તિકા મુખરજી અને રેકોર્ડ કંપનીના માલિક કમ ડિરેક્ટર તરીકે અમિત શ્યાલના કામમાં કોઈ કચાશ નથી. નેચરલી, સંગીતપ્રધાન ફિલ્મમાં સંગીતકાર શું ઉકાળે છે એ સૌથી મહત્ત્વનું છે અને અહીં અમિત ત્રિવેદીએ ખરેખર કમાલ કરી છે. આજથી પચાસ વરસ પહેલાંના માહૌલને જીવંત કરવો અને એ પણ પંડિત ઘરાનાના ઉસ્તાદોની ગાયકી સાથે. એ પડકાર અમિત ત્રિવેદીએ સુપેરે પાર પાડ્યો છે અને કાયમ બાયસ્ડ રહીને અમિત ત્રિવેદીને ઉતારી પાડતાં લેખકડા જેવા કલમખોરોને 'કલા' એક તમાચો છે. તમે 'કલા' ફિલ્મ જુઓ ત્યારે કલા કે બાબીલ ખાનની ગાયકી વખતે રિમોટમાં ફાસ્ટ ફોરવર્ડનું બટન દબાવ્યા વગર સાંભળજો તો એ કાનનો ઉત્સવ બની રહેશે.

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## 'કિંગ'ની પ્રાઈવસી ભંગ થઇ?



શાહરુખ અને દીપિકા

જમાનો માર્કેટિંગનો છે, તોલારામ... આજની ફિલ્મ ઇન્ડસ્ટ્રી નેગેટિવ પબ્લિસિટીને પણ માર્કેટિંગનો જ એક ભાગ ગણે છે. જોકે શાહરુખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ'ની અલગ પ્રકારની પબ્લિસિટી થઇ છે, જેનાંથી ફિલ્મના ડાયરેક્ટર સિદ્ધાર્થ આનંદ ગુસ્સે થયા છે. બન્યું એવું કે હાલમાં આ ફિલ્મનું શૂટિંગ સાઉથ આફ્રિકાનાં સુંદર શહેર કેપ ટાઉનમાં થઇ રહ્યું છે. બે-ત્રણ દિવસ અગાઉ આ શૂટ દરમિયાનનાં અમુક ફોટોગ્રાફ્સ સોશ્યલ મીડિયામાં લીક થઇ ગયાં હતાં. આ ફોટોગ્રાફસમાં શાહરુખ અને દીપિકા પાદુકોણ રોમેન્ટિક અંદાજમાં જોવા મળ્યાં હતાં. જેવા આ ફોટા 'વાઇરલ' થયાં કે સિદ્ધાર્થ આનંદે સોશ્યલ મીડિયામાં જ પોતાનો ગુસ્સો ઠાલવતાં ફેન્સને વિનંતી પણ કરી નાખી કે 'આ પ્રકારે ફિલ્મનાં સેટ પરથી બિનઅધિકૃત રીતે ફોટા લીક થાય તો ફિલ્મની ઓરિજિનાલિટી શું રહે? આથી ફેન્સ તેને સોશ્યલ મીડિયામાં વધુ ફેલાવાથી રોકે...

હવે જે રીતે આ ફોટોગ્રાફ્સ લેવાયા છે તેનાંથી સ્પષ્ટ છે કે આ ફિલ્મનાં કોઈ ક્રૂ મેમ્બર દ્વારા જ ખાનગી રીતે ક્લિક કરવામાં આવ્યાં હશે, નહીં કે શૂટ જોવા આવેલી પબ્લિકે એ શૂટ કર્યા હશે . આમ પણ ભારતની કોઈ ફિલ્મનાં શૂટિંગ દરમિયાન વિદેશમાં બહુ પબ્લિક હોતી નથી ત્યારે એક સ્વાભાવિક પ્રશ્ન એ પણ થાય છે કે ફેન્સમાં થોડી 'બઝ' ક્રિએટ કરવા માટે ક્યાંક 'કિંગ'ની ટીમે સિદ્ધાર્થ આનંદનાં 'આશીર્વાદથી' જ તો આ ફોટો લીક નથી કર્યા ને? કારણ કે, આમેય , બોલિવૂડ માટે આવું કોઇ પણ પ્રકારનું માર્કેટિંગ એ વગર ખર્ચે સારું માર્કેટિંગ જ છે...!

## ઘીના ઠામમાં અડધું ઘી...



સંતોષ કુમાર નામનાં એક ફિલ્મ મેકરે 'ધુરંધર'નો બીજો ભાગ રિલીઝ થયા બાદ એક પ્રેસ કોન્ફરન્સમાં એવો દાવો કર્યો હતો કે આ ફિલ્મની વાર્તા તેમની પોતાની વાર્તા 'ડી સાહેબ' પરથી બેઠી ઉઠાવવામાં આવી છે. સંતોષ કુમારે એમ પણ કહ્યું હતું કે તેમણે આ સ્ટોરી રજિસ્ટર કરાવી હતી. 'ધુરંધર'ના નિર્માતા નિર્દેશક આદિત્ય ધરે આ દાવા બાદ મુંબઈ હાઈ કોર્ટમાં સંતોષ કુમાર વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. હવે આ કેસમાં નિર્ણય આવી ગયો છે.

સંતોષ કુમારે જજ સમક્ષ આદિત્ય ધરની બિનશરતી માફી માગી લીધી છે. આ માફીને આદિત્ય ધરે પણ સ્વીકારી લીધી છે, પરંતુ આ તો હજી અડધી જ વાત છે. કોર્ટના કહેવા અનુસાર આદિત્ય ધરની પોતાની છબી પર પડેલી નેગેટીવ અસરવાળો કેસ તો આ માફામાફીથી ક્લોઝ થઇ ગયો છે. પરંતુ, જો સંતોષ કુમાર ઈચ્છે તો પોતાની વાર્તા ચોરાઈ ગઈ છે એવા આરોપ હેઠળ ધર પર કોર્ટમાં નવેસરથી અરજી કરી શકે છે. ટૂંકમાં હજી આ કેસ એમ પૂરો થયો નથી, પરંતુ જે રીતે ફિલ્મ સુપર હીટ થઇ છે એ જોતાં શક્ય છે કે સંતોષ કુમાર અને આદિત્ય ધર કોર્ટ બહાર જ સમાધાન કરી લે. જો આવું થશે તો જ આખેઆખું ઘી એનાં ઠામમાં પડ્યું ગણાશે...

## વિકી કૌશલનો 'મહાનિર્ણય'



અમર કૌશિકની 'મહાવતાર'માં ભગવાન પરશુરામની ભૂમિકા વિકી કૌશલ ભજવવાનો છે. હવે વિકી કૌશલ જેવો વ્યસ્ત કલાકાર ફિલ્મમાં હોય અને ફિલ્મ આટલા મોટા સ્કેલ પર બની રહી હોય, તો વિકી સતત આ ફિલ્મનાં 'મૂડમાં' રહે તે ખાસ જરૂરી છે.

ઉપરાંત હિન્દી ફિલ્મોનાં ઇતિહાસમાં ભગવાન પરશુરામનં જીવન પર આટલા મોટા કેનવાસ પર બની રહેલી આ કદાચ પ્રથમ ફિલ્મ છે. આથી, અમર કૌશિક પણ કોઈ રિસ્ક લેવા માગતા નથી.

એક તાજા ઇન્ટરવ્યૂમાં અમર કૌશિકે જે વાત કરી છે એ મુજબ વિકી કૌશલ એક આખું વર્ષ 'મહાવતાર'ને આપશે.

ફિલ્મનું શૂટિંગ આવતા વર્ષે જાન્યુઆરીમાં શરૂ થશે. આ જ સમયે વિકીની 'લવ એન્ડ વોર' પણ રિલીઝ થવાની છે. આથી સ્વાભાવિક છે કે ત્યારબાદ વિકી લાંબો સમય કોઈ એક ફિલ્મને ફાળવે. અમર કૌશિકનાં જણાવ્યાં અનુસાર વિકી કૌશલ એણે કમીટ કરેલા એક વર્ષમાં છ મહિના તો ફક્ત ભગવાન પરશુરામ જેવું શરીર બનાવવામાં જ વિતાવશે...

આપણે ગ્રંથોમાં વાંચ્યું છે કે ભગવાન પરશુરામ એક યોદ્ધા હતા અને આથી એ પ્રકારનું શરીર વિકી પણ જાળવે એ જરૂરી છે. પ્લસ વિકી કૌશલ જાતે મેથડ એક્ટિંગમાં માને છે આથી એ પણ ઈચ્છશે કે તે ભગવાન પરશુરામ જેવો દેખાય આ ઉપરાંત વિકી કૌશલ માટે ફિઝીકલ અને ઈમોશનલ પ્રોગ્રામ પણ અમર કૌશિકે બનાવ્યો છે , જે મુજબ ધીમેધીમે વિકી પોતાને ભગવાન પરશુરામનાં રૂપ અને સ્વભાવમાં ઢાળશે. વાત તો મજા પડે એવી છે, પણ છેવટે તો નીવડે વખાણ, બીજું શું.?


## કટ એન્ડ ઓકે...

***સોહમ શાહ અને નવાઝુદ્દીન સિદ્દીકીની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ 'તુંબાડ ટુ'માં આલિયા ભટ્ટ એક ખાસ ભૂમિકા ભજવશે.***

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# રિતેશ દેશમુખ

## હીરો- કોમેડિયન- સંચાલક- નિર્માતા- લેખક તથા દિગ્દર્શક તરીકે સતત સફળ નીવડતો કલાકાર



રિતેશ દેશમુખ એક બહુમુખી પ્રતિભા ધરાવનારો અદાકાર છે. ફિલ્મ ક્ષેત્રની અનેકવિધ કામગીરી એણે સફળતાપૂર્વક અદા કરીને સિદ્ધિહાંસલ કરી છે. હિન્દી ફિલ્મનાં હીરો તથા સાથી કલાકાર તરીકે શરૂઆત કરીને તેણે ખૂબ જ લાંબી મજલ કાપી છે. તેની હાલમાં જ રજૂ થયેલી ફિલ્મ 'રાજા શિવાજી' બે ભાષામાં રિલીઝ કરવામાં આવી છે. મરાઠી અને હિન્દીમાં. બંને ભાષાની ફિલ્મમાં છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિકા તેણે જ ભજવી છે અને આ ઐતિહાસિક વિષય ધરાવનારી ફિલ્મ બોક્સઓફિસ પર ધમાલ મચાવી રહી છે.

રિતેશ દેશમુખ હિન્દી ફિલ્મોમાં તો મોટું નામ ધરાવે છે જ પણ સાથોસાથ મરાઠી ફિલ્મોમાં પણ તેનું નામ સન્માનથી લેવામાં આવે છે. મૂળમાં મરાઠી એવાં રિતેશ દેશમુખે એક દિગ્દર્શક તરીકે મરાઠી ફિલ્મ 'વેડ'થી શરૂઆત કરી છે, જે હિન્દી અને મરાઠીમાં રજૂ થઈ હતી. હવે પછી 'રાજા શિવાજી' તેની દિગ્દર્શન હેઠળની બીજી ફિલ્મ છે.

'રાજા શિવાજી' મલ્ટિસ્ટાર ફિલ્મ છે, જેમાં રિતેશ દેશમુખ, સંજય દત્ત, અભિષેક બચ્ચન, વિદ્યા બાલન, મહેશ માંજરેકર, જેનેલિયા ડિસોઝા, ફરદીન ખાન, ભાગ્યશ્રી, સચીન ખેડેકર, આમોલ ગુપ્તે, બોમન ઈરાની અને ખાસ ભૂમિકામાં સલમાન ખાન છે. આટલી મોટી સ્ટારકાસ્ટને સંભાળતાં દિગ્દર્શન કરવાનું અને સાથે જ અભિનય કરવાનું કામ રિતેશે સુપેરેમ પાર પાડ્યું છે.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખને ત્યાં જન્મેલા રિતેશના બે ભાઈ અમિત અને ધીરજ દેશમુખ પણ વિધાનસભ્ય છે, પણ રાજકારણીઓ ઘરમાં હોવા છતાં રિતેશ રાજકારણમાં જવાને બદલે બોલિવૂડમાં અભિનય કારકિર્દી અપનાવી. મુંબઈમાં આવેલી 'કમલ રાહેજા કોલેજ ઓફ આર્કિટક્ચર'માંથી ડિગ્રી મેળવ્યા પછી તેણે થોડો સમય આર્કિટેક્ટ તરીકે કામ કર્યું હતું.

૨૦૦૩માં રિતેશની પહેલી ફિલ્મ આવી 'તુઝે મેરી કસમ'. આ ફિલ્મનાં શૂટિંગ દરમિયાન રિતેશની ઓળખાણ તે સમયે દક્ષિણમાં ખૂબ જ નામના ધરાવનારી જેનેલિયા ડિસોઝા સાથે થઈ. આ ઓળખાણ પ્રેમમાં પરિણમી અને તેણે લગ્ન કરવાનો પણ વિચાર કર્યો હતો. જોકે રિતેશના પિતા વિલાસરાવ આ લગ્નથી વિરુદ્ધ હતા એટલે તેમના લગ્ન થઈ ન શક્યા. ૨૦૦૩થી ૨૦૧૨ સુધી રિતેશ અને જેનેલિયા વચ્ચે પ્રેમસંબંધ રહ્યો. આખરે ત્રીજી ફેબ્રુઆરી ૨૦૧૨ના પિતાની મંજૂરીથી રિતેશ અને જેનેલિયાના લગ્ન થયાં હતાં. પહેલાં મરાઠી વિધિ પ્રમાણે લગ્ન અને પછી બીજા દિવસે ખ્રિસ્તી ધર્મ પ્રમાણે તેમનાં મેરેજ થયા. અત્યારે તે બે પુત્ર રિઆન અને રાહીલનો પિતા છે.

શરૂઆતની ફિલ્મોમાં હીરો તરીકે, ત્યાર પછી કોમેડી કલાકાર તરીકે તે આગળ વધતો ગયો. જોકે, આ દરમિયાન કદાચ રિતેશ દેશમુખે એક અનોખો વિક્રમ પણ નોંધાવ્યો છે. બોલિવૂડનો તે એકમાત્ર એવો અભિનેતા છે, જેણે એક- બે નહીં, પણ પાંચ સિકવલમાં કામ કર્યું છે અને તેની મોટાભાગની સિકવલ સુપરડુપર હીટ સાબિત થઈ છે.

૨૦૦૪થી તેણે સિકવલમાં કામ કરવાનું શરૂ કર્યું છે અને ૨૦૨૫ સુધીમાં તેણે પાંચ સિકવલ કરી છે. જેમાં મસ્તી, ગ્રાં મસ્તી, ગ્રેટ મસ્તી, મસ્તી ફોર, ક્યા કૂલ હૈ હમ, ક્યા સુપરકુલ હૈ હમ અને ક્યા કુલ હૈ હમ-થ્રી, ધમાલ, ડબલ ધમાલ, ટોટલ ધમાલ, એક વિલન, એક વિલન રિટર્ન્સ, હાઉસફુલ, હાઉસફુલ-૨, હાઉસફુલ-થ્રી, હાઉસફુલ ફોર અને હાઉસફુલ- ફાઈવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તે રેડ -ટુમાં અને બાગી-થ્રીમાં પણ દેખાયો છે.

હિન્દી ફિલ્મોની સાથે જ પોતાની માતૃભાષા મરાઠીમાં તેણે પોતાની કારકિર્દી આગળ વધારી છે અને તેની પત્ની જેનેલિયા ડિ'સોઝા તેને ભરપૂર સાથ આપી રહી છે. ૨૦૧૪માં આવેલી 'બાલક-પાલક' તરીકે તેણે મરાઠી ફિલ્મોમાં નિર્માતા તરીકે શરૂઆત કરી. ૨૦૧૪ના અંતભાગમાં તેણે મરાઠી ફિલ્મ 'યલો'નું નિર્માણ કર્યું હતું. આ ફિલ્મ માટે તેને 'નેશનલ ફિલ્મ સ્પેશ્યલ જ્યુરી એવોર્ડ' મળ્યો હતો. ત્યાર પછી તેણે 'ધ ફાસ્ટર ફેને', 'લય ભારી', 'વેડ' અને 'રાજા શિવાજી' જેવી મરાઠી ફિલ્મો બનાવી છે અને તેમાં નામના જ મેળવી છે.

આ જ દરમિયાન 'બિગ બોસ'ની મરાઠી સિઝનનું પણ તેણે સંચાલન કર્યું છે. 'બિગ બોસ મરાઠી'ની' પાંચમી અને છઠ્ઠી સિઝન સહિત તેણે ૨૦૦૮થી ૨૦૧૧ સુધી 'આઈફા' એવોર્ડનું પણ સંચાલન કર્યું છે. ૨૦૨૧માં તેણે જેનેલિયા ડિસોઝા સાથે મળીને 'ઈમેજીન મીટ્સ' નામની કંપની પણ સ્થાપી છે. મરાઠી ફિલ્મોના નિર્માણ સાથે જ તેણે કેટલીક મરાઠી ફિલ્મોમાં પણ અભિનય કર્યો છે. તેમાં માઉલી, લય ભારી, વેડે જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. અત્યારે મરાઠીમાં 'છત્રપતિ શિવાજી' અને હિન્દીમાં 'રાજા શિવાજી' ફિલ્મે તેને હીરો તરીકે અને દિગ્દર્શક તરીકે ખૂબ જ નામના અપાવી છે.

## OTTનું હોટસ્પોટ

### ૯ મેથી ૧૫ મે શું જોશો?

ઓટીટી પર આ અઠવાડિયા દરમિયાન 'સોની લીવ' પર નવ મેથી 'ઈન્ડિયા'સ બેસ્ટ ડાન્સર' ત્રીજી સિઝન શરૂ થઈ છે, જે 'સોની' ટીવી પર પણ શનિ- રવિ રજૂ થશે. આ વખતે આ ડાન્સિંગ શોના જજ તરીકે કરિશ્મા કપૂર, જાવેદ જાફરી, ગીતા કપૂર અને ટેરેન્સ લુઈસ જોવા મળશે.

- તો આવો, આપણે આગામી અઠવાડિયે રજૂ થનારી સિરીઝ અને ફિલ્મો પર એક નજર નાખીએ.

**નેટફિલક્સઃ** અહીં ૧૫ મેના પુલકિત દ્વારા દિગ્દર્શિત અને ગૌરી ખાન દ્વારા નિર્મિત ક્રાઈમ થ્રીલર ફિલ્મ 'કર્તવ્ય' રજૂ થશે. મુખ્ય ભૂમિકા સૈફ અલી ખાન, રાશિકા દુગ્ગલ, સંજય મિશ્રા, સૌરભ ત્રિવેદી અને મનીષ ચૌધરીની છે. આ સિવાય 'નેટફિલક્સ' પર ૧૨ મેના 'ડેવિલ મે ક્રાય'ની બીજી સિઝન, ૧૩ મેના 'પરફેક્ટ મેચ'ની ચોથી સિઝન, ૧૩ મેના જ 'બિટવીન ધ ફાધર એન્ડ સન'ની ડોકયુમેન્ટ્રી, ૧૩ મેના 'રુસ્ટર' બીજી સીઝન અને ૧૪ મેના 'સોલ મેટ' નામનો લાઈવ એક્શન કોમેડી શો જોવા મળશે.

**એમેઝોન પ્રાઈમઃ** અહીં ૧૩ મેના 'ઓફ કેમ્પસ'ની પહેલી સિઝન, ૧૩ મેના 'ગુડ ઓમેન્સ'ની ત્રીજી સિઝન, ૧૩મેના 'ગુડ ઓમેન્સ'ની ત્રીજી સિઝન અને ૧૫ મેના ડોકયુમેન્ટ્રી 'એક્શન' જોઈ શકાશે.

**જિયો હોટસ્ટારઃ** ૧૨ મેના 'ધ પત્ની શરઃ વન લાસ્ટ ડીલ' નામની ક્રાઈમ થ્રીલર ફિલ્મ અને ૧૫ મેના 'બર્લિન એન્ડ લેડી વીથ અર્માઈન સિરીઝ શરૂ થશે. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૭૧)


આ ફિલ્મમાં આશા ભોંસલેના કયા ગીતોને ફિલ્મફેર એવોર્ડ મળ્યો છે જાણો છો?



૧) દસ લાખ
૨) શિકાર
૩) કારવાં
૪) હરે રામ હરે ક્રિષ્ના
૫) ડોન
૬) પ્રાણ જાયે પર વચન ના જાયે
૭) નૈના

### ક્વિઝ (૧૭૨)

આ ફિલ્મ કલાકારોએ કયા ટી વી શોનું સંચાલન કર્યું છે જાણો છો?



૧) અમિતાભ બચ્ચન
૨) શાહરુખ ખાન
૩) અક્ષય કુમાર
૪) સલમાન ખાન
૫) ફરહાન અખ્તર
૬) ગોવિંદા
૭) ફારુખ શેખ

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दाक्षिण्य | વીજળી |
| दादुर | સભ્યતા |
| दानव | જમાઈ |
| दामिनी | રાક્ષસ |
| दामाद | દેડકો |

## જાણવા જેવું

શાહરુખ ખાને અભિનયની શરૂઆત ટીવી સિરિયલથી કરી હતી અને 'દીવાના' અને 'રાજુ બન ગયા જેન્ટલમેન'થી એની ફિલ્મ કારકિર્દીને વેગ મળ્યો હતો. પ્રારંભની ફિલ્મોમાં વૈવિધ્યપૂર્ણ રોલ કર્યા પછી શાહરુખ રોમેન્ટિક ઈમેજમાં ઘેરાઈ ગયો હતો. નવ ફિલ્મમાં તેણે રાહુલનું પાત્ર સાકાર કર્યું હતું જેમાં 'ડર', 'યસ બોસ', 'દિલ તો પાગલ હૈ' વગેરેનો સમાવેશ છે.

## ગુજરાત મોરી મોરી રે

આદરણીય સર્જક ધ્રુવ ભટ્ટની જાણીતી નવલકથા 'તત્ત્વમસિ' પરથી તૈયાર કરવામાં આવેલી ગુજરાતી ફિલ્મનું નામ જણાવો.

અ) બેહરૂપિયો
બ) અલખના અજવાળા
ક) નીલકંઠ
ડ) રેવા

## નોંધી રાખો

જીવનમાં સંબંધ તો ઘણા બંધાય પણ જીવનમાં એક સંબંધ તો એવો હોવો જોઈએ જેમાં મન ભરીને જીવી શકાય.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | | ૪ | | |
| ૫ | | | | | ૬ | | | | |
| | | ૭ | | ૮ | | | ૯ | | ૧૦ |
| | | | ૧૧ | | | | | | |
| | ૧૨ | | | | | ૧૩ | | ૧૪ | |
| ૧૫ | | | | | ૧૬ | | | | |
| | | ૧૭ | | ૧૮ | | | | | ૧૯ |
| ૨૦ | | | | ૨૧ | | | ૨૨ | | |
| | | ૨૩ | | | | ૨૪ | | ૨૫ | |
| ૨૬ | | | | | ૨૭ | | | | |

### આડી ચાવી

૧. દુખ દૂર કરનારું (૫)
૪. અકકર્મીનો --- કાણો (૩)
૫. સૂર્ય (૨)
૬. સોનું (૩)
૭. લક્ષ્મી (૧)
૮. ગ્રહ (૨)
૯. ફૂલ (૩)
૧૨. નામોશી પામેલું, લાંછન લાગેલું (૪)
૧૪. ભાવ, કિંમત (૨)
૧૫. કુટુંબ, વંશ (૨)
૧૬. કારભાર દરમિયાનનો સમય (૪)
૨૦. રાશ (૩)
૨૧ દિઙ્મૂઢ, આશ્ચર્યચકિત (૨)
૨૩. તૈયાર, સજ્જ (૩)
૨૫. પગ (૨)
૨૬. ગંદું (૩)
૨૭. નુકસાનકર્તા (૫)


### ઊભી ચાવી

૧. એક ભાષાની મતલબ બીજીમાં કહેનાર (૪)
૨. ખંજવાળ, ચળ (૨)
૩. જીત, ફતેહ (૨)
૪. ઝૂંપડી (૪)
૬. કલાત્મક માળો બાંધતું એક પક્ષી (૩)
૧૦. મોર (૩)
૧૧. --- કાળે વિપરીત બુદ્ધિ (૩)
૧૨. બુદ્ધિ આગળ --- પાણી ભરે (૨)
૧૩. આદિત્ય, મિહિર (૩)
૧૪. બીમાર, માંદું (૨)
૧૫. કપટી, છળવાળું (૩)
૧૭. --- કરવું=ગ્રામાંતર કરવું (૪)
૧૮. શિક્ષક (૩)
૧૯. નિશ્ચય કરનાર (૪)
૨૨. ભય (૧)
૨૪. અવાજ, રવ (૨)
૨૫. અંત, છેડો (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ૨ ત | રા | ૩ જી | | ૪ ધ્વ | | ૫ સુ | દે | ૬ ઠ |
| ૭ ના | મ | | ૮ વં | ૯ શ | જ | | ઘ | | મ |
| હ | | ૧૦ પા | ત | ક | | ૧૧ કાં | ડ | | ઢો |
| | ૧૨ આ | દુ | | | ૧૩ બાં | ગ | | ૧૪ ભા | લ |
| ૧૫ અં | ત | કા | ળ | | ડું | | | પાં | |
| | વા | | | ૧૬ ત | | ૧૭ પા | ૧૮ ને | ત | ર |
| ૧૯ સુ | ર | | ૨૦ ખુ | દા | | | ૨૧ વ | ર | |
| ગ | | ૨૨ કા | શી | | ૨૩ પા | ૨૪ ર | કું | | ૨૫ ધ |
| મ | | ળ | | ૨૬ ના | ન | મ | | ૨૭ આ | મ |
| ૨૮ તા | વી | જ | | થ | | ૨૯ ત | ત્વ | જ્ઞા | ની |

## ઓળખાણ પડી?



સલમાન ખાન સાથે સફર શરૂ કરનારી અને 'તૂ ચીઝ બડી મસ્ત મસ્ત' ગીતથી વધુ જાણીતી બનેલી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) નીલમ મેહરા
બ) રવીના ટંડન
ક) મનીષા કોઈરાલા
ડ) સોનમ કપૂર

## સુડોકુ-૯૨૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૪ | ૨ | | | | | ૬ |
| ૧ | ૮ | | | ૭ | | | ૫ | ૩ |
| | | | | | ૫ | | | |
| ૮ | ૬ | | | | | ૧ | | |
| | | ૯ | | | | ૫ | | |
| | | ૧ | | | | | ૬ | ૭ |
| | | | ૫ | | | | | |
| ૩ | ૧ | | | ૬ | | | ૭ | ૫ |
| ૪ | | | | | ૭ | ૮ | ૧ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૭ | ૩ | ૬ | ૧ | ૯ | ૨ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૯ | ૭ | ૫ | ૬ | ૮ | ૧ |
| ૬ | ૯ | ૧ | ૪ | ૨ | ૮ | ૫ | ૩ | ૭ |
| ૧ | ૭ | ૬ | ૮ | ૪ | ૯ | ૩ | ૫ | ૨ |
| ૫ | ૪ | ૯ | ૨ | ૩ | ૭ | ૧ | ૬ | ૮ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૧ | ૬ | ૭ | ૪ | ૯ |
| ૭ | ૧ | ૮ | ૬ | ૫ | ૨ | ૪ | ૯ | ૩ |
| ૯ | ૬ | ૩ | ૧ | ૮ | ૪ | ૨ | ૭ | ૫ |
| ૪ | ૨ | ૫ | ૭ | ૯ | ૩ | ૮ | ૧ | ૬ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दहकना | બળવું |
| दहलीज | ઉંબરો |
| दहशत | ડર |
| दहाडना | ગર્જના |
| दांभिक | પાખંડી |

**ગુજરાત મોરી મોરી રે:** રાજા ભરથરી

**ઓળખાણ પડી?** પુકાર

**માઈન્ડ ગેમ :** ઉપકાર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** શારદા

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ડ્રિમ ગર્લ હેમા માલિનીએ દિગ્દર્શિત કરેલી ફિલ્મનું નામ જણાવો જેમાં પ્રારંભ કાળમાં શાહરુખ ખાનએ અભિનય કર્યો હતો.

અ) મોહિની બ) દીવાના ક) સર્કસ ડ) દિલ આશના હૈ

## માઈન્ડ ગેમ

કેટલીક સુપરહિટ ફિલ્મોના ડિરેક્ટર તરીકે ખ્યાતિ મેળવનારા સુભાષ ઘઈની એક્ટર તરીકેની ફિલ્મનું નામ કહી શકશો?

અ) આરાધના બ) રોટી ક) હમજોલી ડ) શરાફત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) ભરત કજરિયા (૧૮) નિતીન જયંતીલાલ બજરિયા (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) વિજય આસર (૨૨) અંજુ ટોલિયા (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) અરવિંદ કામદાર (૨૬) પુષ્પા ખોના (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ડાયના સંતોકે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) કમલ માતલિયા (૩૨) અલકા વાણી (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) હિનાબેન દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) પ્રતિમા પમાણી (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) મહેશ દોશી (૪૩) પુષ્પા પટેલ (૪૪) મહેન્દ્ર લોઢાવિયા (૪૫) લજિતા ખોના (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) ખુશવદન દેસાઈ (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૭૧ જવાબઃ ૧) ગરીબો કી સુનો વો તુમ્હારી સુનેગા તુમ એક પૈસા દોગે વો દસ લાખ ૨) પરદે મેં રેહને દો પરદા ના ઉઠાઓ પરદા જો ઉઠ ગયા તો ભેદ ખૂલ ૩) પિયા તું અબ તો આજા શોલા સા મન દેહકે આકે બુજા જા ૪) દમ મારો દમ મીટ જાયે ગમ બોલો સુબહ શામ હરે ક્રિષ્ના હરે રામ ૫) યે મેરા દિલ પ્યાર કા દીવાના, દીવાના દીવાના પ્યાર કા પરવાનાં આતા ૬) ચૈન સે હમકો કભી આપ ને જીને ના દિયા જેહર ભી ચાહા અગર ૭) હોને લગી હૈં રાત જવા, જાગતે રહો શમ્મા સે ઉઠ રહા હૈં ધુઆ

ક્વિઝ ૧૭૨ જવાબઃ ૧) કૌન બનેગા કરોડપતિ ૨) ક્યા આપ પાંચવી પાસ સે તેઝ હૈં ૩) ખતરો કે ખિલાડી ૪) દસ કા દમ ૫) તેરે મેરે બીચ મેં ૬) જીતો છપ્પર ફાડકે ૭) જીના ઇસી કા નામ હૈં

# શિંદે બચ્યા

## હેલિકૉપ્ટર તોફાનમાં ફસાતા મુંબઈમાં ઈમર્જન્સી લેન્ડિંગ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હજી રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અકસ્માતની શાહી સુકાઈ નથી ત્યારે એવી ઘટના ઘટી હતી કે અડધો કલાક માટે આખા રાજ્યના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. તમામ તંત્રો હાઈ અલર્ટ પર મૂકી દેવામાં આવ્યા હતા, પરંતુ આખરે બધું સમુસૂતરું પાર પડ્યું હતું.

શિવસેનાના વડા અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે એક મોટી દુર્ઘટનામાં માંડ માંડ બચી ગયા હતા. ખરાબ હવામાન અને તોફાની પવનને કારણે એકનાથ શિંદેના હેલિકોપ્ટરને ભારે નુકસાન થયું છે. પાયલટની સતર્કતાને કારણે હેલિકોપ્ટર જુહુ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરાણ કરવામાં સફળ રહ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે મુંબઈના મહાલક્ષ્મી રેસકોર્સ ખાતેના હેલિપેડથી કલ્યાણ અને મુરબાડના પ્રવાસ (જુઓ પાનું ૪) ▶▶

ઉતાવળે આંબા ન પાકે

# ...પણ મહારાષ્ટ્રમાં માત્ર પાંચ કલાકમાં પાકે છે

## આવી કેરીઓ ખાવી સ્વાસ્થ્ય માટે હાનિકારક

મુંબઇ : ઉનાળો શરૂ થતા જ સામાન્ય માણસ રસદાર કેરીઓ ઝંખે છે. પરંતુ હવે એ જ કેરી તમારા સ્વાસ્થ્ય માટે મીઠું ઝેર બની ગઈ છે. વેપારીઓ વધતી માગનો લાભ લેવા, કેરીની આવક વધારવા માટે ઘાતક પદ્ધતિઓનો ઉપયોગ કરી રહ્યા છે. આ કારણે ઘણા વેપારીઓ હવે વહીવટીતંત્રના રડારમાં આવી ગયા છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ ઓપરેશન મેંગો હેઠળ નિરીક્ષણ ઝુંબેશ શરૂ કરી છે.

કેરી કુદરતી રીતે ઝાડ પર અથવા ખુલ્લી હવામાં પાંચથી સાત દિવસમાં પાકે છે. જોકે બજારમાં કેરીના સારા ભાવ અને ગ્રાહકોની માગને પહોંચી વળવા માટે વેપારીઓ થોડા કલાકોમાં કેરી પકવવાની તકનીકોનો ઉપયોગ કરી રહ્યા છે. આને રોકવા માટે એફડીએએ ૧૫૦ ખાસ ટીમો તહેનાત (જુઓ પાનું ૪) ▶▶

## શિરડી સાઈ સંસ્થા તરફથી ખેડૂતોના બાળકોને શૈક્ષણિક સહાય

મુંબઇ : શિરડી સાંઈબાબા સંસ્થાને ખેડૂતની આત્મહત્યાથી બરબાદ થયેલા પરિવારોના બાળકોના શિક્ષણ અંગે એક સરાહનીય નિર્ણય લીધો છે. આ બાળકોનું શિક્ષણ અધૂરું ન રહે તે માટે સાંઈબાબા સંસ્થા આગળ આવી છે. આ યોજના હેઠળ આવા વિદ્યાર્થીઓને મફત રહેવાની અને શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

## થાણેમાં ત્રણ દિવસ ટ્રાફિકમાં ફેરફાર

થાણે : થાણેવાસીઓ માટે મહત્ત્વપૂર્ણ સમાચાર છે, ત્રણ દિવસ માટે ટ્રાફિક રૂટમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. થાણે પોલીસ કમિશનરેટના નિર્દેશો અનુસાર ડેપ્યુટી કમિશનર ટ્રાફિક પોલીસે કાસરવડાવલી ટ્રાફિક સબ-ડિવિઝનની હદમાં ટ્રાફિક ફેરફારો અંગે એક જાહેરનામું બહાર પાડ્યું છે. થાણેના બ્રહ્માંડ જંકશન વિસ્તારમાં પદયાત્રી પુલ પર ગર્ડર બનાવવાનું કામ ચાલી રહ્યું છે. તેથી સલામતી માટે ઘોડબંદર રોડ પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવશે. આ કાર્ય આઠમી મેના રોજ રાત્રે ૧૧.૫૫ વાગ્યાથી ૧૦ મેના રોજ સવારે છ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રાફિક રૂટમાં મોટા ફેરફારો કરવામાં (જુઓ પાનું ૪) ▶▶

## ૧૯૬૨ - ૧૯૭૧ યુદ્ધમાં સહભાગી નિવૃત્ત મેજર સુભાષ ગાવંડનું અવસાન



થાણેઃ ૧૯૬૨ અને ૧૯૭૧ના યુદ્ધમાં સહભાગી થયેલા મેજર સુભાષ ગાવંડ (નિવૃત્ત)નું ગુરુવારે મહારાષ્ટ્રના થાણેમાં વય સંબંધિત સમસ્યાઓના કારણે અવસાન થયું હોવાનું તેમના પરિવારે જણાવ્યું હતું. તેઓ ૮૮ વર્ષના હતા. શહેરના ગાવંડ બાગ વિસ્તારના રહેવાસી મેજર ૧૯૬૦માં ભારતીય લશ્કરની મહાર રેજિમેન્ટની આઠમી બટાલિયનમાં સેકન્ડ લેફ્ટનન્ટ તરીકે કમિશન થયા હતા. ■

## દક્ષિણ મુંબઈમાં આજે પાણીપુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વરલીના ડૉ. ઈ. મોઝેસ રોડ પર બુધવારે ૧,૬૫૦ મિલ્યન લિટર વ્યાસની મેઈન પાઈપલાઈનમાં પડેલા ભંગાણ બાદ યુદ્ધના ધોરણે સમારકામ ચાલી રહ્યું હોઈ શુક્રવારે દક્ષિણ મુંબઈના અનેક વિસ્તારોમાં પાણીપુરવઠો બંધ રહેશે. તો અમુક વિસ્તારોમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો મળશે.

### આ વિસ્તારોને થશે અસર

ડી-વૉર્ડમાં લૅમિંગ્ટન રોડ, એમ.એસ. અલી રોડ, જે. બોમન બેહરામ માર્ગ, આર.એસ. નિમકર માર્ગ, શુકલાજી સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ(પૂર્વ), બાલારામ સ્ટ્રીટ, ડૉ.ડી.બી. માર્ગ, પઠ્ઠે બાપૂરાવ માર્ગ, ફોકલેન્ડ રોડ પશ્ચિમ, મુંબઈ સેન્ટ્રલ વિસ્તાર, એમ.પી. મિલ્સ કમ્પાઉન્ડ, બી.બી. નકાશે રોડ, તાડદેવ, આંબેડકર નગર કોલોની, કેશવરાવ ખાડયે રોડ વિસ્તારમાં શુક્રવારે (જુઓ પાનું ૪) ▶▶

### ૨૦૦૫ ગેંગસ્ટર સોહરાબુદ્દીન શેખ ‘બનાવટી’ એન્કાઉન્ટર કેસ

## હાઈ કોર્ટે બાવીસ આરોપીઓને નિર્દોષ જાહેર કરવાનો નિર્ણય યથાવત્ રાખ્યો

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે ૨૦૦૫માં ગેંગસ્ટર સોહરાબુદ્દીન શેખ, તેની પત્ની કૌસર બી અને તેના સાથી તુલસીરામ પ્રજાપતિના કથિત નકલી એન્કાઉન્ટરના કેસમાં બાવીસ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંકડની બેન્ચે શેખના ભાઈઓ રૂબાબુદ્દીન અને નયાબુદ્દીન દ્વારા દાખલ કરાયેલી અપીલોને ફગાવી દીધી, જેમાં ડિસેમ્બર ૨૦૧૮માં કેસના તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરતા ખાસ અદાલતના ચુકાદાને પડકારવામાં આવ્યો હતો.

ખાસ કોર્ટે આરોપીઓને નિર્દોષ જાહેર કરતી વખતે અવલોકન કર્યું હતું કે ફરિયાદ પક્ષ શેખ અને અન્ય લોકોની હત્યાનું કોઈ કાવતરું રચાયું હતું અને તેમાં હાલના આરોપીઓની કોઈ ભૂમિકા હતી તે સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો.

એપ્રિલ ૨૦૧૯ માં, શેખના ભાઈઓએ હાઇ કોર્ટમાં અપીલ દાખલ કરી. અપીલમાં સોહરાબુદ્દીનના ભાઈઓએ દાવો કર્યો હતો કે ટ્રાયલ ખામીયુક્ત હતી અને (જુઓ પાનું ૪) ▶▶

## ઓફિસમાં લેટ માર્ક, ભીડ અને ગરમીમાં ટ્રેનનો ઈન્તેજાર

### હાર્બરમાં પીક અવર્સમાં નવી એસી લોકલ દોડાવવામાં આવતા પ્રવાસીઓમાં અસંતોષ

મુંબઈ: મધ્ય રેલવે દ્વારા મુસાફરોને કાળઝાળ ગરમીથી રાહત આપવા હાર્બર લાઇન પર એસી લોકલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. પહેલી મેથી તેની ફ્રિક્વન્સી વધારવામાં આવી છે. એસી લોકલ ટ્રેનોની ફ્રિક્વન્સીમાં વધારા બાદ સામાન્ય લોકલ ટ્રેનોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી , મુસાફરો તરફથી આ સેવાનો ભારે વિરોધ થઈ રહ્યો છે.

મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને પનવેલ સ્ટેશન વચ્ચે એસી લોકલ ટ્રેનોની ફ્રીક્વન્સી વધારવામાં આવી છે. મુસાફરોએ ફરિયાદ કરી છે કે એસી લોકલ સેવાઓ શરૂ થવાથી પીક અવર્સ દરમિયાન મુસાફરોનો ધસારો વધી ગયો છે. આ કારણે તેમણે રેલવે વહીવટીતંત્ર (જુઓ પાનું ૪) ▶▶


## પાર્કિંગ ફીમાં કરાશે ૪૦ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આગામી દિવસોમાં વાહનો પાર્ક કરવા માટે વધુ ફી ચૂકવવાની તૈયારી વાહનચાલકોએ રાખવી પડવાની છે. મુંબઈ મહાનગર પાલિકાના ટ્રાફિક ડિપાર્ટમેન્ટે સમગ્ર મુંબઈમાં પબ્લિક પાર્કિંગ ફીમાં ૪૦ ટકા વધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. હાલ અસ્તિત્વમાં રહેલા પાર્કિંગના દરમાં વધારો પાર્કિંગ પોલિસી લાગુ કરવાના એક દાયકા બાદ કરવામાં આવી રહ્યો છે. સુધારિત પ્રસ્તાવ પાલિકા કમિશનર અશ્વિની ભીડેની મંજૂરીની રાહ જોઈ રહ્યો છે. તેમની મંજૂરી બાદ પાલિકાની વર્ક કમિટી અને ત્યારબાદ સામાન્ય સભા સમક્ષ અંતિમ મંજૂરી માટે મૂકવામાં આવશે.

સુધારિત પાર્કિંગના દર મુંબઈના તમામ પાલિકાના પાર્કિંગ સુવિધાઓને લાગુ થશે, જેમાં ૩૭ પબ્લિક પાર્કિંગ લોટ, ૨૬ ઓન-સ્ટ્રીટ પે-એન્ડ પાર્ક ઝોન અને ૩૫૦થી વધુ ઓફ સ્ટ્રીટ પે-એન્ડ પાર્ક સુવિધાઓનો સમાવેશ થાય છે. પબ્લિક પાર્કિંગને ત્રણ શ્રેણીમાં વિભાજીત કરવામાં આવે છે. પબ્લિક પાર્કિંગ, ઓન સ્ટ્રીટ ૫ એન્ડ પાર્ક અને ઓફ-સ્ટ્રીટ પે-એન્ડ પાર્કનો સમાવેશ થાય છે. પાલિકાએ બીજી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પે એન્ડ પાર્ક પોલિસીને મંજૂરી આપી હતી, જેમાં પાર્કિંગ ફીમાં ૩૦૦થી ૪૦૦ ટકાનો મોટો વધારો પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો. પણ તેની સામે જાહેર અને રાજકીય વિરોધને પગલે રાજ્ય સરકારે જાન્યુઆરી ૨૦૧૫માં તેના અમલીકરણ પર સ્ટે મૂકી દીધો હતો. ■

## હર હર મહાદેવ ભીમાશંકર મંદિર ૩૧ મેથી દર્શન માટે ફરી ખૂલશે



પુણેઃ સુવિધા વિકાસ માટે બંધ કરવામાં આવેલું મહારાષ્ટ્ર અને દેશના તમામ ભક્તો માટેનું શ્રદ્ધાસ્થાન શ્રી ક્ષેત્ર ભીમાશંકર મંદિર ફરી દર્શન માટે ખુલ્લું મુકાશે. મુખ્ય સભાખંડના પુનર્નિર્માણ સહિત વિવિધ સુરક્ષા અને સુવિધા વિકાસ કાર્યોને કારણે મંદિર દર્શન માટે બંધ રાખવામાં આવ્યું હતું. હવે આ કાર્યો પૂરા થવાની તૈયારીમાં છે. છેલ્લું સાડા ત્રણ મહિનાથી બંધ રહેલું મંદિર હવે ૩૧ મેના રોજ ભક્તો માટે દર્શન માટે ખુલ્લું મુકવામાં આવશે એમ જિલ્લા કલેક્ટર જીતેન્દ્ર ડુડીએ જણાવ્યું હતું.

શ્રી ક્ષેત્ર ભીમાશંકર મહારાષ્ટ્રનું મુખ્ય જ્યોતિર્લિંગ હોવાથી દર વર્ષે લાખો ભક્તો અહીં દર્શન માટે આવે છે. ભક્તોની સુવિધા માટે યાત્રાધામ વિકાસ યોજના બનાવી મંદિર વિસ્તારમાં ભીડ વ્યવસ્થાપન અને ભક્તોની સલામતીનો વિચાર કરવામાં આવ્યો હતો. જાન્યુઆરીથી ત્રણ મહિના માટે ભીમાશંકર મંદિર બંધ રાખવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, કાર્યની ઝડપ અનુસાર, આ સમયગાળો ૩૧ મે સુધી લંબાવવો પડ્યો હતો.

૨૦૨૭માં નાશિકમાં સિંહસ્થ કુંભ મેળો યોજાઈ રહ્યો છે અને વિકાસ કાર્યનો ઉદ્દેશ્ય તેની પૃષ્ઠભૂમિમાં ભક્તોને સુવિધાઓ પૂરી પાડવાનો છે. આમાં જૂના સભા મંડપને દૂર કરીને નવા ભવ્ય સભા મંડપનું નિર્માણ, પગપાળા માર્ગો, પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો, ભીડ નિયંત્રણ વ્યવસ્થા અને આરામ વિસ્તારોમાં સુધારો વગેરેનો સમાવેશ થાય છે. સભા મંડપનું કામ પરંપરાગત ટેકનોલોજીના આધારે ઝડપી ગતિએ પૂર્ણ થઈ રહ્યું છે અને જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું છે કે અત્યાર સુધીમાં ૯૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ■

### ૨૪૧ કરોડ રૂપિયાનું જમીન સંપાદન વળતર કૌભાંડ

## બીડ જિલ્લાના ભૂતપૂર્વ કલેકટરની લાતુરથી ધરપકડ

લાતુરઃ ૨૪૧ કરોડ રૂપિયાના જમીન સંપાદન વળતર કૌભાંડ પ્રકરણે બીડ જિલ્લાના ભૂતપૂર્વ કલેક્ટર અવિનાશ પાઠકની લાતુરથી ગુરુવારે ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

૨૦૧૩ બેચના આઇએએસ ઓફિસર પાઠક (૫૫)ની બીડ પોલીસની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે (એસઆઇટી) ગુરુવારે સવારે ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર જમીન સંપાદનના વળતરના ખોટા આદેશ તૈયાર કરવાના આરોપને પગલે બીડના શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં પાઠક સહિત ૧૦ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બીડ જિલ્લામાંથી ટ્રાન્સફર થયા બાદ પણ (જુઓ પાનું ૪) ▶▶

## જમીન સંબંધી ‘સાતબારા ઉતારા’ પ્રથા બંધ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય

મુંબઈઃ મહારાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારોમાં અર્થતંત્ર મોટાભાગે ખેતી પર આધારિત હોય છે. ગામડાઓમાં ખેડૂતો અને ખેતીને જીવનનું કેન્દ્ર માનવામાં આવે છે. એટલે રાજ્ય સરકાર સમયાંતરે ખેડૂતોના હિતમાં નિર્ણયો લે છે. એ અનુષંગાને કૃષિ સંબંધિત ખૂબ જ મહત્વ ધરાવતી સાતબારા ઉતારાની પ્રથા અંગે એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગે રાજ્યના કેટલાક ગામડાઓમાં સાતબારા ઉતારા પ્રથા બંધ કરી ’પ્રોપર્ટી કાર્ડ’ જારી કરવાનો નિર્ણય લીધો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ નિર્ણયથી હજારો ખેડૂતો અને નાગરિકોને ઘણો ફાયદો થશે.

રાજ્યમાં જે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાની સીમામાં નવા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવા વિસ્તારોની જમીનો માટે સાતબારા ઉતારા પ્રથા બંધ કરી દેવામાં આવશે.

મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ આ સંદર્ભમાં મહત્વપૂર્ણ સૂચનાઓ આપી છે. સંબંધિત વિસ્તારોના નાગરિકોને હવે તેમની જમીનના ‘પ્રોપર્ટી કાર્ડ’ આપવામાં આવશે. આ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં સમાવિષ્ટ ગામડાઓના નાગરિકોને જમીન રેકોર્ડ સંબંધિત ઘણી સમસ્યાઓમાંથી રાહત મળશે. ■

## થાણેની ઈમારતમાં આગઃ ૧૨ મીટર બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે પશ્ચિમમાં પાચપાખાડીમાં એક બિલ્ડિંગના મીટર રૂમમાં લાગેલી આગમાં ૧૦થી ૧૨ મીટર બળીને ખાક થઈ ગયા હતા. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. થાણે ડિઝાસ્ટરના જણાવ્યા મુજબ પાચપાખાડીમાં ઉત્સવ હોટલ નજીક ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની સારિકા અપાર્ટમેન્ટન નામની બિલ્ડિંગ આવેલી છે. બુધવારે મોડી રાતના ૧.૧૨ વાગે બિલ્ડિંગના મીટર રૂમમાં આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ સહિત પોલીસ પહોંચી ગઈ હતી. પંદરેક મિનીટની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગમાં ૧૦થી ૧૨ મિટર બળીને ખાક થઈ ગયા હતા. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

### મહારાષ્ટ્રમાં શું રંધાઈ રહ્યું છે?

## બાવનકુળે રાજ ઠાકરેને મળવા પહોંચતા રાજકીય વર્તુળોમાં તર્ક-વિતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં સામાન્ય રીતે કોઈ નવાજૂની જોવા મળતી નથી, પરંતુ ગુરુવારે બનેલી એક ઘટના આખા રાજ્યમાં મોટી ચર્ચાનું કારણ બની ગયું હતું. રાજ્યમાં પડદા પાછળ કોઈ હિલચાલના એંધાણ તરીકે આ મુલાકાતને જોવામાં આવી છે.

મહારાષ્ટ્રના રાજકારણમાં મનસેના વડા રાજ ઠાકરે એક મહત્વપૂર્ણ નામ છે. મરાઠી ભાષા, મરાઠી લોકો તેમના રાજકારણનું કેન્દ્રબિંદુ છે. તેઓ વિધાનસભ્ય, પ્રધાન કે સાંસદ નથી, પરંતુ તેમના મુંબઈના બંગલા શિવતીર્થ પર હંમેશા ભીડ જોવા મળે છે. ઘણા મોટા નેતાઓ અને પ્રધાનો તેમને મળવા પહોંચે છે. રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ પણ રાજ ઠાકરેની શુભેચ્છા મુલાકાત લીધી છે. આ મુલાકાતથી રાજ્યના રાજકારણમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.

રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે જોડાણ કર્યું હતું. રાજ્યના રાજકારણમાં આ એક અભૂતપૂર્વ પ્રયોગ હતો. મ્યુનિસિપલ ચૂંટણી દરમિયાન રાજ ઠાકરેએ મરાઠીનો મુદ્દો ઉઠાવીને શાસક પક્ષની પણ ટીકા કરી હતી. આમ છતાં ચંદ્રશેખર બાવનકુળે, જે ભાજપના નેતા છે, રાજ ઠાકરેને મળ્યા હતા. આ મુલાકાતનો ચોક્કસ હેતુ, બેઠકમાં કયા રાજકીય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી તે હજુ સુધી પ્રકાશમાં આવ્યું નથી. પરંતુ આ મુલાકાતે રાજકીય વર્તુળોમાં વિવિધ ચર્ચાઓ જગાવી છે. મુલાકાત (જુઓ પાનું ૪) ▶▶

## બાળ અધિકાર પંચના અધ્યક્ષ ભાજપનાઃ શિંદે સેના - એનસીપીનું પત્તુ કપાયું

મુંબઈઃ પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામ આવ્યા બાદ મહારાષ્ટ્રમાં મોટી ઉથલપાથલ જોવા મળી છે. ભાજપ, શિવસેના શિંદે જૂથ અને એનસીપી અજિત પવાર જૂથ રાજ્યમાં મહાગઠબંધન તરીકે સાથે છે.

જોકે, રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે તેમની વચ્ચે પરસ્પર ખેંચતાણ ચાલી રહી છે. તાજેતરમાં એક મહત્વપૂર્ણ ઘટનામાં ભાજપએ શિવસેના શિંદે અને એનસીપી અજિત પવાર જૂથને ઝટકો આપ્યો છે.

રાજ્યમાં મહાગઠબંધન સરકારમાં કોર્પોરેશનોના અધ્યક્ષ પદ માટે ચાલી રહેલા સંઘર્ષમાં ભાજપએ પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. રાજ્ય બાળ અધિકાર આયોગના ખાલી પડેલા અધ્યક્ષ પદ પર એડવોકેટ સંજય પુરાણિકની નિમણૂક કરી ભાજપ આ મહત્વપૂર્ણ પદ પોતાના ખિસ્સામાં રાખવામાં સફળ રહ્યું છે.

આ નિમણૂક સંબંધી ગુપ્તતા પાળવામાં આવતા રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ રહી છે. બાળ અધિકાર આયોગના અધ્યક્ષનું સ્થાન છેલ્લા ઘણા મહિનાઓથી ખાલી છે. શિવસેના (એકનાથ શિંદે જૂથ) અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર જૂથ) બંનેએ આ પદ માટે ઘણા ઉમેદવારો ઉભા રાખ્યા હતા. ભૂતપૂર્વ પ્રમુખ સુશીબેન શાહ શિવસેનામાં જોડાયા બાદ શિવસેના શિંદે જૂથ આગ્રહી હતું કે આ પદ તેમની પાસ (જુઓ પાનું ૪) ▶▶



**સુરક્ષાર્થે:** ચોમાસા પહેલાના સમારકામને કારણે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટનું રન-વે ગુરુવારે છ કલાક માટે બંધ કરવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

## કિશોરવયે પ્રેમમાં કારમો અંજામઃ છરીના ઘા ઝીંકી સગીરની હત્યા

થાણેઃ નાગપુર શહેરમાં પ્રણય ત્રિકોણમાં ૧૭ વર્ષના સગીરે જીવ ગુમાવવો પડ્યો હતો. બે સગીરે છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી હત્યા કરતાં પોલીસે એકને તાબામાં લીધો હતો, જ્યારે ફરાર બીજાની શોધ હાથ ધરી હતી. કલમના પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના મંગળવારની રાતે વાજપેયી નગર પરિસરમાં બની હતી. મૃતકની ઓળખ ઝોહરાન મુસ્તફા શેખ (૧૭) તરીકે થઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ મજૂરી કરતા ઝોહરાન અને ૧૭ વર્ષની છોકરી વચ્ચે પ્રેમપ્રકરણ ચાલતું હતું. એ જ છોકરી સાથે આરોપીને પણ પ્રેમ હોવાથી બન્ને સગીર વચ્ચે વિવાદ ચાલતો હતો. આરોપીએ ઝોહરાનને છોકરીથી દૂર રહેવાની ચેતવણી પણ આપી હતી, પરંતુ ઝોહરાને ચેતવણીને અવગણી છોકરી સાથે સંબંધ ચાલુ રાખ્યા હતા. કહેવાય છે કે વાતચીતને બહાને આરોપીએ મંગળવારની રાતે ૧૧ વાગ્યાની આસપાસ ઝોહરાનને વાજપેયી નગરમાં બોલાવ્યો હતો. ઝોહરાન ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે આરોપી તેના મિત્ર સાથે આવ્યો હતો. બન્નેએ ઝોહરાનને ધમકાવતાં તેમની વચ્ચે મારામારી થઈ હતી. ગુસ્સામાં મુખ્ય આરોપીએ ઝોહરાન પર છરીના ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા. ગરદન અને છાતી પર ગંભીર ઇજાને કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# આઈપીએલની ફાઈનલ કેમ બેંગ્લૂરુમાંથી અમદાવાદમાં શિફ્ટ કરાઈ? બીસીસીઆઇના હોદ્દેદારો તરફથી આવી ગયાં કારણો...

અમદાવાદ: આઇપીએલની ફાઇનલ દરેક સીઝનમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયનના હોમ-ગ્રાઉન્ડમાં જ રાખવાની પરંપરા છે, પણ આ વખતે એ પ્રણાલી તોડીને બીસીસીઆઇએ ફાઇનલનું સ્થળ બેંગ્લૂરુથી બદલીને અમદાવાદ કરી નાખ્યું એને પગલે કર્ણાટક સ્ટેટ ક્રિકેટ અસોસિયેશને નારાજગી વ્યક્ત કરી છે અને એવામાં કેટલાક અહેવાલો મુજબ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેક્રેટરી દેવાજિત સૈકિયા તથા આઇપીએલના ચૅરમૅન અરુણ સિંહ ધુમાલ તરફથી મહત્ત્વના નિવેદનો કરવામાં આવ્યા છે. બીજી રીતે કહીએ તો તેમણે ફાઇનલ અમદાવાદમાં રાખવા પાછળના કારણો પર પ્રકાશ પાડ્યો છે.

લીગ રાઉન્ડ ૨૪મી મે સુધી ચાલશે. એ દિવસે વાનખેડેમાં મુંબઈ-રાજસ્થાનની તથા કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં કોલકાતા-દિલ્હી વચ્ચે મૅચ રમાશે. ત્યાર બાદ ૨૬મી મેએ શરૂ થનારા પ્લે-ઑફ રાઉન્ડમાં ક્વૉલિફાયર-વન ધરમશાલામાં, એલિમિનેટર ન્યૂ ચંડીગઢમાં, ક્વૉલિફાયર-ટૂ પણ ન્યૂ ચંડીગઢમાં અને ૩૧મી મેની ફાઇનલ અમદાવાદમાં ૧,૩૨,૦૦૦ સીટની ક્ષમતા ધરાવતા ક્રિકેટ જગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. આ તમામ નૉકઆઉટ મૅચો સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થશે. એનાથી વિપરીત, બેંગ્લૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૩૩,૦૦૦ પ્રેક્ષક બેસી શકે એટલી સીટ છે. એમાંથી ૭૦૦૦-૮૦૦૦ જેટલી સીટ સ્પૉન્સર્સ તથા અન્ય વીઆઇપીઓ માટે રિઝર્વ રાખવી પડતી હોય છે. જનતા માટે માત્ર ૨૫,૦૦૦ સીટ ઉપલબ્ધ હોય છે.



અમદાવાદમાં બૅક-ટુ-બૅક આઈપીએલ ફાઈનલ રમાશે. ૨૦૨૫ની આઈપીએલની ફાઈનલ અમદાવાદમાં રમાઈ હતી જેમાં બેંગ્લૂરુએ પંજાબને છ રનથી હરાવ્યું હતું.

### બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ શું કહ્યું?

(૧) બેંગ્લૂરુમાં ફાઇનલ રખાઈ હોત તો બીસીસીઆઇએ (કર્ણાટક) રાજ્ય સરકાર તથા સ્થાનિક સત્તાવાળાઓ તરફથી ટિકિટોની મોટી ડિમાન્ડનો સામનો કરવો પડ્યો હોત.

(૨) વધારાની ૧૦,૦૦૦ ટિકિટો આપવી એવી શરત તેમ જ આયોજન સંબંધમાં કેટલીક મુશ્કેલીઓ નડી શકે એમ હતી.

(૩) કર્ણાટક ક્રિકેટ અસોસિયેશને નિર્ધારિત ૧૫ ટકા કૉમ્પ્લીમેન્ટરી ટિકિટો કરતાં ક્યાંય વધુ ટિકિટોની ડિમાન્ડ કરી હતી.

(૪) ૯૦૦ ટિકિટ કર્ણાટક રાજ્યના વિધાનસભા તથા વિધાન પરિષદના મેમ્બર્સ તેમ જ સંસદસભ્યો માટે માગવામાં આવી હતી. આવી બધી ડિમાન્ડ બીસીસીઆઇના નિયમો અને પ્રૉટોકૉલના હદની બહાર હતી.

(૫) રાજ્યની ક્લબો તથા લાઇફટાઇમ મેમ્બર્સ માટે ૧૦,૦૦૦ વધુ ટિકિટ માગવામાં આવી હતી. આવા બધા કારણોસર આયોજનમાં વિઘ્નો જણાતાં ફાઇનલ અમદાવાદને આપી દેવામાં આવી.

### આઈપીએલના ચૅરમૅન અરુણ ધુમાલે શું કહ્યું?

(૧) ખરેખર તો ફાઇનલ બેંગ્લૂરુમાં જ રમાવી જોઈતી હતી. અમે કર્ણાટક અસોસિયેશન સાથે ચર્ચા પણ કરી હતી, પરંતુ ગયા વર્ષે બેંગ્લૂરુના સ્ટેડિયમની બહાર નાસભાગની જે જીવલેણ ઘટના બની હતી એને કારણે રાજ્ય સરકારની સામે કેટલાક પડકારો હતા.

(૨) બેંગ્લૂરુના સ્ટેડિયમમાં સીટોની સંખ્યા બહુ મોટી નથી. લીગ મૅચો માટે પણ જાહેર જનતા માટે બહુ ઓછી ટિકિટો ઉપલબ્ધ હતી, કારણકે રાજ્ય સરકારે ઘણી મફત ટિકિટો આપવી પડી હતી.

(૩) આઇપીએલની ફાઇનલ જોવા વિશ્વભરમાંથી આવતા લોકોની સંખ્યા મોટી હોવાથી તેમ જ વિશ્વભરમાંથી મોટી હસ્તીઓ આવતી હોવાથી ક્રિકેટપ્રેમી જનતા માટે મોટી સંખ્યામાં અમારે ટિકિટો ઉપલબ્ધ રાખવી પડે.

(૪) ફાઇનલના જ અરસામાં આઇસીસીની બૉર્ડ મીટિંગ પણ થવાની છે એટલે ઘણા મેમ્બર્સ તથા મહાનુભાવો પણ ભારત આવશે.

(૫) આ બધુ જોતાં બીસીસીઆઇએ મોટા સ્ટેડિયમમાં જ ફાઇનલ રાખવાનું નક્કી કર્યું છે. ■

**આજે કઈ મૅચ?**
દિલ્હી વિરુદ્ધ કોલકાતા
દિલ્હીમાં, સાંજે ૭.૩૦

# માર્શના ૧૧૧ પછી કોહલી એક રન પણ ન બનાવી શક્યો!

લખનઊ: ગુરુવારે બેંગ્લૂરુ સામે લખનઊએ પ્રથમ બૅટિંગ મળ્યા બાદ વરસાદના વિઘ્નો વચ્ચે નિર્ધારિત ૧૯ ઓવરમાં ત્રણ વિકેટે ૨૦૯ રન બનાવીને રજત પાટીદારની ટીમને ૨૧૦ રનનો લક્ષ્યાંક આપ્યો ત્યાર બાદ બેંગ્લૂરુએ ધબડકા સાથે શરૂઆત કરી હતી. નવ રનમાં પ્રવાસી ટીમે જેકબ બેથેલ (ચાર રન) અને વિરાટ કોહલી (૦)ની વિકેટ ગુમાવી દીધી હતી. બેથેલને મોહમ્મદ શમીએ પ્રિન્સ યાદવના હાથમાં કૅચઆઉટ કરાવ્યો ત્યાર બાદ પ્રિન્સ યાદવની ઓવરમાં કોહલી ક્લીન બોલ્ડ થયો હતો. તે પોતાના બીજા જ બૉલ પર વિકેટ ગુમાવી બેઠો હતો.

એ પહેલાં, બેંગ્લૂરુએ શરૂઆતથી જ ૧૧.૦૦ જેટલા રેટથી રન બનાવવા પડશે એવી હાલત હતી, કારણકે લખનઊએ એને ૨૦૯ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો.

લખનઊના ૨૦૯ રનના ટીમ સ્કોરમાં મિચલ માર્શ (૧૧૧ રન, ૫૬ બૉલ, નવ સિક્સર, નવ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. નિકોલસ પૂરન ૩૮ રન કરીને આઉટ થયા બાદ કૅપ્ટન રિષભ પંત ૩૨ રને અણનમ રહ્યો હતો. એ પહેલાં, અર્શિન કુલકર્ણી (૧૭ રન) અને માર્શ વચ્ચે ૯૫ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી. જૉશ હૅઝલવૂડ, રસિખ સલામ અને કૃણાલ પંડ્યાને એક-એક વિકેટ મળી હતી. લખનઊએ પ્લે-ઑફની રહીસહી આશા જીવંત રાખવા આ મૅચ જીતવી ખૂબ જરૂરી હતી. ■

# યુવી, વિરાટ, જાડેજાના ભૂતપૂર્વ સાથી ખેલાડી ગિલનું નિધન: પહેલી મૅચમાં રોહિતની વિકેટ લીધેલી



ચંડીગઢ: ૨૦૦૬થી ૨૦૦૮ની સાલ દરમ્યાન અન્ડર-૧૯ ક્રિકેટમાં તેમ જ ડોમેસ્ટિક મૅચોમાં યુવરાજ સિંહ, વિરાટ કોહલી, રવીન્દ્ર જાડેજા, સૌરભ તિવારી, મનીષ પાન્ડે સાથે રમી ચૂકેલા ઑલરાઉન્ડર અમનપ્રીત સિંહ ગિલનું અવસાન થયું છે. તે છ મહિનાથી બીમાર હોવાનું જાણકાર સૂત્રો પાસેથી માહિતી મળી હતી. યુવરાજે સોશ્યલ મીડિયામાં ગિલને અંજલિ આપતા જણાવ્યું હતું કે 'ગિલ ખૂબ વિનમ્ર સ્વભાવનો અને મહેનતુ ખેલાડી હતો.' ગિલ ૨૦૦૬માં મોહાલીમાં મુંબઈ સામે પંજાબ વતી જે પ્રથમ ડોમેસ્ટિક મૅચ રમ્યો હતો એમાં તેણે રોહિત શર્મા (બાવીસ રન)ની વિકેટ લીધી હતી. ગિલ અંતિમ મૅચ ૨૦૦૮માં મુંબઈના બ્રેબર્ન સ્ટેડિયમમાં રમ્યો હતો જેમાં તેણે મુંબઈના કૅપ્ટન વસીમ જાફર (૦)ને આઉટ કર્યો હતો. ■

# સૂર્યકુમાર યાદવના ઘરમાં કન્યારત્નનું આગમન

મુંબઈ: ટીમ ઇન્ડિયાના ટી-૨૦ કૅપ્ટન અને આઇપીએલની પહેલાં ભારતને ટી-૨૦ વર્લ્ડ કપનો તાજ અપાવનાર સૂર્યકુમાર યાદવની પત્ની દેવિશાએ પુત્રીને જન્મ આપ્યો છે. સૂર્યકુમારે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકીને આ ખુશી વ્યક્ત કરી હતી જેને પગલે સોશ્યલ મીડિયામાં તેના પર અભિનંદનની વર્ષા થઈ છે.



સૂર્યકુમારે ઇન્સ્ટાગ્રામ પર પોતાના સત્તાવાર હૅન્ડલ પર આ ગુડ ન્યૂઝ શૅર કર્યા અને જણાવ્યું છે કે તેના ઘરમાં નાની પરીનું આગમન થયું છે. સૂર્યા અને દેવિશાએ ૨૦૧૬માં લગ્ન કર્યાં હતાં.

સૂર્યકુમારે પોસ્ટમાં લખ્યું હતું, 'ખુશી અને હર્ષોલ્લાસ સાથે અમે નાની પરીનું અમારા પરિવારમાં સ્વાગત કરીએ છીએ.'

સૂર્યાએ પોસ્ટ શૅર કરી એ સાથે જ તેના પર અભિનંદનનો વરસાદ વરસ્યો હતો. અભિનેતા રણવીર સિંહે લખ્યું, 'ઇશ્વર આ નાની પરીને હંમેશાં ખુશ અને સુરક્ષિત રાખે એવી શુભેચ્છા.' મુંબઈ ઇન્ડિયન્સે સૂર્યાને તેમ જ તેની પત્ની દેવિશાને અભિનંદન અને શુભકામના પાઠવી હતી, જ્યારે આર. અશ્વિનની પત્ની પ્રીતિએ રેડ હાર્ટવાળી અનેક ઇમોજી પોસ્ટ કરી હતી. ■

# બુમરાહ, સૂર્યાની વહારે કોચ જયવર્દને

ચેન્નઈ: મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ મહેલા જયવર્દનેએ ખરાબ ફોર્મમાં રહેલા સિનિયર બેટ્સમેન સૂર્યકુમાર યાદવનો બચાવ કરતા કહ્યું છે કે તે તેની કારકિર્દીના એવા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે જ્યાં કંઈ પણ તેના માટે અનુકુળ થઈ રહ્યું નથી અને તેની પાસે સખત મહેનત કરવા સિવાય કોઈ બીજો વિકલ્પ નથી. કેપ્ટન તરીકે ટી-૨૦ વર્લ્ડ કપ જીતવા છતાં સૂર્યકુમાર યાદવ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે.

તેણે વર્તમાન આઈપીએલ સીઝનમાં અત્યાર સુધી નવ ઇનિંગ્સમાં ૧૮૩ રન કર્યા છે જેમાં દિલ્હી સામેની અડધી સદીનો પણ સમાવેશ થાય છે. સૂર્યકુમારના નબળા પ્રદર્શન અંગે જયવર્દને કહ્યું, જો તે (સૂર્ય) કેટલાક સારા સ્કોર કરે છે, તો મને લાગે છે કે તે તેની લય શોધી લેશે. મને લાગે છે કે ક્યારેક ક્યારેક જ્યારે ચીજો તમારા અનુકૂળ થતી નથી ત્યારે બધું બરાબર થતું નથી.

જસપ્રીત બુમરાહ વિશે જયવર્દને સ્વીકાર્યું કે તેને અન્ય બોલરો તરફથી જરૂરી ટેકો મળી રહ્યો નથી. મારો કહેવાનો અર્થ છે કે જ્યારે બધા સાથે મળીને કામ કરે છે, ત્યારે વિકેટો આવતી રહે છે. તે બુમરાહને થોડો વધુ આક્રમક બનવામાં મદદ કરે છે. તે સારી બોલિંગ કરી રહ્યો છે. ■

## ચેમ્પિયન્સ લીગ:

# પીએસજી બૅક-ટુ-બૅક ફાઈનલમાં, 30મીએ આર્સેનલ સામે મુકાબલો

મ્યૂનિક: ડિફેન્ડિંગ ચૅમ્પિયન પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી)એ યુઇફા ચૅમ્પિયન્સ લીગ ફૂટબૉલ સ્પર્ધામાં સતત બીજી સીઝનમાં ફાઇનલમાં પ્રવેશ કર્યો છે જેમાં ૩૦મી મેએ એનો મુકાબલો આર્સેનલ સામે થશે. આર્સેનલે માત્ર ૨૦૦૬માં આ સ્પર્ધા જીતી લીધી ત્યાર પછી ૨૦ વર્ષે એણે ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

ખ્વીચા ક્વારાત્સખેલિયાએ બુધવારે બાયર્ન મ્યૂનિક સામેની સેમિ ફાઇનલ રાઉન્ડના બીજા અને નિર્ણાયક તબક્કાની મૅચમાં ત્રીજી જ મિનિટમાં ગોલ કરીને પીએસજીને ૧-૦થી સરસાઈ અપાવી હતી. બાયર્ન મ્યૂનિક વતી હૅરી કેને મૅચની મુખ્ય ૯૦ મિનિટ બાદ ચોથી મિનિટમાં (૯૪મી મિનિટમાં) ગોલ કર્યો હતો અને સ્કોર ૧-૧થી બરાબરીમાં થઈ ગયો હતો, પણ બાયર્ન માટે ત્યારે બહુ મોડું થઈ ગયું હતું અને મૅચ ૧-૧થી ડ્રૉમાં જતાં પીએસજીએ સેમિ ફાઇનલ રાઉન્ડ એકંદરે ૬-૫ના સ્કોર સાથે જીતીને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી અને બાયર્ન મ્યૂનિકની ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી.


પીએસજીએ સેમિ ફાઇનલના પ્રથમ તબક્કાની મૅચમાં ૫-૪થી વિજય મેળવ્યો હતો અને ફાઇનલમાં કોણ પહોંચશે એનો આધાર બુધવારની મૅચ પર હતો.

ઉલ્લેખનીય છે કે રિયલ મૅડ્રિડે ૨૦૧૬થી ૨૦૧૮ સુધીના ઉપરાઉપરી ત્રણ વર્ષમાં ચૅમ્પિયન્સ લીગનું ટાઇટલ જીત્યું હતું. પીએસજીએ ૨૦૨૫માં ટાઇટલ જીતી લીધા બાદ હવે બૅક-ટુ-બૅક ટાઇટલ જીતવાનો એને મોકો છે. ૩૦મી મેની પીએસજી-આર્સેનલ ફાઇનલ હંગેરીના પાટનગર બુડાપેસ્ટમાં રમાશે. ■

# પંજાબની ટીમ સોળે કળાએ ખીલી હતી, પણ ૧૬ કૅચ છૂટતાં હારની હારમાળા શરૂ થઈ




બુધવારે લૉકી ફર્ગ્યુસનથી ચહલના એક બૉલમાં કિશનનો કૅચ છૂટ્યો હતો. ચહલ બેહદ નિરાશ થઈ ગયો હતો. હિન્રિક ક્લાસેન પણ નવ રન પર હતો ત્યારે ચહલના બૉલમાં શશાંક સિંહના હાથે તેને જીવતદાન મળ્યું હતું. (પીટીઆઇ/એપી)




બુધવારે હૈદરાબાદનો ઈશાન કિશન (૩૨ બૉલમાં ૫૫ રન) નવ રન પર હતો ત્યારે લૉકી ફર્ગ્યુસનના બૉલમાં પંજાબના કૂપર કૉનોલીએ તેનો આસાન કૅચ છોડ્યો હતો.

ન્યૂ ચંડીગઢ: આઇપીએલ-૨૦૨૬ના પ્રથમ અડધા તબક્કામાં તમામ છ મૅચ જીતીને ઘણા દિવસો સુધી પૉઇન્ટ્સ-ટેબલમાં નંબર-વન પર રહેલા પંજાબ કિંગ્સ (પીબીકેએસ)એ છેલ્લી ત્રણેય મૅચમાં પરાજય જોવો પડ્યો છે અને એના ખેલાડીઓથી છૂટી રહેલા કૅચ આ ટીમ માટે સૌથી મોટી સમસ્યા બની ગઈ છે. અમુક અંશે આ ટીમની બૅટિંગ અને બોલિંગ પણ નબળી પડી છે, પરંતુ ખુદ કૅપ્ટન શ્રેયસ ઐયરે જ કહ્યું છે કે 'અમારા ખેલાડીઓ કૅચ છોડી રહ્યા છે એ અમારા માટે સૌથી મોટો આંચકો છે. અમે આ ટૂર્નામેન્ટમાં શરૂઆત ઘણી સારી કરી હતી, પણ છેલ્લી થોડી મૅચોથી જે રીતે પર્ફોર્મ કરી રહ્યા છીએ એવું જ જો ચાલતું રહેશે તો આગળ જતાં અમને ઘણી તકલીફો થઈ શકે.'


એક જાણીતી ક્રિકેટ-વેબસાઇટની સમીક્ષા મુજબ વર્તમાન સીઝનમાં પંજાબની ટીમના ખેલાડીઓને કૅચ ઝીલવાના કુલ ૫૬ ચાન્સ મળ્યા જેમાંથી ૧૬ ચાન્સ તેમણે ગુમાવ્યા છે. બીજી રીતે કહીએ તો પંજાબના ખેલાડીઓએ આ વખતે કુલ ૧૬ કૅચ છોડ્યા છે. ચેન્નઈની ટીમની પણ આવી જ સ્થિતિ છે. ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમે પણ ૧૬ કૅચ છોડ્યા છે અને ૧૦ ટીમમાં આ બે ટીમ કૅચ ઝીલવાની બાબતમાં ૭૧.૪૩ની ટકાવારી સાથે સૌથી નબળી છે.

સામાન્ય રીતે પંજાબની ટીમમાંથી શશાંક સિંહે આ વખતે સૌથી વધુ કૅચ છોડ્યા છે, પરંતુ બુધવારે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની મૅચમાં પંજાબના લૉકી ફર્ગ્યુસન અને કૂપર કૉનોલીથી પણ કૅચ છૂટી જતાં હૈદરાબાદની ટીમ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૩૫ રન કરી શકી હતી અને પંજાબની ટીમે સાત વિકેટે ૨૦૨ રન કર્યા એને કારણે ૩૩ રનથી પરાજય જોવો પડ્યો હતો. ૩૪ રનમાં ઓપનર પ્રિયાંશ આર્ય (એક રન) અને સૂર્યાંશ શેડગે (પચીસ રન)ની વિકેટ લેનાર હૈદરાબાદના કૅપ્ટન પૅટ કમિન્સને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

ન્યૂ ઝીલૅન્ડની ભૂતપૂર્વ ક્રિકેટર કેટી માર્ટિને કૅચ છોડવાની પંજાબની કચાશને 'વાઇરસ' તરીકે ઓળખાવી છે. ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની અને પંજાબના હેડ-કોચ રિકી પૉન્ટિંગે પણ બુધવારના પરાજય પછી કહ્યું, 'કેટીની વાત સાચી છે. અમારા ખેલાડીઓની કૅચ છોડવાની કચાશ વાઇરસ જેવી છે. બિચારો શશાંક સિંહ જ્યાં ઊભો હોય છે ત્યાં કૅચ ઝીલવાનો તેને મોકો મળે છે, પણ તે છોડી રહ્યો છે. અમે હૈદરાબાદ સામે સારું રમ્યા, પણ કૅચ છૂટ્યા એ બહુ ખોટું થયું.' પંજાબના સ્પિન-બોલિંગ કોચ સાઇરાજ બહુતુલેએ કહ્યું, 'ઇશાન કિશન અને હિન્રિક ક્લાસેન જેવા બૅટ્સમેનના કૅચ છોડો તો તેઓ ઝડપથી રન બનાવી જ લે.' ■

# 'અહંકારી ગંભીરનું ન માને એ ખેલાડી તેના હિટ લિસ્ટમાં આવી જાય': જાણો, આવું કોણે કહ્યું


નવી દિલ્હી: તાજેતરમાં ટીમ ઇન્ડિયા ટી-૨૦ વર્લ્ડ કપમાં ચૅમ્પિયન બન્યા બાદ ભારતીય ટીમનો હેડ-કોચ ગૌતમ ગંભીર હાલમાં ફુરસદમાં છે અને હમણાં તો આઇપીએલની ૧૯મી સીઝન ચાલી રહી છે એટલે તે પરિવાર સાથે લાંબું વેકેશન માણી રહ્યો છે, પરંતુ તેની સાથેના ભૂતકાળના અનુભવને વાગોળીને ભૂતપૂર્વ ભારતીય પેસ બોલર અતુલ વાસને ચોંકાવનારાં નિવેદનો કર્યા છે. ૨૦૨૪માં રાહુલ દ્રવિડના કોચિંગમાં ભારતે ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધો ત્યારથી ટીમ ઇન્ડિયાને ગંભીરનું કોચિંગ મળી રહ્યું છે.



અતુલ વાસનનો આક્ષેપ છે કે ટીમ ઇન્ડિયાના અમુક ખેલાડીઓ ગંભીરના આક્રમક અભિગમને બદલ નાખુશ છે અને (કોઈ પણ ફૉર્મેટની) ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત નથી એવી ભીતિ સાથે કરીઅરમાં આગળ વધી રહ્યા છે. ૫૮ વર્ષીય અતુલ વાસન અને ગંભીર વચ્ચે અગાઉ દિલ્હી ક્રિકેટમાં ઘર્ષણ થઈ ચૂક્યું છે. અતુલ વાસન જ્યારે દિલ્હી ક્રિકેટમાં ચીફ સિલેક્ટર હતો ત્યારે (૨૦૧૭-'૧૮માં) ગંભીરને દિલ્હીની ટીમના કૅપ્ટનપદેથી હટાવવામાં આવ્યો હતો. ગંભીરે ત્યારે વાસનની સિલેક્શન કમિટીની ખૂબ ટીકા કરી હતી. ■

## અતુલ વાસનના ગૌતમ સામેના ગંભીર આક્ષેપો

ભારત વતી ચાર ટેસ્ટ અને નવ વન-ડે રમી ચૂકેલા અતુલ વાસને યુટ્યૂબ પરના એક જાણીતા શૉ દરમ્યાન કહ્યું છે કે 'ગંભીરને હું નાનપણથી ઓળખું છું. તેની સાથે મારી ઘણી ખટપટ થઈ ચૂકી છે. માય વે ઑર હાઇવે (મારી વાત માનો...નહીં તો, રસ્તો પકડો) એવો તેનો અભિગમ હોય છે. દિલ્હી ક્રિકેટમાં પણ તેનું આવું જ વલણ હતું. ટીમ ઇન્ડિયાના કેટલાક ખેલાડીઓ તેના કોચિંગની સ્ટાઇલથી ખુશ નથી. ગંભીરનો અભિગમ વધુ પડતો આક્રમક હોય છે. ગંભીર ખૂબ બુદ્ધિશાળી અને શ્રેષ્ઠ ખેલાડી છે. આત્મવિશ્વાસ અને અતિ આક્રમક અભિગમે જ સફળ ક્રિકેટર બનાવ્યો અને હવે તેનો એ સ્વભાવ વિવાદનું મૂળ બની ગયો છે. તેનો અહંકાર સાવ અલગ સ્તર પર જ હોય છે. તે જો દિવસને રાત કહે તો ખેલાડીઓએ પણ રાત જ કહેવી પડે. જો કોઈ પ્લેયર તેનું



ન માને તો તે તેના હિટ લિસ્ટમાં આવી જાય. એ ખેલાડીને તે નુકસાન પહોંચાડવાની કોશિશ કરે છે. ગંભીર ઝઘડો ન કરે ત્યાં સુધી શ્રેષ્ઠ પર્ફોર્મ નથી કરી શકતો. એટલે જ તો ભૂતકાળમાં વિરાટ કોહલી સાથે તે ઘણી વખત ઘર્ષણમાં ઊતર્યો હતો. આક્રમક સ્વભાવને કારણે ગંભીરે ઘણું ગુમાવ્યું છે અને ખૂબ મેળવ્યું પણ છે.' ■



# વ્યક્તિગત સિદ્ધિ નહીં, ટીમનાં ટાર્ગેટ વધુ મહત્ત્વના: ભુવી

અમદાવાદ: રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ(આરસીબી) ના સ્ટાર ફાસ્ટ બોલર ભુવનેશ્વર કુમારે કહ્યું હતું કે તે તેની કારકિર્દીના એક એવા તબક્કે પહોંચી ગયો છે જ્યાં તેના માટે ટીમની સફળતા વ્યક્તિગત સિદ્ધિઓ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે.

૩૬ વર્ષીય આ ફાસ્ટ બોલર ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની વર્તમાન સીઝનમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. હાલમાં તેની પાસે પર્પલ કેપ છે. તેણે ગુજરાત ટાઇટન્સ સામે આરસીબી તરફથી ૨૮ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. જોકે આરસીબી મેચ હારી ગઈ હતી. મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં ભુવનેશ્વર કુમારે કહ્યું હતું કે ''પર્પલ કેપ હાંસલ કરવી સારી વાત છે, પરંતુ મને લાગે છે કે હું તે તબક્કામાંથી પસાર થઈ ગયો છું જ્યાં હું વ્યક્તિગત રીતે કંઈક પ્રાપ્ત કરવા માંગતો હતો. નિશ્ચિત હું કંઈક પ્રાપ્ત કરવા માગું છું. પરંતુ હવે તે બધું ટીમ સાથે જોડાયેલું છે. હું હવે યુવાન નથી. જ્યારે તમે યુવાન હોવ છો ત્યારે તમે પુરસ્કારો જીતવા માંગો છો અને જો તમે સારું પ્રદર્શન કરો છો તો જ તમને તે મળે છે.

ભુવનેશ્વરે કહ્યું હતું કે, ''પરંતુ જ્યારે તમે ટીમના લક્ષ્યને ધ્યાનમાં રાખીને કામ કરો છો અને પછી વ્યક્તિગત પુરસ્કાર અથવા ઈનામ મેળવો છો ત્યારે તે સારું લાગે છે. પરંતુ સાચું કહું તો હું ફક્ત મારા શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યો છું. ટીમ મેનેજમેન્ટે મને પ્રોત્સાહન આપ્યું છે.''

તેમણે કહ્યું હતું કે, ''જો તમે આ વખતે આઈપીએલ જુઓ, તો કોઈપણ મેદાન પર લક્ષ્યાંકનો પીછો કરવો થોડું સરળ બન્યું છે. અમે ટોસ જીતી શક્યા નહીં. અમને પહેલા બેટિંગ કરવાનું કહેવામાં આવ્યું હતું. અમે બોલ સાથે શ્રેષ્ઠ પ્રયાસ કર્યો. હવે પરિણામ એ આવ્યું છે કે અમે હારી ગયા.''

વધુમાં ભુવનેશ્વરે કહ્યું કે ''અમે રન બચાવીને મેચ જીતી શકતા હતા. અમે વિકેટ લઈને જીતી શક્યા હોત, અને બોલરો શ્રેષ્ઠ વિકેટ લેનારા હતા. તમે દરેક મેચમાં સારું કરી શકતા નથી. અમે અત્યાર સુધી આખી ટૂર્નામેન્ટમાં સારી બેટિંગ કરી છે.'' ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈરાન-અમેરિકા વચ્ચેના કરારની સ્પષ્ટ વિગતોની પ્રતીક્ષા વચ્ચે બજાર અથડાઈ ગયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની આશા અને આશંકા વચ્ચે સત્ર દરમિયાન બજાર ઝોલા ખાતું રહ્યું પરંતુ એકંદરે સ્પષ્ટતાના અભાવ વચ્ચે અનિશ્ચિતતામાં ઘેરાયેલી માનસિકતાને કારણે રોકાણકારો અળગાં રહ્યા હોવાથી સેન્સેક્સ અને નિફ્ટી નેગેટીવ ઝોનમાં સરી પડ્યા હતા. જ્યારે મિડકેપ અને સ્મોલકેપ કાઉન્ટર્સમાં તીવ્ર તેજી જોવા મળી હતી. રોકાણકારો અમેરિકાના પ્રસ્તાવ સામે ઇરાનના પ્રતિસાદની પ્રતીક્ષા કરી રહ્યા હોવાથી બજારની ગતિ મોટેભાગે સુસ્ત રહી હતી. નિફ્ટી તો લગભગ સ્થિર જ રહ્યો હતો.

સત્ર દરમિયાન ૭૮,૩૮૪.૭૦ની ઊંચી અને ૭૭,૭૧૩.૨૧ પોઇન્ટની નીચી સપાટી વચ્ચે અથડાઇને અંતે સેન્સેક્સ ૧૧૪ પોઇન્ટ અથવા તો ૦.૧૫ ટકા ઘટીને ૭૭,૮૪૪ પોઇન્ટ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૪.૩૦ પોઇન્ટ અથવા તો ૦.૦૨ ટકા ઘટીને ૨૪,૩૨૬.૬૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો.

બજારોમાં અસ્થિરતાને માપતા ઇન્ડિયા વીઆઇએક્સ એક ટકાથી વધુ ઘટીને ૧૬.૪૪ પર બંધ થયો હોવા છતાં પણ બજારમાં અસ્થિરતા જોવા મળી હતી.

હિન્દુસ્તાન યુનિલિવર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ટેક મહિન્દ્રા, ટાઇટન અને સન ફાર્માના શેર બે ટકાના ઘટાડા સાથે સૌથી વધુ નુકસાનકર્તા રહ્યા. જ્યારે સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી અને કોટક મહિન્દ્રા બેંક અને ટાટા સ્ટીલના શેરમાં બે ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ ઓઇલનો ભાવ બેરલદીઠ ૨.૨૩ ટકાના ઘટાડા સાથે ૯૯ ડોલરની સપાટીએ પહોંચ્યું હતું.

બજાજ ઓટોએ ચોથા ક્વાર્ટરમાં ૯૩.૮૧ ટકાના ઉછાળા સાથે રૂ. ૩૪૯૨.૨૧ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યા બાદ તેના શેરમાં ચાર ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. પેટીએમએ પાછલા ત્રિમાસિકની રૂ. ૫૪૫ કરોડની ખોટ સામે ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૧૮૩ કરોડનો નફો નોંધાવ્યો છે અને પેટીએમ બ્રાન્ડની માલિક કંપની વન૯૭ કમ્યુનિકેશન્સે એનબીએફસી લાઇસન્સની યોજના હોવાનું નકાર્યું છે.

ઇન્ટિગ્રેટેડ કાજુ પ્રોસેસિંગ અને વિતરણ કંપની પેજસન એગ્રોની આવક નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૩૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૫૬.૯૨ કરોડ નોંધાવી છે. વાર્ષિક ધોરણે ૨૪.૯૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૭.૮૨ કરોડનો એબિટા અને ૨૧.૪૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૪.૭૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપની આંધ્રપ્રદેશમાં આધુનિક ઓટોમેટેડ પ્રોસેસિંગ સુવિધા ચલાવે છે અને મુખ્ય આફ્રિકન ઉત્પાદક દેશોમાંથી કાચો માલ મેળવે છે.

એમઆરએફ લિમિટેડે ચોથા ત્રિમાસિક સમયગાળામાં ૩૮ ટકાના વધારા સાથે રૂ. ૭૦૨.૨૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપની બોર્ડે રૂ. ૨૨૯ પ્રતિ શેરના અંતિમ ડિવિડંડની ભલામણ કરી છે. હોમ ફાઇનાન્સ ક્ષેત્રની અગ્રણી કંપની, આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડે માર્ચ ક્વાર્ટરમાં ૨૭ ટકાના વધારા સાથે રૂ. ૨૪૫ કરોડ સામે રૂ. ૩૧૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સંપૂર્ણ નાણાકીય વર્ષ માટે, કંપનીનો નફો રૂ. ૯૧૨ કરોડથી વધીને રૂ. ૧,૧૦૮ કરોડ થયો છે.

ટેકનોલોજી સંચાલિત વિઝ્યુઅલ ઇફેક્ટ્સ સ્ટુડિયો, ડિજીકોર સ્ટુડિયો લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ઓડિટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામમાં ૯૧.૫ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૭૦.૮૬ કરોડની કુલ આવક અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના રૂ. ૭.૨૦ કરોડના નુકસાન સામે રૂ. ૧૨.૬૪ કરોડનો કરવેરા પછીનો નફો નોંધાવ્યો છે. ઇન્ક્રેડ હોલ્ડિંગ્સ લિમિટેડે રૂ. ૧૨૫૦ કરોડના આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી સુપરત કર્યું છે.



એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૫,૮૩૪.૯૦ કરોડના ઇક્વિટી વેચ્યા છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના બેન્ચમાર્ક કોસ્પી, નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ઊંચા ટ્રેડિંગમાં હતા. યુરોપના બજારો નીચા ટ્રેડિંગમાં હતા. બુધવારે યુએસ બજારો તીવ્ર વધારા સાથે બંધ થયા હતા. બુધવારે, સેન્સેક્સ ૯૪૦.૭૩ પોઈન્ટ અથવા ૧.૨૨ ટકા ઉછળીને ૭૭,૯૫૮.૫૨ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૨૯૮.૧૫ પોઈન્ટ અથવા ૧.૨૪ ટકા વધીને ૨૪,૩૩૦.૯૫ પર બંધ થયો હતો.

દરમિયાન ઈરાન સંઘર્ષથી પ્રભાવિત વ્યવસાયોને ટેકો આપવા માટે સરકારે ક્રેડિટ ગેરંટી યોજનાને મંજૂરી આપ્યા પછી બેંકિંગ શેરોમાં હલચલ જોવા મળી છે. કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે પ્રવાહિતાની તાણનો સામનો કરી રહેલા વ્યવસાયો, ખાસ કરીને નાની કંપનીઓને મદદ કરવા માટે લગભગ ૧૫,૮૦૦ કરોડ રૂપિયાના ઇમરજન્સી ક્રેડિટ ગેરંટી પ્રોગ્રામને મંજૂરી આપી હતી.

કોર્પોરેટ હલચલમાં લાર્સન એન્ડ ટૂબ્રોએ ઓડિશામાં કોલસામાંથી એમોનિયમ નાઇટ્રેટ બનાવવાનો પ્રોજેક્ટ મળ્યો છે, જેમાં દિવસે ૨૦૦૦ ટન એમોનિયા નાઇટ્રેટનું ઉત્પાદન થવાની અપેક્ષા છે. એનએમડીસીએ આયર્ન ઓરના ભાવમાં ટનદીઠ રૂ. ૨૦૦નો વધારો જાહેર કર્યો છે. ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડે માર્ચ ત્રિમાસિક ગાળા માટે ૨.૫ ગણાથી વધુના વધારા સાથે રૂ. ૧,૨૯૦.૪૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. અદાણી પોર્ટના પ્રમોટરે રૂ. ૭૪૮૬ કરોડમાં બે ટકા હિસ્સો વેચ્યો છે. પીએનબીએ ચોથા ક્વાર્ટરમાં ૧૪ ટકાના વધારા સાથે રૂ. ૫૨૨૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અંબુજા સિમેન્ટ્સે વાર્ષિક ધોરણે ૭૮ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૩૦ કરોડનો કોન્સોલિડેટેડ નફો નોંધાવ્યો છે. એથર એનર્જીએ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ૫૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૦.૨૩ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી છે. એક્સાઇડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટરમાં ૧૫ ટકાના વધારો સાથે રૂ. ૨૧૬.૭૩ કરોડનો કરવેરા પછીનો નફો નોંધાવ્યો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૮,૦૪૭.૮૬ કરોડની ઇક્વિટી વેચ્યા બાદ સોમવારે રૂ. ૨૮૫૩.૬૨ કરોડની ઇક્વિટી ખરીદી હતી. મંગળવારે ફરી રૂ. ૩૬૨૧.૫૮ કરોડની વેચવાલી નોંધાવી હતી. મંગળવારે, સેન્સેક્સ ૨૫૧.૬૧ પોઈન્ટ અથવા ૦.૩૩ ટકા ઘટીને ૭૭,૦૧૭.૭૯ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૮૬.૫૦ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકાના વધારા સાથે ૨૪,૦૩૨.૮૦ પર બંધ થયો હતો.

શેરબજારમાં ગુરુવારે સાવચેતીના માનસ વચ્ચે સુધારો જોવા મળ્યો હતો. સત્ર દરમિયાન ખાસ કરીને કેપિટલ ગુડ્સ અને ઓટો શેર્સમાં સારો સુધારો અને લેવાલી જોવા મળી હતી. જ્યારે આઈટી, પીએસયુ અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ શેર્સ વેચવાલીના દબાણ વચ્ચે સૌથી વધુ ઘટ્યા હતા.

એક્સચેન્જના માર્કેટ કેપ રૂ.૨.૧૭ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ બુધવારના ૭૭,૯૫૮.૫૨ના બંધથી ૧૧૪.૦૦ પોઈન્ટ્સ અથવા ૦.૧૫ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૮,૩૩૯.૨૪ ખૂલી નીચામાં ૭૭,૭૧૩.૨૧ સુધી અને ઊંચામાં ૭૮,૩૮૪.૭૦ સુધી જઈ છેવટે ૭૭,૮૪૪.૫૨ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૩૦ સ્ક્રિપ્સમાંથી ૧૧ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૯ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૧.૦૯ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૧.૪૦ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૬ ટકા વધ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૨.૮૦ લાખ કરોડથી રૂ.૨.૧૭ લાખ કરોડ વધીને રૂ.૪૭૪.૯૭ લાખ કરોડ રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો વધુ ૨૭ પૈસા મજબૂત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થવાના આશાવાદ સાથે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની નીચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હોવાથી ફુગાવામાં ઘટાડો થવાની શક્યતા તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૨૭ પૈસા મજબૂત થઈને ૯૪.૨૨ના મથાળે રહ્યો હતો.

જોકે, હાજર બજારમાં ડૉલરમાં આયાતકારોની લેવાલી, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૪૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૪.૭૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૯૦ અને ઉપરમાં ૯૪.૦૮ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૭ પૈસાના સુધારા સાથે ૯૪.૨૨ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૬૯ પૈસાનો ઊછાળો આવ્યો હતો.

હાલના તબક્કે અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ હળવાં થવાનો આશાવાદ સપાટી પર આવવાની સાથે વૈશ્વિક સ્તરે જોખમો હળવા થવાથી ક્રૂડતેલ અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ રહેતું હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા છે. તેમ છતાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી સુધારો મર્યાદિત રાખી શકે છે અને ડૉલર સામે રૂપિયો ૯૩.૮૦થી ૯૪.૪૦ આસપાસની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૬ ટકા ઘટીને ૯૭.૮૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨.૨૩ ટકા ઘટીને બેરલદીઠ ૯૯.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં જોવા મળેલા અનુક્રમે ૧૧૪ પૉઈન્ટના અને ૪.૩૦ પૉઈન્ટના ઘટાડા અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૮૩૪.૯૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ડૉલર અને ક્રૂડતેલની પીછેહઠ સાથે વૈશ્વિક સોના-ચાંદી બે સપ્તાહની ટોચે

## સ્થાનિક ચાંદીમાં ₹ ૫૭૩૧નો ઊછાળો, સોનું ₹ ૨૮૯ વધ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થવાના આશાવાદ સાથે આજે સતત બીજા સત્રમાં ડૉલર ઈન્ડેક્સ તથા ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં એક ટકાનો અને ચાંદીના ભાવમાં ૩.૪ ટકાનો સુધારો આગળ ધપ્યો હતો અને બન્ને કિંમતી ધાતુઓના ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ખાસ કરીને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૭૩૧ની તેજી આગળ ધપી હતી, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૮થી ૨૮૯નો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં સોનામાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૭૩૧ની તેજી સાથે રૂ. ૨,૫૪,૭૯૮ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વિશ્વ બજાર પાછળ સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૮ વધીને રૂ. ૧,૫૦,૫૪૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮૯ વધીને રૂ. ૧,૫૧,૧૪૯ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણલક્ષી છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૪૭૩૫.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે એક તબક્કે ભાવ વધીને ગત ૨૩મી એપ્રિલ પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે જૂન ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકો વધીને ઔંસદીઠ ૪૭૪૫.૯૦ ડૉલર આસપાસ અને ચાંદીના ભાવ ૩.૪ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૭૯.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાલમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડી છે ત્યારે ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડો થાય છે ત્યારે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો થવાને કારણે સોના અને ચાંદી સહિતની કિંમતી અસ્ક્યામતોમાં સુધારાતરફી વલણ જોવા મળતું હોય છે, એમ સિટી ઈન્ડેક્સનાં વિશ્લેષક ફવાદ રફીકઝાદાએ જણાવ્યું હતું

તહેરાન અમેરિકાનાં શાંતિ પ્રસ્તાવો પર વિચાર કરી રહ્યું છે અને ટૂંક સમયમાં યુદ્ધનો અંત આવશે, સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ તક્કાવાર મોકળો થશે અને ઈરાન ન્યૂક્લિયર કાર્યક્રમ બંધ કરશે, એમ ટ્રમ્પે જણાવ્યું હોવાથી આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડો અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેવાની સાથે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. આજે ડૉલર ઈન્ડેક્સ બે મહિનાની નીચી સપાટીએ ક્વૉચ થઈ રહ્યો હતો અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ ઘટી આવતા આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર સુધીમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૧૨ ટકા શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા.

## નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ સિવાયની ધાતુમાં સ્ટોકિસ્ટોની માગને ટેકે આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થઈ જવાના આશાવાદ સાથે આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં જોવા મળેલા અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૦ અને રૂ. પાંચના ઘટાડા અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૩૧ની આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૧ વધીને રૂ. ૫૨૦૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૩૫૫, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને અનુક્રમે રૂ. ૧૨૨૪, રૂ. ૧૨૦૫ અને રૂ. ૮૫૨, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૧૨૮, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૯૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૨૩૨ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૦૪ના મથાળે રહ્યા હતા


જોકે, આજે નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૦ ઘટીને રૂ. ૧૮૬૦ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૩૭૪ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૦૪ અને રૂ. ૩૫૦ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી નરમાઈ


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૫થી ૩૮૬૫માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહી હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સાધારણ ઘટાડા સાથે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૪૦થી ૩૯૯૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૪૨થી ૪૧૪૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૪૦૧૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



## ગુજરાતનાં મથકો પાછળ સિંગતેલ ₹ 30 તૂટ્યું, આયાતી તેલમાં નરમાઈ



મુંબઈઃ ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો અને સ્ટોકિસ્ટોની લેવાલી નિરસ રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. પંચાવનનો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૩૫નો ઘટાડો આવ્યો હતો. તેમ જ અન્ય દેશી તેલના ભાવમાં પણ નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં દેશી તેલના ભાવ ઘટી આવ્યા હતા, જેમાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૩૦નો, સરસવમાં રૂ. ૧૫નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૧ રિંગિટનો અને ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૮૯ સેન્ટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં આયાતી તેલમાં પીછેહઠ રહેતાં સન રિફાઈન્ડ અને સોયા રિફાઈન્ડમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ અને રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

દરમિયાન આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૮૫, જી-વનના આરબીડી પામોલિનના અને સોયા રિફાઈન્ડના જૂન ડિલિવરી શરતે રૂ. ૧૪૫૧, ઈમામીના આરબીડી પામોલિનન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને પતંજલિ ફૂડ્સના જૂન ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર પાંખાં હતા.

આજે ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ મથકે મગફળીની અનુક્રમે ૫૫૦૦ અને ૩૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦ના મથાળે થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે ૧૦ કિલોદીઠ સિંગતેલના વેપાર રૂ. ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૨૫થી ૧૪૩૦માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૪૭૫માં થયા હતા, જ્યારે રાજકોટનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં થયાના અહેવાલ હતા. આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦, સિંગતેલના રૂ. ૧૬૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦ અને સરસવના રૂ. ૧૫૦૦ના મથાળે રહ્યા હતા.

# સિંહની પાછળ કાર દોડાવી હેરાન કરતાં વાઈરલ વીડિયો બાદ તપાસ માટે વન વિભાગ દ્વારા સીટની રચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનું ગીર એ એશિયાટિક સિંહો માટેનું એકમાત્ર નિવાસ સ્થાન છે, ત્યારે હાલ સરકારના પ્રયાસોથી ગીરમાં સિંહોની વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે, આ દરમિયાન સાવજો હવે ગીર જંગલ સિવાય બૃહદ ગીર ગણાતા વિસ્તારમાં પણ ફરે છે. ત્યારે અમરેલી જિલ્લામાં એશિયાટિક સિંહને કાર દ્વારા પીછો કરી હેરાન કરવામાં આવતો હોવાનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો હતો. જેમાં, રેવન્યૂ વિસ્તારમાં કેટલાક લોકો કારમાં સિંહનો કોઈ શ્વાન હોય તે રીતે પીછો કરી રહ્યા હોવાનું નજરે ચડ્યું હતું, જેના કારણે ગભરાયેલો સિંહ જીવ બચાવવા દોડી રહ્યો હતો. એટલું જ નહીં, વીડિયોમાં કારમાં સવાર એક વ્યક્તિ સિંહ તરફ કંઈક ફેંકતો પણ નજરે પડ્યો હતો. વન્યજીવ પ્રેમીઓમાં આ ઘટનાને પગલે ભારે રોષ જોવા મળી રહ્યો છે, જેને પગલે વન વિભાગે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લેતા ધારી ગીર પૂર્વના ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ વિકાસ યાદવે આ મામલે વિગતવાર તપાસનો આદેશ આપ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ગુનામાં સંડોવાયેલા લોકોને પકડવા માટે રામ રતન નાલા દ્વારા એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ બનાવવામાં આવી હતી. આ ટીમમાં એક એસીએફ અને ઉના, ખાંભા મોબાઈલ કોડ, ટાસ્ક જૂનાગઢ અને ગીર ગઢડા ડિવિઝનના ત્રણ રેન્જ ફોરેસ્ટ ઓફિસર્સનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વન વિભાગના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સિંહને પરેશાન કરવો એ ગંભીર ગુનો છે.

ડીસીએફ વિકાસ યાદવે જણાવ્યું હતું કે, ‘‘એશિયાટિક સિંહ સૌરાષ્ટ્ર અને રાષ્ટ્રનું ગૌરવ છે. સિંહ શેડ્યૂલ-૧ માં આવતું સંરક્ષિત પ્રાણી હોવાથી તેને હેરાન કરવા બદલ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.’’ તેમણે વધુમાં ઉમેર્યું કે, વીડિયો અપલોડ કરનાર અને વાઇરલ કરનાર શખ્સો સુધી પહોંચવા માટે સાયબર સેલની મદદ લેવામાં આવશે. હાલમાં તપાસ ટીમ વીડિયોમાં દેખાતા વ્યક્તિઓની ઓળખ કરવા અને આ ઘટના કયા ચોક્કસ સ્થળે બની હતી તેની વિગતો મેળવી રહી છે. ■



**નિરાકરણઃ** છેલ્લા ઘણા સમયથી પગાર વધારો, કાયમી નિમણૂક અને નવો મોબાઈલની માંગ સાથે આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનો વિરોધ કરી રહી છે. ત્યારે રાજકોટ જિલ્લા પંચાયત ખાતે આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોના પ્રશ્નોના નિરાકરણ માટે ગ્રીવન્સ સમિતિ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંગણવાડી કાર્યકરોના સંગઠન દ્વારા જુદી જુદી રજૂઆત બાબતે હકારાત્મક નિરાકરણ અંગે સૂચનાઓ આપવામાં આવી હતી. (માહિતી ખાતું)

# કૃત્રિમ પ્રકાશ પક્ષીઓ માટે જોખમીઃ સુરક્ષિત ઉડાન માટે રાત્રે બિનજરૂરી લાઈટો બંધ રાખવા પર્યાવરણવિદોની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વસંત ઋતુના આગમન સાથે જ પ્રકૃતિમાં એક અદ્ભુત ઘટના આકાર લઈ રહી છે. ઉત્તર ગોળાર્ધ તરફ લાખોની સંખ્યામાં પક્ષીઓએ સ્થળાંતરની શરૂઆત કરી દીધી છે. વૈજ્ઞાનિકો અને પર્યાવરણવિદોના મતે, આ પક્ષીઓ મુખ્યત્વે રાત્રિના સમયે ઉડાન ભરે છે, જેના કારણે આકાશમાં લાખોની સંખ્યામાં વિહંગોનું મહાભિનિષ્ક્રમણ જોવા મળે છે. પક્ષીઓના આ સુરક્ષિત પ્રવાસ માટે માનવજાતને રાત્રિના સમયે બિનજરૂરી પ્રકાશ ઘટાડવા માટે અપીલ કરવામાં આવી છે.

આ અંગે કચ્છના જાણીતા પક્ષીવિદ નવીનભાઈ બાપટના જણાવ્યા અનુસાર, પક્ષીઓ રાત્રિના સમયે સ્થળાંતર કરવાનું વધુ પસંદ કરે છે કારણ કે રાતની હવા ઠંડી અને સ્થિર હોય છે, જે તેમને લાંબા અંતર સુધી ઉડવા માટે જરૂરી ઊર્જા બચાવવામાં મદદ કરે છે. આ ઉપરાંત, રાત્રિના અંધકારમાં શિકારી પક્ષીઓનો ભય પણ નહિવત્ રહે છે. પક્ષીઓ દિશા નક્કી કરવા માટે તારા અને પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રનો ઉપયોગ કરે છે.જોકે, આધુનિક યુગમાં શહેરોનો ઝળહળાટ પક્ષીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. ગગનચુંબી ઇમારતો અને શહેરોની તેજ લાઈટો પક્ષીઓની દિશાભ્રમ કરે છે. પ્રકાશથી અંજાઈ જઈને પક્ષીઓ ઇમારતો સાથે અથડાય છે અથવા ભટકી જઈને થાકને કારણે મૃત્યુ પામે છે. આ સમસ્યાના ઉકેલ માટે વિશ્વભરમાં ‘લાઈટ્સ આઉટ’ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેમાં પક્ષીઓના સ્થળાંતરની રાત્રિઓ દરમિયાન લાઈટો બંધ રાખવાની અપીલ કરાય છે.

નવીનભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, સ્થળાંતર પર નજર રાખતી ટેકનોલોજી વૈજ્ઞાનિકો હવે રડાર ટેકનોલોજીનો ઉપયોગ કરીને ‘બર્ડકાસ્ટ’ જેવા પ્લેટફોર્મ દ્વારા પક્ષીઓના સ્થળાંતરની સચોટ આગાહી કરે છે.

આ ડેટા દ્વારા જાણી શકાય છે કે કઈ રાત્રે આકાશમાં પક્ષીઓની ગીચતા સૌથી વધુ હશે. પર્યાવરણ પ્રેમીઓ આ માહિતીનો ઉપયોગ કરીને લોકોને જાગૃત કરી રહ્યા છે જેથી પક્ષીઓના કુદરતી માર્ગમાં માનવીય દખલ ઓછી થાય.

જો આપણે આપણી બારીઓના પડદા ઢાંકીએ અને બહારની લાઈટો બંધ રાખીએ, તો આ લાખો નિર્દોષ જીવો સુરક્ષિત રીતે તેમના સ્થાને પહોંચી શકે છે તેમ તેમણે ઉમેર્યું હતું. ■

# અમરેલીમાં સામાન્ય બાબતે બે જૂથ સામસામે, ઈજાગ્રસ્તોને હૉસ્પિટલ ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના અમરેલીમાં નાના માચીયાળા ગામે સામાન્ય એવી વાતમાં થયેલી બોલાચાલી હિંસામાં પરિણમી હતી. અહીં રસ્તામાં પાણીનું ટેન્કર આડુ રાખવાની વાતે માથાકૂટ થઈ હતી. આ વાતે હિંસાત્મક રૂપ ધારણ કરી લીધું હતું. આ મામલે ૭થી ૮ લોકોને ઈજા પહોંચતા તેમને હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. નાના માચીયાળા ગામમાં સુજલામ સુફલામ યોજના હેઠળ કામગીરી ચાલી રહી છે. રસ્તામાં પાણીનું ટેન્કર આડુ રાખવા મામલે બે પક્ષ બાઝી પડ્યા હતા. ઝઘડો ઉગ્ર બનતા બન્ને જૂથના લોકો લાકડી અને અન્ય હથિયાર સાથે એકબીજા પર તૂટી પડ્યા હતા. સૂત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર આ હિંસક અથડામણમાં અમરેલી તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ વનરાજભાઈ કોઠીવાલ પણ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. તેમના સહિત અન્ય ૮ ઈજાગ્રસ્તને હૉસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે બન્ને પક્ષની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# રાજકોટમાં ગેસ કંપનીની લાઇન સાથે ચેડાં કરી લાખોની ગેસ ચોરી કરનારા ત્રણ શખ્સો સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં ગુજરાત ગેસ લિમિટેડની મુખ્ય પાઈપલાઈનમાંથી ગેરકાયદે કનેક્શન મેળવીને લાખો રૂપિયાની ગૅસ ચોરી કરવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. વેરાવળના વેદાંતિ ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી ‘ઇન્ટરનલ ફૂડ પ્રોડક્ટ’ નામની ફેક્ટરીમાં કંપનીના ટેકનિકલ વિભાગ દ્વારા હાથ ધરાયેલા સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન આ ચોરી પકડાઈ હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે ફેક્ટરીના સંચાલકોએ ગૅસ કંપનીની મુખ્ય લાઇન સાથે ચેડાં કરી ગેરકાયદેસર કનેક્શન મેળવ્યું હતું, જેના દ્વારા મીટરમાં નોંધાયા વગર ગૅસનો વપરાશ કરવામાં આવતો હતો. પ્રાથમિક અંદાજ મુજબ, છેલ્લા એક વર્ષમાં અંદાજે ૬૪,૩૪૩ યુનિટ ગેસની ચોરી કરવામાં આવી હતી, જેનાથી કંપનીને આશરે રૂ. ૪૪.૫૨ લાખનું આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ છે.

આ મામલે ગુજરાત ગેસના એન્જિનિયરની ફરિયાદના આધારે શાપર-વેરાવળ પોલીસે ફેક્ટરીના ઓપરેટરો દીપેન ઠુમ્મર, પરેશ ઠુમ્મર અને કાજલ મેઘનાણી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ પેટ્રોલિયમ અને મિનરલ્સ પાઇપલાઇન એક્ટની કલમ ૧૫(૧) હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ગેસ લાઈનમાં પંચર કરીને કરવામાં આવતી આ પ્રકારે ગેસ ચોરી માત્ર આર્થિક નુકસાન જ નહીં, પરંતુ મોટા અકસ્માતને પણ નિમંત્રણ આપી શકે છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે. ■




**માલ જપ્ત :** ભાવનગર એલસીબી પોલીસે દારૂ બિયરના જથ્થા સહિત રૂ.૧૨.૧૭ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો.(વિપુલ હિરાણી)

# દેવભૂમિ દ્વારકામાં યાત્રિકો પર અજાણ્યા શખ્સોનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં દરિયાકિનારે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ દેવભૂમિ દ્વારકા અને આસપાસના વિસ્તારોમાં રોજ હજારો યાત્રિકો દર્શનાર્થે આવે છે ત્યારે અહીં નારેશ્વર ખાતે દર્શન માટે આવેલા યાત્રિકો પર અજાણ્યા શખ્સોએ હિંસક હુમલો કર્યો હતો. અજાણ્યા શખસોએ ઘાતક હથિયારો વડે મહિલાઓ સહિત પાંચ થી છ યાત્રિકોને લોહીલુહાણ કર્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. પ્રાથમિક માહિતી અનુસાર યુવતીની છેડતી બાદ આ ઘટના ઘટી હતી.

આ અંગે સૂત્રોએ આપેલી માહિતી અનુસાર છ-સાચ જણનું એક ગ્રૂપ દર્શન કરવા આવ્યું હતું ત્યારે તેમના ગ્રૂપની એક યુવતીની છેડતી કરવામાં આવી હતી. આ છેડતીનો વિરોધ આ ગ્રૂપે કર્યો હતો. થોડીવાર બાદ અમુક શખ્સો પાઈપ અને લાકડી સાથે આવી ચડ્યા હતા અને આ ગ્રૂપ પર હુમલો કરતા તેમને લોહીગુહાણ કરી દીધા હતા.

તેમને હૉસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યારે પોલીસનો મોટો કાફલો નારેશ્વર ખાતે તહેનાત કરી દેવામાં આવ્યો હતો. હુમલાખોરોને ઝડપી લેવા પોલીસની જુદી જુદી ટીમ રવાના થી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સુમરાસર પોક્સો કેસઃ પાંચ વર્ષની સજા મેળવનાર શખસને હાઈ કોર્ટે જામીન પર મુક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાલુકાના સુમરાસર ગામે ૧૧ વર્ષની બાળાની છેડતી અને એટ્રોસીટીના જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા ગુનામાં પાંચ વર્ષની સખ્ત કેદની સજા મેળવનાર શખ્સને ગુજરાત હાઈ કોર્ટે મોટી રાહત આપી છે. નામદાર હાઈ કોર્ટે આરોપીની અપીલ વિચારણા હેઠળ રાખી, તેનો આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી સજા મોકૂફ રાખી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

ઘટનાની વિગતો મુજબ, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સુમરાસર ગામે ઘર પાસે સાયકલ રમતી સગીરાને સાયકલની ઘંટડી વગાડવા બાબતે આરોપી અઝીઝ સુલેમાન શેખે ગાળો ભાંડીને શારીરિક અડપલાં કર્યા હતા. બાળાની માતા વચ્ચે પડતા આરોપીએ ઉશ્કેરાઈને કપડાં ફાડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે માધાપર પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા, પોક્સો અને એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમાં ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ભુજની સ્પેશિયલ પોક્સો કોર્ટે અઝીઝ શેખને તકસીરવાન ઠેરવી પોક્સો એક્ટની કલમ ૮ હેઠળ ૫ વર્ષની સખ્ત કેદ અને દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત એટ્રોસીટી એક્ટની વિવિધ કલમો હેઠળ પણ સજા ફટકારવામાં આવી હતી. નીચલી અદાલતના આ ચુકાદાને આરોપીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અરજદારના વકીલ કવન પટેલે દલીલ કરી હતી કે, બનાવ ભીડભાડ વાળા વિસ્તારમાં બન્યો હોવા છતાં કોઈ સ્વતંત્ર સાક્ષી તપાસાયા નથી. વધુમાં, પીડિત બાળા અને ફરિયાદી માતાની જુબાનીમાં મોટો વિરોધાભાસ છે. તબીબી અભિપ્રાય મુજબ બાળાને થયેલી ઈજા સાઇકલ પરથી પડી જવાથી થઈ હોવાની શક્યતા દર્શાવવામાં આવી હતી.

હાઈ કોર્ટના જસ્ટિસ એસ.વી. પિન્ટોએ કેસના ગુણદોષમાં ઉતર્યા વગર, અપીલનો ફેસલો ન આવે ત્યાં સુધી સજા મોકૂફ રાખી ૨૫ હજારના બોન્ડ પર આરોપીને જામીનમુક્ત કરવા આદેશ કર્યો હતો. આ કેસમાં ભુજના એડવોકેટ સૂચિન ઠક્કર પણ સહયોગી રહ્યા હતા. ■

# વંથલીમાં જંગલી ભૂંડનો આધેડ પર હુમલો, આણંદપુરમાં બાળક પર દીપડાનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લામાં પ્રાણીઓ દ્વારા હુમલાના બે કિસ્સા બન્યા હતા. અહીંના વંથલી પંથકમાં સુખપર વિસ્તારમાં જંગલી ભૂંડનો આંતક છે. અહીં નદી કિનારે પશુ ચરાવી રહેલા આધેડ કાનભાઈ બચ્ચુભાઈ બારૈયા પર ભૂંડે હુમલો કરતા તેમને ઈજા થઈ હતી. આ હુમલા બાદ તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાથી ગામમાં ફફડાટ વ્યાપ્યો છે.

તો બીજી બાજુ જિલ્લાના આણંદપુર ગામની સીમમાં ખેત મજૂરી કરતા એક પરિવારના ચાર વર્ષના માસૂમ બાળક પર મોડી રાત્રે દીપડાએ જીવલેણ હુમલો કર્યો હતો. બાળક માતા સાથે ઘરની બહાર સૂતો હતો. દીપડાએ તેને પકડી લીધો હતો અને ભાગ્યો હતો. ઇજાગ્રસ્ત બાળકને તાત્કાલિક જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. અહીંના શ્રમિક પરિવારે જણાવ્યું હતું કે મોડી રાત્રે ઘરમાં કીડીઓ નીકળતા તેઓ બહાર સૂતા હતા. અચાનક દીપડાએ આવી બાળકને પકડી લીધો હતો. માતાએ બૂમ પાડતા પિતા જાગી ઉઠ્યા અને દીપડાને ભગાડતા દીપડાએ બાળકને થોડે આગળ છોડી દઈ દોટ મૂકી હતી. જોકે ૪ વર્ષનું બાળક ઈજાગ્રસ્ત થયું હતું અને તેને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું. ■

# કચ્છમાં અસહ્ય તાપ અને ઉકળાટનું જોર યથાવત્ : ત્રણ દિવસ માટે ‘યલો અલર્ટ’ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રણપ્રદેશ કચ્છ જિલ્લામાં મહત્તમ તાપમાનમાં થઈ રહેલા સામાન્ય ઉતાર-ચઢાવ વચ્ચે ગરમી અને અસહ્ય ઉકળાટનો પ્રભાવ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે જિલ્લામાં આજે ધૂપછાંવ જેવો મિશ્ર માહોલ જોવા મળ્યો હતો. જોકે, આગામી ૮થી ૧૦ મે દરમિયાન ગરમીનું પ્રમાણ હજુ વધવાની શકયતાને પગલે તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે ત્રણ દિવસ માટે ‘યલો અલર્ટ’ જારી કરવામાં આવ્યું છે.

કચ્છના પૂર્વીય પંથક એવા અંજાર અને ગાંધીધામમાં સતત બીજા દિવસે પણ પારો ૪૧.૨ ડિગ્રી પર સ્થિર રહ્યો હતો. મધ્યાહ્ન સમયે આકરા તાપને પગલે જનજીવન પ્રભાવિત થયું હતું. જ્યારે જિલ્લા મથક ભુજમાં તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો હતો અને પારો ૩૯.૮ ડિગ્રીએ પહોંચ્યો હતો. બપોરે લૂ અને રાત્રિના સમયે પવનની ગતિ ઓછી રહેતા લોકોએ ભારે બફારાનો અનુભવ કર્યો હતો. કંડલા પોર્ટમાં ૩૭ ડિગ્રી અને નલિયામાં ૩૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જિલ્લામાં લઘુતમ તાપમાનનો પારો ૨૪થી ૨૬ ડિગ્રીની વચ્ચે રહ્યો છે. પવનની ગતિ અગાઉના દિવસોની સરખામણીએ ઘટીને ૮થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાક રહેતા ગરમીની તીવ્રતા વધુ વર્તાઈ રહી છે.

હવામાન નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાની સાથે તાપમાન પણ ઊંચકાશે, જેના કારણે ઉકળાટ અને ગરમી હજુ વધશે. આ સ્થિતિને ધ્યાને રાખીને નાગરિકોને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેવા સલાહ આપવામાં આવી છે. ■

# રાપરના ફતેહગઢમાં મા-દીકરીની છેડતી કરનાર ચાર સગા ભાઈઓને કેદની સજાઃ ભચાઉ પોક્સો કોર્ટનો સીમાચિહ્નરૂપ ચુકાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સીમાવર્તી રાપર તાલુકાના ફતેહગઢ ગામે સાડા ત્રણ વર્ષ પૂર્વે આડા સંબંધોના વિવાદમાં મા-દીકરી સાથે ગેરવર્તન કરી, સગીરાની છેડતી કરવાના ચકચારી કેસમાં ભચાઉની નામદાર સ્પેશિયલ પોક્સો કોર્ટે ચાર સગા ભાઈઓને તકસીરવાન ઠેરવી ૧થી ૩ વર્ષ સુધીની કેદની સજા ફટકારી છે. કોર્ટે ભોગ બનનાર સગીરાની જુબાનીને મુખ્ય આધાર ગણી ન્યાય તોળ્યો છે.

કેસની વિગતો મુજબ, ૨૬ નવેમ્બર ૨૦૨૨ના રોજ રાત્રિના સમયે હરેશ સામા કોલી અને તેનો ભાઈ દલો ફરિયાદીના ઘરે ધસી આવ્યા હતા. હરેશને ફરિયાદીના પુત્રની પત્ની સાથે આડા સંબંધો હતા. પુત્ર તેની પત્ની સાથે ફોન પર વાત કરતો હોવાનું મનદુઃખ રાખી આરોપીઓએ ગાળાગાળી કરી હતી. આ સમયે અન્ય બે ભાઈઓ અરવિંદ અને ભરત પણ ત્યાં પહોંચી ગયા હતા. ઉશ્કેરાયેલા હરેશ કોલીએ ફરિયાદીની ૧૬ વર્ષની સગીર દીકરીની છેડતી કરી, તેને ધક્કો મારી નીચે પાડી દીધી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બનાવ બાદ સામાજિક સ્તરે સમાધાનના પ્રયાસો હાથ ધરાયા હતા, પરંતુ તેમાં નિષ્ફળતા મળતા ઘટનાના ૧૩મા દિવસે રાપર પોલીસ મથકે પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસ તપાસ બાદ કેસ અદાલતમાં ચાલવા પર આવ્યો હતો. સુનાવણી દરમિયાન ફરિયાદીના પુત્રો પોતાની જુબાનીમાંથી ફરી ગયા હોવા છતાં, મા-દીકરી પોતાની જુબાની પર અડગ રહ્યા હતા.

ભચાઉના સ્પેશિયલ પોક્સો જજ અંદલીપ તિવારીએ પુરાવા અને સરકારી વકીલોની દલીલો ગ્રાહ્ય રાખી ચારેય ભાઈઓને સજા ફટકારી હતીઃ

હરેશ સામા કોલીને પોક્સો એક્ટની કલમ ૮ હેઠળ ૩ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૫૦૦૦ દંડ. ઉપરાંત અન્ય કલમો હેઠળ ૧ વર્ષ સુધીની કેદની સજા જ્યારે

દલો, અરવિંદ અને ભરતને વિવિધ કલમો હેઠળ ૧-૧ વર્ષની કેદ અને દંડની સજા ફટકારવામાં આવી છે.

સરકાર પક્ષે એડવોકેટ ધર્મેન્દ્રસિંહ જાડેજા અને મહેન્દ્રસિંહ જાડેજાએ દલીલો કરી હતી, જ્યારે તપાસ તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર વી.કે. ગઢવી દ્વારા કરવામાં આવી હતી. ■

# કચ્છના દરિયાકાંઠે ડ્રગ્સની ભરતી યથાવત્ઃ બીએસએફ દ્વારા કુંડી બેટ પરથી ચરસના ૧૦ બિનવારસુ પેકેટ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સરહદી દરિયાઈ વિસ્તારમાં નશીલા પદાર્થોનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવવાનો સિલસિલો જારી રહેવા પામ્યો હોય તેમ નારાયણ સરોવર નજીક આવેલા દુર્ગમ કુંડી બેટ પરથી સીમા સુરક્ષા દળના જવાનોને સામેપારથી તણાઈ આવેલા ચરસના ૧૦ જેટલા પેકેટ મળી આવ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, બીએસએફની ટુકડી જ્યારે દરિયાઈ સીમા પર નિયમિત પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેમને કુંડી બેટ વિસ્તારમાં શંકાસ્પદ પેકેટો જોવા મળ્યા હતા. તપાસ દરમિયાન આ પેકેટો અફઘાની ચરસના હોવાનું ખૂલ્યું હતું. બીએસએફ દ્વારા તમામ ૧૦ પેકેટો કબજે કરી કાયદેસરની કાર્યવાહી માટે નારાયણ સરોવર પોલીસ મથકે સોંપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી કચ્છની સાથે સૌરાષ્ટ્રના દ્વારકા અને ઓખાના દરિયાકાંઠે પણ આ પ્રકારે ચરસના છૂટાછવાયા પેકેટો મળી રહ્યા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. દરિયામાં ફેંકી દેવાયેલો નશીલા પદાર્થોનો આ જથ્થો મોજાંના વેગ સાથે કિનારે તણાઈ રહ્યો હોવાનું અનુમાન છે. હાલ કચ્છ-સૌરાષ્ટ્રની દરિયાઈ પટ્ટી પર સુરક્ષા એજન્સીઓએ પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન વધુ તેજ બનાવી દીધું છે. ■

# માંડવીમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયોઃ એલસીબીની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સ્થાનિક ગુનાશોધક શાખાએ બંદરીય માંડવી શહેરમાં આઈપીએલ ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા એક યુવાનને બાતમીના આધારે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એલસીબીની ટીમ માંડવી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે ગૌરી હૉસ્પિટલ પાસે રહેતો મલકેશ કમલેશભાઈ વાઘેલા પોતાના મોબાઈલ ફોન પર આઈપીએલની દિલ્હી અને ચેન્નઈ વચ્ચેની લાઈવ મેચ પર ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનો જુગાર રમી રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી તપાસ કરતા મલકેશના મોબાઈલમાં ક્રિકેટ સટ્ટા બેટિંગની આઈડી ચાલુ હાલતમાં મળી આવી હતી. તપાસ દરમિયાન આઈડીમાં રૂ. ૧,૫૦૦નો સોદો લાગેલો હતો અને આઈડી વોલેટમાં રૂ.૧૦,૫૧૪નું બેલેન્સ હોવાનું જાણવા મળ્યું હતું.

એલસીબીએ સ્થળ પરથી રૂ. ૬,૫૦૦ની રોકડ, રૂ. ૨૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન તેમજ આઈડીમાં રહેલી રૂ. ૧૦,૫૧૪ના બેલેન્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપી વિરુદ્ધ માંડવી પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. ■